
Saturday, 21 November 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥



જ્યારે જનતા એક થઈ જાય છે ત્યારે તેની સામે કુરથી કુર શાસન પણ ટકી નથી શકતું, એટલે જાત-પંથ કે ઉચ-નીચના ભેદભાવને ભુલાવીને બધા એક થઈ જાવ.
- સરદાર વલ્લભભાઈ પટેલ

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૩૨૬ ● સંવત-૨૦૮૩ કારતક સુદ બારસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

દીવ મુલાકાતના ત્રીજા દિવસે સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલે પાણીકોઠાનું બારીકાઈથી કરેલું નિરીક્ષણ









(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૨૦

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે આજે પોતાની દીવ મુલાકાતના ત્રીજા દિવસે કાર્યાન્વિત વિવિધ પ્રોજેક્ટોના અમલીકરણની સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે ફરી એકવાર તમામ વિકાસના કામો સંપૂર્ણ ગુણવત્તા સાથે નિયત સમયની અવધિમાં પૂર્ણ કરવા પણ સ્પષ્ટ નિર્દેશ આપ્યો હતો. આ ક્રમમાં, પ્રશાસકશ્રી પ્રફુલભાઈ પટેલે પાણી કોઠાનું ખુબ જ બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી સૂચનો પણ પ્રગટ કર્યા હતા. દરમિયાન પ્રશાસકશ્રીએ પ્રોજક્ટ્સના અમલીકરણમાં કોઈ બેદરકારી ન આચરવામાં આવે તે અંગે ભારપૂર્વક નિર્દેશ આપ્યો હતો.

દીવ પ્રવાસ દરમિયાન પ્રદેશ ભાજપ પ્રમુખ મહેશભાઈ આગરિયાએ ક્રિકેટ કોચિંગ કેમ્પની લીધેલી મુલાકાતઃ બાળકો સાથે કર્યો આત્મીય સંવાદ



પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેશભાઈ આગરિયા પોતે બીસીસીઆઈના માન્યતા પ્રાપ્ત કોચ તરીકે સેવા આપી ચૂક્યા હોવાથી ક્રિકેટ કોચિંગ કેમ્પના કોચ સાથે ક્રિકેટની તાલીમ લઈ રહેલા બાળકોની ક્રિકેટ ક્ષેત્રે પ્રતિભા કેવી રીતે વધુ સારી રીતે ઉભરે તેનું આપેલું અનુભવી જ્ઞાન

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૨૦

ભારતીય જનતા પાર્ટી દાનહ અને દમણ-દીવ પ્રદેશ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયા પોતાના દીવ જિલ્લા પ્રવાસ દરમિયાન દીવના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે પહોંચ્યા હતા, જ્યાં બાળકો માટે ચાલી રહેલા ક્રિકેટ કોચિંગ કેમ્પની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન તેમણે ક્રિકેટની તાલીમ લઈ રહેલા નાના બાળકો સાથે આત્મીય સંવાદ કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. સાથે જ ક્રિકેટ કોચિંગ કેમ્પના કોચશ્રી સાથે ક્રિકેટની તાલીમ, બાળકોની રમતગમતમાં પ્રગતિ અને ક્રિકેટ ક્ષેત્રે તેમની પ્રતિભાને વધુ નિખારવા અંગે ચર્ચા-વિચારણા કરી હતી.

ઉલ્લેખનીય છે કે, પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયા પોતે પણ શરૂઆતથી જ ક્રિકેટ સાથે જોડાયેલા રહ્યા છે અને તેઓ BCCI માન્યતા પ્રાપ્ત ક્રિકેટ કોચ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. ક્રિકેટ પ્રત્યેના તેમના વિશેષ લગાવ અને અનુભવને કારણે આ મુલાકાત દરમિયાન તેમણે બાળકોને રમતગમતમાં આગળ વધવા તથા શિસ્ત, મહેનત અને સમર્પણ સાથે પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

MSME-RAMP પરફોર્મન્સ કાર્યક્રમ હેઠળ

દાનહ ઉદ્યોગ વિભાગ દ્વારા ત્રીજા 'વિક્રેતા વિકાસ કાર્યક્રમ' (વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ)નું કરાયેલું આયોજન



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૦

દાનહ અને દમણ-દીવના ઉદ્યોગ વિભાગ દ્વારા સેલવાસના કલા કેન્દ્ર ખાતે MSME RAMP પરફોર્મન્સ કાર્યક્રમ હેઠળ ત્રીજા 'વિક્રેતા વિકાસ કાર્યક્રમ (વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ-વીડીપી) નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં બે મુખ્ય એન્કર ઉદ્યોગો - હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (HUL) અને નીલકમલ લિમિટેડની સાથે સાથે આ વિસ્તારની ૫૦થી વધુ MSMEs અને ગુજરાત અને મહારાષ્ટ્રની ૧૫થી વધુ MSMEs નો સમાવેશ થયો હતો.

MSME પ્રતિનિધિઓ અને બંને એન્કર ઉદ્યોગોની ખરીદ (પ્રોક્યોરમેંટ) ટીમો વચ્ચે ૬૦ થી વધુ બીટુબી (B2B) બેઠકો યોજાઈ હતી. આ બેઠકોના માધ્યમથી વિક્રેતા(વેન્ડર) નોંધણીની શોધખોળ કરવા, ખરીદીને સંબંધિત જરૂરિયાતોને સમજવા અને સંભવિત વ્યવસાયિક સંબંધો સ્થાપિત કરવાની તકો પૂરી પાડવામાં આવી હતી.

DNH DIC અને MSME સ્થાનિક વિક્રેતા વિકાસ પહેલને સમર્થન આપવા માટે આજના VDP 3.0 કાર્યક્રમમાં ઉદ્યોગ ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ અને ત્રણ ઉદ્યોગ સંગઠનોના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય MSME અને ઉદ્યોગો વચ્ચે ભાગીદારીને મજબૂત બનાવવાનો અને સ્થાનિક MSMEs ને મોટા ઉદ્યોગોની સપ્લાય ચેઈન(આપૂર્તિ શૃંખલા)માં સામેલ કરવાનો હતો.

દીવ જિલ્લા ભાજપ સંગઠનને વધુ ગતિશીલ બનાવવા તેજ કરાયા પ્રયાસો : પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેશભાઈ આગરિયાએ સંગઠનાત્મક કાર્યોની કરેલી સમીક્ષા

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૨૦

દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયા આજે દીવની મુલાકાત લઈ જિલ્લાના સંગઠન માળખાને વધુ વેગવાન બનાવવા પ્રયાસ શરૂ કર્યા હતા.

આ કડીમાં પ્રદેશ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાની વિશેષ ઉપસ્થિતિમાં તથા દીવ જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી મોહનભાઈ લકમનના અધ્યક્ષસ્થાને દીવ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા ભાજપની કામકાજી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક દરમિયાન પ્રદેશ





અધ્યક્ષશ્રીએ દીવ જિલ્લા ભાજપ દ્વારા કરવામાં આવી રહેલા સંગઠનાત્મક અને રાજકીય કાર્યોની સમીક્ષા કરી હતી. સાથે જ આગામી સમયમાં યોજાનારા પક્ષના કાર્યક્રમો અંગે માહિતી આપી ઉપસ્થિત હોદ્દેદારો અને કાર્યકરોને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. આ બેઠકમાં અન્ય ઉપસ્થિત મહાનુભાવોમાં ભાજપના પ્રદેશ મંત્રી શ્રી ક્રીડનભાઈ શાહ, દીવ જિલ્લા પંચાયતનાં અધ્યક્ષ શ્રીમતી રંજીતાબેન કોટીયા, દીવ નગરપાલિકાના અધ્યક્ષ શ્રી હરેશભાઈ પાંચા, ભાજપના વરિષ્ઠ આગેવાનો તેમજ જિલ્લા ભાજપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

દાનહ જિલ્લા પંચાયતમાં 'વિશ્વ શૌચાલય દિવસ' નિમિતે કાર્યક્રમનું આયોજન

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૦

દાનહ જિલ્લા પંચાયતમાં વિશ્વ શૌચાલય દિવસ નિમિતે જિલ્લા સ્તરીય કાર્યક્રમનો શુભારંભ કરવામા આવ્યો હતો.

વિશ્વ શૌચાલય દિવસ દર વર્ષે સુરક્ષિત સ્વચ્છતા, શૌચાલયની ઉપલબ્ધતા અને સ્વચ્છતા પ્રત્યે જાગરૂકતા વધારવાના ઉદ્દેશ્ય સાથે મનાવવામા આવે છે. વર્ષ ૨૦૨૬ની વૈશ્વિક થીમ સેફ ટોઇલેટ્સ, ઈક્વલ ફ્યુચર (સુરક્ષિત શૌચાલય સમાન ભવિષ્ય)છે.

જે સંદર્ભે જિલ્લા પંચાયત પ્રમુખની અધ્યક્ષતામાં વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ચૂંટાયેલ જનપ્રતિનિધિ, ગ્રામ જળ અને સ્વચ્છતા સમિતિના સભ્યો, સ્વયં સહાયતા સમૂહના સભ્યો અને સબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અભિયાન ૧૯ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર સુધી સંચાલિત થશે.



મિશન યુપી ૨૦૨૭ માટે અમિત શાહ મેદાનમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)
લખનૌ/નવી દિલ્હી, તા. ૨૦

ઉત્તર પ્રદેશમાં વર્ષ ૨૦૨૭ની શરૂઆતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પૂર્વે રાજકીય હલચલ તેજ બની છે. રાજ્યમાં સતત બે ટર્મ બાદ ફરી સત્તા મેળવી હેટ્રિક નોંધાવવા માટે ભાજપે જમીની સ્તરે કવાયત શરૂ કરી છે. મથુરામાં યોજાયેલી મહત્વપૂર્ણ ચિંતન બેઠક બાદ મિશન યુપી ૨૦૨૭ની કમાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સંભાળી હોવાનું જાણવા મળ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ચૂંટણી પ્રચારને વેગ આપવા અને જમીની સ્થિતિનો તાગ મેળવવા અમિત શાહ દર મહિને ઓછામાં ઓછા સાત દિવસ ઉત્તર પ્રદેશમાં વિતાવશે.

અમિત શાહના આ પ્રવાસો દરમિયાન બૂથ સ્તરના સંચાલન, સંગઠન અને સરકાર વચ્ચે સંકલન તેમજ પ્રાદેશિક સમીકરણો સાધવા પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. તેમની સાથે પાર્ટીના અન્ય વરિષ્ઠ નેતાઓને પણ રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં જવાબદારી સોંપવાની તૈયારી ચાલી રહી છે, જેથી ચૂંટણી અગાઉ વિપક્ષની રણનીતિનો મજબૂત જવાબ આપી શકાય.

મહિલા મતદારોને આકર્ષવા માટે ભાજપે માઈક્રો-લેવલ આયોજન કર્યું છે, જે હેઠળ રાજ્યની તમામ ૪૦૩ વિધાનસભા બેઠકો પર મહિલા કાર્યકરોને તૈનાત કરાશે.



સુવિચાર - સદ્‌વિચાર

દરેક માણસની અંદર શક્તિ છે, એને ઓળખવાની જરૂર છે, પોતાના પર વિશ્વાસ રાખો.

કવિતા

દુશ્મન નથી

આ સ્થિતિ કાયમ રહી તો જીવવાનું મન નથી,
માનવી જાણે કે કુદરતનું હવે સર્જન નથી!

આમ તો છે કલ્પનામાં ઉડ્ડયન આકાશ પર,
ને અહીં તો ચાલવાને વાસ્તવિક સાધન નથી.

કંઈ હજારો 'હા' અને 'ના'ના બધા ઝઘડા મહીં,
તારી એક 'હા' પર તો મુજ જીવનનું અવલંબન નથી.

આ પ્રણયની જો પરાકાષ્ઠા નહિ તો શું હશે?
ક્યાં નથી મારી નજર! ક્યાં આપનાં દર્શન નથી?

હોય છે સુખના સમયની એ હકીકત પણ 'નઝર',
આખા જગમાં કોઈ જાણે આપણું દુશ્મન નથી.

- નઝર તુરાવા

આજની જોક

લાંબા વખતનું કરજ ન ચૂકવનાર એક માણસ પાસેથી નાણાં વસૂલ કરવાની નવતર કરામત એક લેણદારે અજમાવી. એણે ઉઘરાણી કરી અને પેલાએ હંમેશ મુજબ કહ્યું : 'અત્યારે હું એ પૈસા આપી શકું તેમ નથી.'

'અત્યારે જ આપી દે.' ચાલાક લેણદાર બોલ્યો, 'નહીંતર તારા બીજા બધા લેણદારોને હું જણાવીશ કે મારું કરજ તેં ચૂકવી દીધું છે.'

કબીર વાણી



સદ્‌ગુરૂ સમાન કો નહિ, સપ્ત દ્વિપ નવ ખંડ;
તિન લોક ના પાઈયે, ઔર એકબિસ બ્રહમંડ.

-અર્થાત-

સાત દ્વીપ ને નવ ખંડોમાં ફરી વળો, પાતાળ પૃથ્વિ ને સ્વર્ગમાં ફરી વળો, ને એકવીસ બ્રહ્માંડોમાં પણ ફરી વળી જુવો કે ઈશ્વરની મુલાકાત કરાવનારા ગુરૂના જેટલું આપણું ભલું કરનારો બીજો કોઈ પણ એ બધાંમાં કોઈપણ સ્થળે છે? ના, નથીજ.

ચાણક્ય ઉવાચ



રૂપયૌવનસંપન્ના વિશાલકુલસંભવાઃ।
વિદ્યાહીના ન શોભન્તે નિર્ગન્ધા ઇવ કિંશુકાઃ।

-અર્થાત-

સુંદર રૂપ, યુવાની અને ઊંચા કુળમાં જન્મ હોવા છતાં, જો વ્યક્તિ પાસે વિદ્યા (જ્ઞાન) ન હોય, તો તે સુગંધ વિનાના કેસૂડાના ફૂલ જેવા છે, જે કોઈને આકર્ષતા નથી.

આજનો દિન વિશેષ

યદુનાથ સિંહ

જન્મ ૨૧ નવેમ્બર ૧૯૧૬, ખજુરી, શાહજહાંપુર, ઉત્તર પ્રદેશ, મૃત્યુ ૬ ફેબ્રુઆરી ૧૯૪૮ (૩૧ વર્ષની વયે) નૌશેરા, જમ્મુ અને કાશ્મીર, વફાદારી, બ્રિટિશ ભારત, ભારત. સેવા/શાખા બ્રિટિશ ભારતીય સેના, સેવા વર્ષ ૧૯૪૧-૧૯૪૮, શીર્ષક હીરો, સેવા નંબર ૨૭૩૭૩, ટુકડી ૧લી બટાલિયન, રાજપૂત રેજિમેન્ટ, યુદ્ધો/અથડામણ-વિશ્વ યુદ્ધ II, અરાકાન અભિયાન ૧૯૪૨-૧૯૪૩, ભારત-પાકિસ્તાન યુદ્ધ ૧૯૪૭, પરમવીર ચક્રનું સન્માન.



નાઈક જદુનાથ સિંહ પરમવીર ચક્રથી સન્માનિત ભારતીય સૈનિક છે. તેમણે ૧૯૪૭ ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં અજોડ હિંમતનું યોગદાન આપ્યું અને શહીદી પ્રાપ્ત કરી. તેમને ૧૯૫૦માં મરણોત્તર આ સન્માન મળ્યું હતું.

મિસ્ટર સિંહને ૧૯૪૧માં બ્રિટિશ ઈન્ડિયન આર્મીમાં કમિશન આપવામાં આવ્યું હતું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, તેમણે બર્મામાં જાપાન સામેની લડાઈમાં ભાગ લીધો હતો. બાદમાં તેમણે ભારતીય સેનાના સભ્ય તરીકે ૧૯૪૭ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ભાગ લીધો હતો. નાઈક સિંહને ૬ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ જમ્મુ અને કાશ્મીરના નૌશેરાના ઉત્તરની લડાઈમાં તેમના યોગદાન બદલ પરમવીર ચક્ર એનાયત કરવામાં આવ્યો હતો.

બાળવાર્તા

સાચા મૂલ્ય અને સંબંધની સમજ

એક નાના ગામમાં રમેશ નામનો એક મહેનતુ ખેડૂત રહેતો હતો. તેની પાસે થોડી જમીન અને એક જૂનો બળદ હતો. વરસાદ ઓછો પડ્યો હોવાથી પાક સારો થયો નહોતો, છતાં રમેશ નિરાશ થયો નહીં.એક દિવસ શહેરમાંથી એક વેપારી ગામમાં આવ્યો. તેણે જોયું કે રમેશના બળદમાં અપાર તાકાત છે. વેપારીએ બળદ ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી અને સારી રકમ આપવાની તૈયારી બતાવી. રમેશને પૈસાની જરૂર હતી, પણ તેણે વિચાર્યું કે બળદ વિના ખેતી કેવી રીતે થશે?

રમેશે તેમને વિચારીને બીજા દિવસે જવાબ આપવા માટે કહ્યું. રમેશને રાત્રે ઉંઘ ન આવી શું કરું.તેણે તેની પત્નીને આ બાબતે વાત કરી પત્નીએ તમને જેમ યોગ્ય લાગે તેમ કરવા જણાવ્યું તેમ છતાં સલાહ આપી કે આ બળદ આપણી સાથે ઘણા વર્ષોથી છે. તેમજ તે આપણને મુશ્કેલીના સમયમાં ઘણો ઉપયોગી થયો છે. તેથી ન વેચો તો સારૂ. અને વેચી દિધા પછી આપણે બીજો બળદ કેવી રીતે ખરીદશું. તેમજ આ બળદ પણ આપણી સાથે લાગણીથી જોડાયેલો છે. બીજા રમેશે વિનમ્રતાથી ના પાડી અને કહ્યું, 'આ બળદ મારો સાથી છે. મુશ્કેલ સમયમાં તેણે મને સાથ આપ્યો છે. હું તેને વેચી શકું નહીં.' વેપારી રમેશની પ્રામાણિકતા અને લાગણી જોઈને પ્રભાવિત થયો. તેણે બળદ ખરીદવાનો આગ્રહ છોડી દીધો અને રમેશને નવા પાક માટે થોડું અનાજ ભેટ આપ્યું.

બોધઃ સંપત્તિ કરતાં સંબંધો અને પ્રામાણિકતાનું મૂલ્ય વધારે હોય છે.

સાંસ્કૃતિક જોડાણ એ વૈશ્વિક શાંતિની મજબૂત ગેરંટી : મોદી

દિલ્હીના જૂના કિલ્લા ખાતે પ્રથમ SCO સિવિલાઈઝેશન ડાયલોગ ફોરમનું ઉદ્‌ઘાટન

જ્યારે વિશ્વમાં યુદ્ધ અને અશાંતિની ચર્ચાઓનું પ્રભુત્વ છે, ત્યારે ભારતમાં સભ્યતાઓ વચ્ચેના સંવાદ અને સાંસ્કૃતિક જોડાણ પર ચર્ચા થઈ રહી છે



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના ઐતિહાસિક જૂના કિલ્લા ખાતે પ્રથમ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (SCO) સિવિલાઈઝેશન ડાયલોગ ફોરમનું ઉદ્ઘાટન કર્યું હતું અને વિદેશથી આવેલા મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે જણાવ્યું કે આજે જ્યારે વિશ્વમાં યુદ્ધ અને અશાંતિની ચર્ચાઓનું પ્રભુત્વ છે, ત્યારે ભારતમાં સભ્યતાઓ વચ્ચેના સંવાદ અને સાંસ્કૃતિક જોડાણ પર ચર્ચા થઈ રહી છે.

વૈશ્વિક શાંતિની સૌથી મજબૂત ગેરંટી સાંસ્કૃતિક જોડાણ હોવાનું જણાવતાં તેમણે કહ્યું કે SCOએ થોડા મહિના પહેલાં જ સ્થાપનાનાં ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે અને સુરક્ષા, અર્થતંત્ર તથા કનેક્ટિવિટી બાદ હવે સાંસ્કૃતિક અને સભ્યતાગત સહયોગ સંબંધોને વધુ મજબૂત બનાવી શકે છે.

જૂના કિલ્લાના ઐતિહાસિક મહત્વનો ઉલ્લેખ કરતાં પીએમ મોદીએ કહ્યું કે વિદ્વાનોના મતે આ કિલ્લાનો ઈતિહાસ હજારો વર્ષ પહેલાં મહાભારત કાળ સુધી જાય છે, અને અહીં વેદમંત્રોનું પઠન, બૌદ્ધ દર્શનની પ્રસ્તુતિ તેમજ હનુમાનજીની યાત્રા જેવા કાર્યક્રમોમાં ભારતીય સંસ્કૃતિ, માનવતા પ્રત્યે પ્રેમ અને એકતાનો સંદેશ જોવા મળે છે.

આ સમિટ દરમિયાન તેમની સામે પાકિસ્તાનના મંત્રી મુસદ્દિક મલિક પણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાચીન સંબંધો અને આધુનિક ટેક્નોલોજી અંગે બોલતાં વડાપ્રધાને કહ્યું કે આશરે ૫,૦૦૦ વર્ષ પહેલાં સિંધુ ખીણની સભ્યતા અને મેસોપોટેમિયા વચ્ચે વેપારી સંબંધો હતા અને ભારત, ચીન, મધ્ય એશિયા તથા યુરેશિયાના વિસ્તારો વેપારી, વિદ્વાનો અને બૌદ્ધ ભિક્ષુઓની અવરજવર દ્વારા જોડાયેલા હતા. તેમણે ઉમેર્યું કે સામ્રાજ્યોએ નકશા બદલ્યા પરંતુ સભ્યતાઓના સંવાદે વિચારોને સમૃદ્ધ કર્યા છે; ૨૧મી સદીની ટેક્નોલોજી અને ડિજિટલ પ્લેટફોર્મના કારણે જે માર્ગો પર પહેલાં મહિનાઓ લાગતા હતા ત્યાં આજે સેકન્ડોમાં જોડાઈ શકાય છે. સંગ્રહાલયો, પુસ્તકાલયો અને અભિલેખાગારોમાં સચવાયેલી પ્રાચીન હસ્તપ્રતો અને દુર્લભ પુસ્તકોના ડિજિટાઇઝેશન, અનુવાદ તેમજ સંયુક્ત સંશોધન દ્વારા સહિયારા ઇતિહાસના નવા પાસાંઓ ઉજાગર કરવા તેમણે આહ્વાન કર્યું હતું.

ઘરઆંગણે નળથી પાણી મળતાં મહિલાઓનું જીવન બદલાયું!

નળ સે જલ યોજનાથી ડાંગના ૨૨૧ ગામોમાં પાણી પુરવઠાની કામગીરી પૂર્ણ

રોજના ૩થી ૪ કલાકની પાણી ભરવાની મહેનતમાંથી મહિલાઓને રાહત, ખેતી, પશુપાલન અને બાળકોના શિક્ષણ માટે મળ્યો વધુ સમય

(સંપૂર્ણ સમાચાર સેવા)
ડાંગ,તા.૨૦

ગુજરાતના પર્વતીય અને કુદરતી સૌંદર્યથી સમૃદ્ધ ડાંગ જિલ્લામાં જલ જીવન મિશન યોજના ગ્રામીણ પરિવારો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ભારત સરકાર દ્વારા ૧૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ શરૂ કરવામાં આવેલી મહત્ત્વાકાંક્ષી જલ જીવન મિશન (નલ સે જલ) યોજના અંતર્ગત ગામડાંના દરેક ઘર સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

આ યોજનાના અમલીકરણથી ડાંગ જિલ્લાના અનેક પરિવારોને વર્ષો જૂની પાણીની સમસ્યામાંથી રાહત મળી છે.

જલ જીવન મિશનની માર્ગદર્શિકા મુજબ ડાંગ જિલ્લાના આહવા, વઘઈ અને સુબીર તાલુકાનાં કુલ ૩૧૧ ગામોમાં વ્યાપક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સર્વેના આધારે પીવાના પાણીની જરૂરિયાત અને ઉપલબ્ધ જળસ્રોતોને ધ્યાનમાં રાખીને વિવિધ યોજનાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કામગીરી અંતર્ગત જિલ્લાના કુલ ૨૨૧ ગામોમાં વ્યક્તિગત પાણી પુરવઠાની યોજનાઓનું નિર્માણ અને અમલીકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે. હાલમાં આ યોજનાઓ સંબંધિત ગ્રામ પંચાયતો દ્વારા ઓપરેશન અને મેન્ટેનન્સ (O&M) હેઠળ સંચાલિત કરવામાં આવી રહી છે.



પાણીની જરૂરિયાત અને ઉપલબ્ધ જળસ્રોતોને ધ્યાનમાં રાખીને વિવિધ યોજનાઓનું આયોજન

એક સમયે ડાંગ જિલ્લાના અનેક અંતરિયાળ ગામોમાં પીવાનું પાણી મેળવવા માટે ગ્રામજનોને હેન્ડપંપ અને દૂર આવેલા કૂવાઓ પર આધાર રાખવો પડતો હતો. ખાસ કરીને મહિલાઓને દરરોજ પાણી ભરવા માટે ૩થી ૪ કલાક જેટલો સમય ફાળવવો પડતો હતો. તેના કારણે ખેતી, રોજગાર અને ઘરકામ ઉપરાંત બાળકોના શિક્ષણ માટે પણ પૂરતો સમય મળતો નહોતો. હવે ઘરઆંગણે નળ દ્વારા પાણી ઉપલબ્ધ થતાં મહિલાઓનો કિંમતી સમય બચી રહ્યો છે. તેઓ ખેતીવાડી, વ્યવસાય અને અન્ય આર્થિક પ્રવૃત્તિઓમાં વધુ સક્રિય બની રહી છે.

જલ જીવન મિશનના કારણે માત્ર પીવાના પાણીની સુવિધા જ નહીં, પરંતુ ગ્રામ્ય જીવનશૈલીમાં પણ પરિવર્તન આવ્યું છે. પાણીની ઉપલબ્ધતાથી પરિવારોને પશુપાલન સહિતની આર્થિક પ્રવૃત્તિઓ માટે અનુકૂળતા મળી રહી છે. મહિલાઓ હવે પરિવારની આવક વધારવામાં પણ યોગદાન આપી રહી છે.

આમ, ડાંગ જિલ્લામાં જલ જીવન મિશન મહિલા સશક્તિકરણ, સ્વાસ્થ્ય સુધારણા અને ગ્રામ્ય વિકાસ માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે. જોકે, યોજનાનો લાભ સતત જળવાઈ રહે તે માટે પાણીના સ્રોતોનું સંરક્ષણ અને નિયમિત જાળવણી પણ એટલી જ જરૂરી છે.

NSE (નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિ.)એ ઇતિહાસ રચ્યો

વિશ્વનું પમું સૌથી મોટું લિસ્ટેડ એક્સચેન્જ ગ્રુપ, ભારતની ૯મી સૌથી મોટી લિસ્ટેડ કંપની, અને GIFT નિફ્ટી સર્વકાલીન ઉચ્ચ ઓપન ઇન્ટરેસ્ટ પર

નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિ.(NSE)એ આજે ત્રણ ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી છે

૧. વિશ્વનું પમું સૌથી મોટું લિસ્ટેડ એક્સચેન્જ ગ્રુપ : આજના બજાર ભાવે, NSE Ltd USDમાં માર્કેટ કેપિટલાઇઝેશનની દૃષ્ટિએ વિશ્વનું પમું સૌથી મોટું લિસ્ટેડ એક્સચેન્જ ગ્રુપ બન્યું છે, જેણે Nasdaq ને વટાવી દીધું છે.

૨. ભારતની ૯મી સૌથી મોટી લિસ્ટેડ કંપની : NSE હવે માર્કેટ કેપિટલાઇઝેશનની દૃષ્ટિએ ભારતની ૯મી સૌથી મોટી લિસ્ટેડ કંપની બની છે, જેનું માર્કેટ કેપિટલાઇઝેશન આશરે રૂા.પ.૫૬ લાખ કરોડ છે, જે કોટક મહિન્દ્રા બેંક અને LIC

૧૭ હજારથી વધુ દુકાનોમાં અનાજ વિતરણ ઠપ

ગુજરાતભરમાં રેશનિંગ વ્યવસ્થા ખોરવાતા રોષ

પુરવઠા વિભાગનું ઓનલાઈન સર્વર ડાઉન થતાં રેશનકાર્ડ ધારકોને ધરમધક્કા; નવેમ્બરનો જથ્થો લીધા વિના પરત ફરવા મજબૂર





(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૨૦

ગુજરાતભરમાં જાહેર વિતરણ વ્યવસ્થા (PDS) ખોરવાતાં રેશનકાર્ડ ધારકોની મુશ્કેલીમાં વધારો થયો છે. રાજ્યના નાગરિક પુરવઠા વિભાગનું ઓનલાઈન સર્વર શુક્રવારે (૨૦ નવેમ્બર) વહેલી સવારથી ઠપ થઈ જતાં રાજ્યની ૧૭ હજારથી વધુ વ્યાજબી ભાવની રેશન દુકાનોમાં અનાજ વિતરણની કામગીરી અટકી પડી હતી. નવેમ્બર મહિનાનો અનાજનો જથ્થો મેળવવા દુકાનો પર પહોંચેલા હજારો કાર્ડધારકોને અનાજ લીધા વિના જ પરત ફરવાની ફરજ પડી હતી.

રેશન દુકાનોમાં અનાજ વિતરણ માટે ઉપયોગમાં લેવાતી પોઈન્ટ ઓફ સેલ (POS) સિસ્ટમ ઓનલાઈન સર્વર સાથે જોડાયેલી હોવાથી સર્વર બંધ થતાં વ્યવહારો પૂર્ણ થઈ શક્યા નહોતા. પરિણામે દુકાન સંચાલકો અનાજનો જથ્થો આપવા અસમર્થ બન્યા હતા. નવેમ્બર મહિનાના બીજા પખવાડિયામાં સર્જાયેલી આ ટેકનિકલ ખામીએ રાજ્યભરના રેશનકાર્ડ ધારકોને મુશ્કેલીમાં મૂક્યા હતા. અનાજ મેળવવા માટે રેશન દુકાનો પર પહોંચેલા ગ્રાહકોને સર્વર બંધ હોવાના કારણે કલાકો સુધી રાહ જોવી પડી હતી. જોકે, ઓનલાઈન વ્યવહાર પૂર્ણ ન થતાં દુકાનદારો અનાજ આપી શકતા નહોતા. આ બાબતે અનેક સ્થળોએ ગ્રાહકો અને દુકાન સંચાલકો વચ્ચે રકઝક તથા ઘર્ષણના બનાવો બન્યા હતા. પોતાના હક્કનો અનાજ મેળવવા આવેલા ગરીબ અને મધ્યમવર્ગના પરિવારોને ધરમધક્કા ખાવાનો વારો આવ્યો હતો.

રાજ્યમાં વર્ષ ૨૦૧૦થી બારકોડ આધારિત રેશનકાર્ડ વ્યવસ્થા અમલી બનાવવામાં આવી હતી. જોકે, ઓનલાઈન વ્યવસ્થામાં વારંવાર ટેકનિકલ ખામીઓ અને સર્વરની સમસ્યાઓ સર્જાતી હોવાની ફરિયાદો ઊઠતી રહી છે. આવી સ્થિતિમાં જાહેર વિતરણ વ્યવસ્થા પર અસર થતાં રેશનકાર્ડ ધારકોને સમયસર અનાજ મળતું નથી. આ વખતે પણ સર્વર બંધ રહેતાં રાજ્યવ્યાપી વિતરણ કામગીરી ખોરવાઈ હતી.

સર્વરની સમસ્યાને પગલે ગુજરાતભર ના રેશન દુકાનદારોના એસોસિયેશન દ્વારા નાગરિક પુરવઠા વિભાગને રજૂઆત કરવામાં આવી છે. ઓનલાઈન સિસ્ટમને અપડેટ કરવાની સાથે સર્વરની વારંવાર સર્જાતી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માગ કરવામાં આવી છે. ઉપરાંત અટકેલી અનાજ વિતરણ વ્યવસ્થાને તાત્કાલિક પુનઃ કાર્યરત કરવાની પણ રજૂઆત કરાઈ છે, જેથી રેશનકાર્ડ ધારકોને તેમના હક્કના અનાજ માટે વારંવાર દુકાનોના ધક્કા ખાવા ન પડે.

૧૯ વર્ષીય બાઈકચાલકની પોલીસે કરી ધરપકડ

સુરતમાં પાણી ભરવા નીકળેલી ૨ બાળકોની માતાનું અકસ્માતમાં મોત

પાલ લેક ગાર્ડન પાછળ પૂરપાટ ઝડપે આવેલી રોયલ એનફિલ્ડે મીનાબેન મછારને અડફેટે લીધાં, અકસ્માત બાદ બાઈકચાલક ફરાર થઈ ગયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત,તા.૨૦

સુરત શહેરમાં બેફામ ઝડપે વાહન ચલાવવાના કારણે વધુ એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. શહેરના પાલ વિસ્તારમાં પાણી ભરવા માટે ઘરેથી નીકળેલી ૨૯ વર્ષીય મહિલાને પૂરપાટ ઝડપે આવેલી રોયલ એનફિલ્ડ મોટરસાઇકલના ચાલકે અડફેટે લેતાં તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ બાઈકચાલક મહિલાને મદદ કરવાને બદલે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. જોકે, પાલ પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પાડ્યો છે. આ ઘટનાને પગલે બે માસૂમ બાળકોએ માતાની છત્રછાયા ગુમાવી છે.

મળતી માહિતી મુજબ, ૧૯ નવેમ્બર, ગુરુવારના રોજ સાંજે પથી પઃ૩૦ વાગ્યાની આસપાસ પાલ વિસ્તારમાં પાલ લેક ગાર્ડનની પાછળ આવેલા વોકવે



રોડ પર આ અકસ્માત સર્જાયો હતો. ૨૯ વર્ષીય મીનાબેન મછાર પાણી ભરવા માટે જઈ રહ્યાં હતાં. આ દરમિયાન પૂરપાટ ઝડપે આવેલી રોયલ એનફિલ્ડ મોટરસાઇકલના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી.

ટક્કર એટલી ગંભીર હતી કે મીનાબેન રસ્તા પર પટકાતાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ બાઈકચાલક ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. બીજી તરફ, ઈજાગ્રસ્ત મીનાબેનને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યાં હતાં.

મીનાબેનના અકાળે અવસાનના સમાચાર મળતાં જ મછાર પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. બે બાળકોના માથેથી માતાની હૂંફ છીનવાઈ જતાં પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. રોજિંદા જીવનની સામાન્ય જરૂરિયાત માટે પાણી ભરવા નીકળેલી મહિલાને જીવ ગુમાવવો પડતાં સ્થાનિક વિસ્તારમાં પણ અરેરાટી વ્યાપી છે.

અકસાનની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પાલ પોલીસની ટીમે તપાસ શરૂ કરી હતી. પોલીસે ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારોમાં લગાવવામાં આવેલા CCTV કેમેરાનાં ફૂટેજ તપાસ્યા હતા. આ ઉપરાંત હ્યુમન સોર્સ અને ટેક્નિકલ સર્વેલન્સની મદદથી અકસ્માત સર્જનાર બાઈકચાલકની ઓળખ કરવામાં આવી હતી.

પોલીસે અડાજણના એલ.પી. સવાણી રોડ પર નાયરા પેટ્રોલ પંપ પાછળ આવેલી રામેશ્વર રેસિડેન્સીમાં રહેતા ૧૯ વર્ષીય કરશન કારાભાઈ ગોરાણીયાની ધરપકડ કરી છે. આરોપી અભ્યાસ કરતો હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતમાં વપરાયેલી મોટરસાઇકલનો નંબર **GJ-05-TS-8969** હોવાનું પણ સામે આવ્યું છે.

આ ઘટનાએ ફરી એકવાર શહેરમાં બેફામ ઝડપે વાહન ચલાવતા લોકો સામે કડક કાર્યવાહી કરવાની જરૂરિયાત ઊભી કરી છે. એક તરફ પોલીસે આરોપીને ઝડપી પાડ્યો છે, તો બીજી તરફ એક પરિવારની દુનિયા ઉજડી ગઈ છે. હવે આવા અકસ્માતો અટકાવવા ટ્રાફિક નિયમોનું કડક પાલન કરાવવા અને બેદરકાર વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઊઠી રહી છે.

૫ હજારના કમિશન માટે લાખોની નકલી નોટોનો ખેલ : અમદાવાદમાંથી ૨ આરોપી ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૨૦

અમદાવાદમાં નકલી ચલણી નોટોના કારોબારનો પર્દાફાશ થયો છે. બાતમીના આધારે પોલીસે અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં પોલીસે ટ્રેપ ગોઠવી ૨ આરોપીની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં નાગપુરથી આંગડિયા મારફતે નાણા મંગાવનાર એક વેપારી સાથે ઠગાઈ થઈ હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્તથતી માહિતી અનુસાર આરોપીએ આ અગાઉ વેપારીને ૪૦ લાખ રુપિયાની નકલી નોટો પધરાવી હતી.

ઉલ્લેખનીય છે કે ઘાટલોડિયા પોલીસે ચોક્કસ બાતમીના આધારે ટ્રેપ ગોઠવી આરોપી રાહુલ ઠાકુર અને માલચંદ શર્મા બે આરોપીને ઝડપી પાડ્યા છે. પોલીસ દ્વારા તેમની પાસેથી ચિલ્ડ્રન બેંક સહિતની નકલી ચલણી નોટો મળી આવી હોવાનું જણાવાયું છે. આ સમગ્ર ઘટનાની વાત કરીએ તો નાગપુરથી આંગડિયા મારફતે નાણા મંગાવનાર વેપારી સાથે આરોપીએ ઠગાઈ કરી હતી. પોલીસ તપાસમાં સમગ્ર ઘટના ઉજાગર થઈ હતી.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર આરોપીઓ માત્ર ૫ હજારના કમિશન માટે નકલી મોટોનો કારોબાર કરતા હતા. આ સમગ્ર નેટવર્કમાં કુલ પાંચ લોકોની સંડોવણી હોવાનું સામે આવતાં ગુનો નોંધવામાં આવ્યો છે.

આ કેસની તપાસ દરમિયાન આરોપીઓની કડી દિલ્હી અને રાજસ્થાન સહિત અન્ય રાજ્યો સુધી પહોંચતી હોવાનું સામે આવ્યું છે. હાલ ઘાટલોડિયા પોલીસ સમગ્ર નેટવર્ક, તેમાં સામેલ અન્ય વ્યક્તિઓ અને નકલી નોટોના વ્યવહાર અંગે વધુ તપાસ કરી રહી છે.

જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ ચીખલી તાલુકાના ખુંધ ગામની લીધેલી આકસ્મિક મુલાકાત

આંગણવાડી, આયુષ્માન આરોગ્ય મંદિર અને રેશનિંગ દુકાનની કામગીરીની કરેલી સમીક્ષા


-તસવીરઃ દિપક સોલંકી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી,(વંકાલ), તા.૨૦

જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીએ ચીખલી તાલુકાના ખુંધ ગામની આકસ્મિક મુલાકાત લઈ આંગણવાડી, આયુષ્માન આરોગ્ય મંદિર અને રેશનિંગ દુકાનની કામગીરીની સમીક્ષા કરી હતી. આ ઉપરાંત ખૂંધ સ્થિત CIPET સંસ્થાની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો, ટેકનિકલ તાલીમ અને પ્રોયોગિક સુવિધાઓની પણ માહિતી મેળવી હતી.

જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીએ ચીખલી તાલુકાના ખુંધ ગામની આકસ્મિક મુલાકાત લઈ ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ પાયાની સુવિધાઓ, આરોગ્ય અને પોષણ સેવાઓ તથા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરી સંબંધિત અધિકારીઓ પાસેથી વિગતો મેળવી હતી.

મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ ગ્રામ પંચાયત ખાતે ગામની પાયાની સુવિધાઓ, નાણાપંચની ગ્રાન્ટ, આંગણવાડીઓ અને શાળાઓની સંખ્યા તથા તેમની સ્થિતિ, આરોગ્ય સુવિધાઓ અને રેશનિંગને લગતી ફરિયાદો અંગે માહિતી મેળવી હતી. આંગણવાડી કેન્દ્રની મુલાકાત દરમિયાન બાળકોની હાજરી, કુપોષણની સ્થિતિ તથા SAM અને MAM કેટેગરીના બાળકો અંગે વિગતો મેળવી બાળકનું વજન અને ઊંચાઈ પણ ચકાસી હતી.

આયુષ્માન આરોગ્ય મંદિરની મુલાકાત દરમિયાન હાઈ રિસ્ક ગર્ભવતી મહિલાઓની સ્થિતિ, માતા-બાળ આરોગ્યની દેખરેખ તથા મમતા દિવસની કામગીરીની સમીક્ષા કરી હતી. જોખમી ગર્ભવતી મહિલાઓને સમયસર અને યોગ્ય આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે સંબંધિત કર્મચારીઓને સૂચનાઓ આપી હતી.

સરકાર માન્ય રેશનિંગ દુકાનની મુલાકાત દરમિયાન અનાજના ઉપલબ્ધ જથ્થા અને ઓનલાઈન રેકોર્ડની ચકાસણી કરી હતી. દસ્તાવેજી કામગીરીમાં ચોકસાઈ જાળવવા અને નિયમિત અનુસરણ કરવા દુકાન સંચાલકને સૂચના આપી હતી. સાથે જ લાભાર્થીઓ પાસેથી મળવાપાત્ર અનાજના જથ્થા અંગે માહિતી મેળવી રેશનકાર્ડની વિગતો પણ તપાસી હતી.

આ ઉપરાંત કલેક્ટરશ્રીએ CIPET (Central Institute of Petrochemicals Engineering & Technology) સંસ્થાની મુલાકાત લઈ પ્લાસ્ટિક એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. અભ્યાસક્રમો, પ્રાયોગિક તાલીમ, ટેકનિકલ સાધનો અને સંસ્થાની સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી. CAD લેબમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા 3D પ્રિન્ટેડ નમૂનાઓનું નિરીક્ષણ કર્યું હતું તેમજ વર્કશોપમાં ઉપલબ્ધ ટેકનિકલ સાધનો અને પ્લાસ્ટિક મટિરિયલ્સના નમૂનાઓની જાણકારી મેળવી હતી.

આ મુલાકાત દરમિયાન પ્રાંત અધિકારી શ્રી નિશાંતભાઈ કુંગાસિયા, તાલુકા વિકાસ અધિકારી શ્રીમતી ભાવનાબેન યાદવ, મામલતદાર શ્રી હિરેનભાઈ મૈસુરિયા, ગામના સરપંચ સહિત સંબંધિત અધિકારીઓ અને ગામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

'ગુજરાત મોટર વાહન નિયમો, ૨૦૨૬' જાહેર

ખાનગી વાહનો પર જાતિસૂચક શબ્દો અને ચિહ્નો પર પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા. ૨૦

ખાનગી વાહનો પર જાતિસૂચક શબ્દો લખીને કે ચિહ્નો પ્રદર્શિત કરીને જાતિગત ઓળખ દર્શાવવાની પ્રવૃત્તિ પર નિયંત્રણ લાવવા ગુજરાત સરકારે મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. રાજ્યના બંદરો અને વાહન વ્યવહાર વિભાગે ગત ૧૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ 'ગુજરાત મોટર વાહન (ત્રીજો સુધારો) નિયમો, ૨૦૨૬' જાહેર કર્યા છે. આ નવી જોગવાઈ મુજબ હવે ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, ફોર-વ્હીલર તેમજ બસ કે ટ્રક સહિત તમામ પ્રકારના ખાનગી વાહનો પર જાતિસૂચક શબ્દો, જાતિ દર્શાવતા સંકેતો, આકૃતિઓ કે લખાણ પ્રદર્શિત કરી શકાશે નહીં.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં કરવામાં આવેલા આ સુધારા અંતર્ગત નિયમ ૧૨૫ના પેટાનિયમ (૧)માં 'No advertising device, figure' શબ્દોના સ્થાને 'No advertising device, caste signage, figure' શબ્દો ઉમેરવામાં આવ્યા છે. આના કારણે વાહનો પર જાહેરાતનાં ઉપકરણો અને આકૃતિઓ સંબંધી જોગવાઈમાં હવે જાતિ દર્શાવતા સંકેતોનો પણ સ્પષ્ટ સમાવેશ થયો છે.

આ ઉપરાંત નિયમ ૧૩૮માં પેટાનિયમ (૨) પછી નવો પેટાનિયમ (૩) ઉમેરવામાં આવ્યો છે. જે મુજબ, રાજ્ય સરકાર દ્વારા સામાન્ય અથવા વિશેષ હુકમથી મંજૂરી આપવામાં આવી હોય તેવા અપવાદ સિવાય કોઈપણ ખાનગી વાહન પર જાહેરાતનું ઉપકરણ, જાતિ દર્શાવતું ચિહ્ન, આકૃતિ કે કોઈપણ પ્રકારનું લખાણ પ્રદર્શિત કરી શકાશે નહીં. આ નિર્ણયથી ખાનગી વાહનો પર શું પ્રદર્શિત કરી શકાય અને શું નહીં તે અંગે નિયમન વધુ સ્પષ્ટ બન્યું છે, જોકે જરૂરી કિસ્સાઓમાં રાજ્ય સરકાર સામાન્ય કે વિશેષ હુકમથી અપવાદોને મંજૂરી આપી શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સુધારાના મુસદ્દા નિયમો અગાઉ ૧૧ જૂન, ૨૦૨૬ના રોજ ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં પ્રસિદ્ધ કરીને અસરગ્રસ્ત લોકો પાસેથી ૩૦ દિવસમાં વાંધા કે સૂચનો મંગાવવામાં આવ્યા હતા. નિર્ધારિત સમયગાળામાં સરકારને કોઈ વાંધો કે સૂચન પ્રાપ્ત ન થતાં હવે અંતિમ નિયમો જાહેર કરવામાં આવ્યા છે.

નવસારી એલસીબી પોલીસે સરૈયા ગામે આંબાવાડીમાંથી બિનવારસી દારૂનો ૨.૬૪ લાખનો જથ્થો કબજે કર્યો

અજાણ્યા શખ્સોને વોન્ટેડ જાહેર કરી હાથ ધરેલી વધુ તપાસ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી,(વંકાલ), તા.૨૦

નવસારી એલસીબી પોલીસે સરૈયા ગામે આંબાવાડીમાંથી બિનવારસી દારૂનો ૨.૬૪ લાખનો જથ્થો કબજે કરી અજાણ્યા શખ્સોને વોન્ટેડ જાહેર કરી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

નવસારી એલસીબીના પીઆઈ, પીએસઆઈ તેમજ સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો. દરમિયાન પૂર્વ બાતમીના આધારે ચીખલીના સરૈયા ગામતળ ફળીયું મુસાભાઈ યુસુફભાઈ પટેલના આંબાવાડી રેડ કરતા ખેતરમાંથી બિનવારસી પાસ પરમીટ વગરનો ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ-૧૦૪૪ કિ.રૂા.૨,૬૪,૨૪૦/- નો કબજો લઈ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ચીખલી પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ પોલીસે હાથ ધરી હતી.

ધરમપુર વલસાડ રોડ ઉપર વલંડી નજીક સિમેન્ટ કોંક્રિટ ભરેલી ટ્રક નીચે બાઈક આવી જતા ગંભીર અકસ્માત સર્જાયો

બાઈક ચાલક ઘાયલ વ્યક્તિને લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર માટે ખસેડ્યો



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૦

ધરમપુર વલસાડ ઉપર વલંડી ગામ નજીક સવારે ૧૧ વાગ્યાના સુમારે દર્દનાક અકસ્માત સર્જાયો હતો.

ધરમપુર વલસાડ રોડ ઉપર આજે શુક્રવારે સવારે ૧૧ વાગ્યાના સુમારે દર્દનાક અકસ્માત સર્જાયો હતો. સિમેન્ટ કોંક્રિટ મિક્ચર ભરેલી ટ્રક નં. જીજે૧૫ એવી ૮૪૫૨ પુર ઝડપે આવી રહી હતી. આગળ જઇ રહેલ બાઈક સાથે જોરદાર ટક્કર મારી દીધી હતી. ટક્કરથી આખી બાઈક આગળના ટાયર નીચે ઘૂસી ગઈ હતી. સર્જાયેલા દિલધડક અકસ્માતમાં બાઈક ચાલક ઈસમ ગંભીર રીતે ઘાયલ થયો હતો. તેથી એકઠા થયેલા લોકોએ ઘાયલ વ્યક્તિને નજીકની હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે ખસેડ્યો હતો. અકસ્માત બાદ ટ્રાફિક જામ થયો હતો.

ઘટનાની જાણ બાદ આવી પહોંચેલી પોલીસે મિક્ચર ટ્રક ચાલક વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી તેમજ અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિની ઓળખ કરવાની તજવીજ હાથ ધરી હતી.

વડોદરામાં ખરાસમયે નર્મદાની કેનાલો સૂકી થતા પાકોને નુકસાનની ભીતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)
વડોદરા, તા.૨૦

વડોદરા જિલ્લાના સાવલી અને પાદરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેતી માટે પાણીની સૌથી વધુ જરૂરિયાત ઊભી થઈ છે ત્યારે નર્મદાની સબ-કેનાલો અને માઈનોર કેનાલોમાં પાણી ન મળતાં ખેડૂતોની મુશ્કેલી વધી છે. કેનાલોમાં લાંબા સમયથી પાણી બંધ હોવાના કારણે કપાસ, દિવેલા, તમાકુ અને ઘઉં જેવા પાકોને નુકસાન થવાની ભીતિ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ, કેનાલોમાં કચરો અને ઝાડી-ઝાંખરા સાફ કરવાની કામગીરીના નામે પાણી બંધ કરવામાં આવ્યું છે. તેમનું કહેવું છે કે ચોમાસું પૂરું થયા બાદ કેનાલોની સફાઈ માટે પૂરતો સમય ઉપલબ્ધ હતો, પરંતુ તે સમયે કામગીરી કરવામાં આવી ન હતી. હવે ખેતીની સિઝન શરૂ થઈ ગઈ છે ત્યારે કેનાલો ખાલી હોવાથી ખેડૂતોને સિંચાઈના પાણી માટે મુશ્કેલી પડી રહી છે.

સાવલી તાલુકાના અનેક ગામો ઉપરાંત પાદરા તાલુકાના બામણશી, કણઝટ સહિત આસપાસના વિસ્તારોમાં ખેડૂતો હાલ પાકને બચાવવા માટે પાણીની રાહ જોઈ રહ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે જો સમયસર કેનાલમાં પાણી નહીં પહોંચે તો પાણી મળ્યા બાદ પણ પાક માટે મોડું થઈ શકે છે અને ઉત્પાદનને મોટું નુકસાન થઈ શકે છે. આવી સ્થિતિમાં અસરગ્રસ્ત ખેડૂતોને સરકાર દ્વારા વળતર આપવાની પણ માંગ ઉઠી છે.

કેનાલના પાણીની સમસ્યા વચ્ચે વીજ પુરવઠાને લઈને પણ ખેડૂતોમાં નારાજગી છે. સાવલીના કમલપુરા વિસ્તારના ખેડૂત પ્રદીપભાઈ પંડ્યાના જણાવ્યા મુજબ, સરકાર દ્વારા ખેડૂતોને દસ કલાક વીજળી આપવાની જાહેરાત કરવામાં આવી હોવા છતાં હાલમાં માત્ર આશરે આઠ કલાક જ વીજળી મળતી હોવાનો આક્ષેપ છે.

પાદરા તાલુકાના માસરરોડ વિસ્તારના જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય કમલેશભાઈ પરમારના જણાવ્યા મુજબ, કેટલાક ગામોના ખેડૂતો નર્મદા નિગમની કચેરીએ રજૂઆત કરવા ગયા હતા. ટેન્ડર પ્રક્રિયામાં સમય લાગશે તેમ જણાવી કેટલાક ખેડૂતોને જાતે કેનાલ સાફ કરવા કહેવામાં આવ્યું હતું. ખેડૂતો દ્વારા કેનાલોની સફાઈ કરવામાં આવી હોવા છતાં હજુ સુધી પાણી ન આવતા રોષ વધી રહ્યો છે. હવે ખેડૂતોની માંગ છે કે નર્મદા નિગમ અને સંબંધિત તંત્ર તાત્કાલિક કેનાલોમાં પાણી છોડે, વીજ પુરવઠાની જાહેરાત મુજબ અમલ કરે અને પાકને નુકસાન થાય તો યોગ્ય વળતર અંગે નિર્ણય લે.

દેવઉઠની એકાદશી અને પાટોત્સવ નિમિત્તે ભવ્ય શ્યામ ભજન સંધ્યા સંપન્ન, બાબા શ્યામની ભક્તિમાં ઝૂમ્યા શ્રદ્ધાળુઓ

શ્યામ યુવા ચેરિટેબલ ટ્રસ્ટના આયોજનમાં બાબાનો અલૌકિક દરબાર સજાયો : અખંડ જ્યોત, છપ્પન ભોગ અને ભજનોએ જમાવ્યો રંગ, મોડી રાત સુધી ઉમટ્યા ભક્તો



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૦

દેવઉઠની એકાદશી અને પાટોત્સવના પાવન અવસરે શ્યામ યુવા ચેરિટેબલ ટ્રસ્ટ, વાપી-દમણ-સેલવાસ દ્વારા દાદરા રોડ, ચણોદ સ્થિત રાજસ્થાન ભવન ખાતે આયોજિત ભવ્ય શ્રી શ્યામ ભજન સંધ્યા શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહભર્યા માહોલમાં સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. બાબા શ્યામનાં દર્શન અને ભજન સંધ્યામાં સહભાગી થવા માટે સાંજે ૬ વાગ્યાથી જ શ્રદ્ધાળુઓનો પ્રવાહ શરૂ થયો હતો, જે મોડી રાત સુધી યથાવત રહ્યો હતો.

આ પ્રસંગે બાબા શ્યામનો ભવ્ય અને અલૌકિક શણગાર કરીને આકર્ષક દરબાર સજાવવામાં આવ્યો હતો. બાબાના મનમોહક સ્વરૂપનાં દર્શન કરવા મોટી સંખ્યામાં શ્યામપ્રેમીઓ ઉમટી પડ્યા હતા. અખંડ જ્યોતનાં દર્શન, છપ્પન ભોગ અને ભવ્ય આરતી કાર્યક્રમનાં મુખ્ય આકર્ષણ રહ્યાં હતાં. સમગ્ર પરિસર બાબા શ્યામના જયઘોષથી ભક્તિમય બની ગયું હતું.

ભજન સંધ્યામાં પ્રસિદ્ધ ભજન ગાયકોએ એકથી એક ચઢિયાતાં મધુર શ્યામ ભજનોની પ્રસ્તુતી કરીને ઉપસ્થિત શ્રદ્ધાળુઓને ભાવવિભોર કરી દીધા હતા. ભજનોની મધુર સૂરલહરીઓ પર શ્રદ્ધાળુઓ ઝૂમતા જોવા મળ્યા હતા. બાબા શ્યામની મહિમા અને જયઘોષથી રાજસ્થાન ભવનનું વાતાવરણ સંપૂર્ણપણે ભક્તિરસમાં તરબોળ થઈ ગયું હતું.

કાર્યક્રમમાં સંસ્થાના સભ્યો અને સહયોગી સંગઠનોના પ્રતિનિધિઓ ઉપરાંત સમગ્ર હિન્દુ સમાજના વરિષ્ઠ હોદેદારો તેમજ ઉદ્યોગ જગત સાથે સંકળાયેલા બાબા શ્યામના ભક્તોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સામાજિક અને ધાર્મિક ક્ષેત્ર સાથે જોડાયેલા અનેક અગ્રણીઓની ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો.

સંસ્થાના લખનભાઈ અને રાધાકૃષ્ણ સૈનીએ જણાવ્યું હતું કે, દેવઉઠની એકાદશી અને પાટોત્સવ નિમિત્તે આયોજિત આ ભવ્ય શ્યામ ભજન સંધ્યાને લઈને ભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. સંસ્થાના તમામ સભ્યો, સહયોગી સંગઠનો અને શ્યામપ્રેમીઓના સામૂહિક સહયોગથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. તેમણે કાર્યક્રમને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહયોગ આપનાર તમામ લોકો તેમજ ઉપસ્થિત શ્રદ્ધાળુઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ ભવ્ય આયોજને ફરી એકવાર વાપી વિસ્તારમાં ધાર્મિક આસ્થા, સામાજિક સમરસતા અને બાબા શ્યામ પ્રત્યેની ભક્તિનું સુંદર ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું. બાબા શ્યામના જયઘોષ અને ભક્તિમય માહોલ સાથે આ આયોજન શ્રદ્ધાળુઓ માટે યાદગાર બની રહ્યું હતું.

રાજકોટ-પોરબંદર પેસેન્જર ટ્રેન હવે ભક્તિનગરથી શરૂ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૨૦

રાજકોટ અને પોરબંદર વચ્ચે દરરોજ મુસાફરી કરતા રેલવે મુસાફરો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ રેલવે સ્ટેશનના યાર્ડમાં વિકાસકાર્યો હાથ ધરવામાં આવનાર હોવાથી રાજકોટ-પોરબંદર પેસેન્જર ટ્રેનના સંચાલનમાં અસ્થાયી ફેરફાર કરવામાં આવ્યો છે. આ નિર્ણય મુજબ ૨૪ નવેમ્બર, ૨૦૨૬થી ૨૮ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી એટલે કે કુલ ૩૫ દિવસ માટે આ ટ્રેન રાજકોટ જંક્શનને બદલે ભક્તિનગર સ્ટેશનથી ઉપડશે અને પરત ફરતી વખતે પણ ભક્તિનગર સ્ટેશન ખાતે જ તેની મુસાફરી પૂર્ણ કરશે.

રેલવે દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર ટ્રેન નંબર ૫૯૫૬૪/૫૯૫૬૩ રાજકોટ-પોરબંદર-રાજકોટ પેસેન્જર ટ્રેનના નિર્ધારિત સંચાલન દિવસોમાં આ ફેરફાર લાગુ રહેશે.

ટ્રેન નંબર ૫૯૫૬૪: રાજકોટથી પોરબંદર જતી ટ્રેન હવે રાજકોટ જંક્શનને બદલે ભક્તિનગર સ્ટેશનથી ઉપડશે.

ટ્રેન નંબર ૫૯૫૬૩: પોરબંદરથી રાજકોટ આવતી ટ્રેન રાજકોટ જંક્શન સુધી જવાને બદલે ભક્તિનગર સ્ટેશન પર મુસાફરી પૂર્ણ કરશે. ફેરફારનો સમયગાળો: ૨૪ નવેમ્બરથી ૨૮ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી.

રાજકોટ રેલવે સ્ટેશનના યાર્ડમાં ડાઉન મેઈન લાઈન પર બાકી રહેલાં વિકાસકાર્યો પૂર્ણ કરવાનાં છે. આ કામગીરી માટે લાઈન નંબર-૪ પર બ્લોક લેવાનો નિર્ણય પશ્ચિમ રેલવે દ્વારા લેવામાં આવ્યો છે.

રેલવે સંચાલનને સુચારુ રાખવા અને વિકાસકાર્યો સમયસર પૂર્ણ કરવા માટે ટ્રેનનું આંશિક પ્રારંભ અને આંશિક સમાપન ભક્તિનગર સ્ટેશનથી કરવાનો નિર્ણય લેવાયો છે.

રાજકોટ અને પોરબંદર વચ્ચે નોકરી, વ્યવસાય, અભ્યાસ તથા અન્ય કામકાજ માટે દરરોજ મુસાફરી કરતા લોકોને આ ફેરફારની અસર થશે. ખાસ કરીને રાજકોટ જંક્શનથી ટ્રેન પકડતા મુસાફરોએ હવે ભક્તિનગર સ્ટેશન સુધી પહોંચવાની વ્યવસ્થા કરવી પડશે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધકના જણાવ્યા અનુસાર, મુસાફરોની સુવિધા અને રેલવેનું સંચાલન જાળવી રાખવાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આથી રાજકોટ-પોરબંદર વચ્ચે મુસાફરી કરતા લોકોએ ૨૪ નવેમ્બરથી ૨૮ ડિસેમ્બર સુધી આ ફેરફાર ધ્યાનમાં રાખીને પોતાના પ્રવાસનું આયોજન કરવું જરૂરી છે. ખાસ કરીને ટ્રેન પકડવા માટે સ્ટેશન પર પહોંચતાં પહેલાં રેલવેનું અપડેટેડ સમયપત્રક તપાસી લેવું હિતાવહ રહેશે.

બે મિત્રો સાથે પિઝા ખાવા પહોંચેલા ગ્રાહકની ફરિયાદ

જામનગરમાં પિઝામાંથી વાળ અને જીવડું નીકળ્યાની ફરિયાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)
જામનગર,તા.૨૦

જામનગર શહેરના ગ્રીન સિટી વિસ્તારમાં આવેલા પાપા લુઈસ પિઝા પાર્લરમાં ખાદ્ય પદાર્થની ગુણવત્તા અને સ્વચ્છતાને લઈને વિવાદ સામે આવ્યો છે. પિઝામાંથી વાળ અને જીવડું નીકળ્યાની ગ્રાહકની ફરિયાદ બાદ મહાનગરપાલિકાની ફૂડ શાખાની ટીમ તાત્કાલિક તપાસ માટે દોડી ગઈ હતી.

જોકે, તપાસ દરમિયાન પિઝામાં દેખાતું જીવડું હકીકતમાં શેકેલું જીરું બળી જવાથી તેવું દેખાતું હોવાનું જાણવા મળ્યું હતું. તેમછતાં સ્વચ્છતામાં વધુ તકેદારી રાખવા પાર્લરના સંચાલકોને રૂ.૩ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, શિવરાજસિંહ સોલંકી નામના ગ્રાહક બે મિત્રો સાથે ગત રાત્રે ગ્રીન સિટી વિસ્તારમાં આવેલા પાપા લુઈસ પિઝા પાર્લરમાં અનલિમિટેડ પિઝા ખાવા ગયા હતા. આ દરમિયાન તેમને પીરસવામાં આવેલા પિઝામાંથી સૌપ્રથમ વાળ મળી આવ્યો હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. ત્યારબાદ પિઝામાં જીવડું હોવા જેવી વસ્તુ દેખાતાં તેમણે સ્ટાફ સમક્ષ રજૂઆત કરી હતી. જોકે, રેસ્ટોરન્ટના સ્ટાફ દ્વારા પોતાની ભૂલ સ્વીકારવામાં ન આવતાં મામલો મેનેજર સુધી પહોંચ્યો હતો. આ સમગ્ર બાબતથી નારાજ ગ્રાહકે મહાનગરપાલિકાની ફૂડ શાખામાં ફરિયાદ કરવાનો પ્રયાસ કર્યો હતો.

ગ્રાહકની ફરિયાદ ફૂડ વિભાગના ધ્યાને આવતાં મહાનગરપાલિકાની ટીમ પિઝા પાર્લર ખાતે પહોંચી હતી. તપાસ દરમિયાન ગ્રાહકે મંગાવેલા કોરિયન પિઝામાં તલ અને જીરું શેકીને ઉપરથી નાખવામાં આવતું હોવાનું જાણવા મળ્યું હતું.

પિઝામાં દેખાતી જીવાત જેવી વસ્તુ હકીકતમાં શેકેલું જીરું બળી જવાને કારણે તેવી દેખાતી હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. એટલે કે ગ્રાહકને જીવડું દેખાયું હોવાની ફરિયાદ અંગે તપાસમાં અલગ હકીકત સામે આવી હતી.

ફૂડ શાખાની ટીમે પાર્લરમાં ખાદ્ય પદાર્થોની સ્વચ્છતા અને આરોગ્યપ્રદ સ્થિતિ જાળવવા સંચાલકોને તાકીદ કરી હતી. વધુ તકેદારી રાખવાના ભાગરૂપે પિઝા પાર્લરના સંચાલકોને રૂ.૩,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો.

આ ઉપરાંત પાર્લરમાં નિયમિત સાફ-સફાઈ રાખવા, ખાદ્ય પદાર્થોની ગુણવત્તા જાળવવા અને ગ્રાહકોને સ્વચ્છ તથા આરોગ્યપ્રદ ભોજન પીરસવા કડક સૂચના આપવામાં આવી હતી.

આ ઘટનાને પગલે શહેરના ફૂડ પાર્લરો અને રેસ્ટોરન્ટમાં સ્વચ્છતા તથા ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન કેટલું જરૂરી છે તે મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. ગ્રાહકોના આરોગ્ય સાથે કોઈ બાંધછોડ ન થાય તે માટે ફૂડ વિભાગ દ્વારા નિયમિત તપાસની જરૂરિયાત પણ સામે આવી છે.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક


વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

ભારત સરકારે કૃષિ ક્ષેત્રને સબસિડી આપવાનો લીધેલો મહત્ત્વને નિર્ણય



એક તરફ ભારતમાં કૃષિ ક્ષેત્રને અપાતી સબસિડી વિશ્વભરમાં સતત ચર્ચાની બાબત બની રહી છે. આવામાં સરકારે ખેડૂતોને અપાતી ખાતરની સબસિડીને ચાલુ રાખવાનો યોગ્ય નિર્ણય લીધો છે. આમે પણ ડીઝલ, બીજ, દવાઓ અને મજૂરીના ભાવ એટલા બધા વધી ગયા છે કે, ધરતીપુત્રો માટે ખેતી દિવસોદિવસ ખોટનું કામ બની રહી છે. આવામાં ખાતરમાં રાહત ખેતીના વ્યવસાય માટે હળવાશનું કામ કરશે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ તેલ અને ખાતરના ભાવ વધવા છતાં સરકારે કિસાનોને આ રાહત આપવાનો મહત્ત્વને નિર્ણય લીધો છે. સરકારે લીધેલા આ નિર્ણય મુજબ વર્ષ ૨૦૨૬-૨૭ની



રવીની મૌસમ માટે ખાતર પર રૂપિયા ૬૨,૩૭૦ કરોડની સબસિડી આપાશે અને ડીએપીની ૫૦ કિલોની બોરીની કિંમત રૂા.૧,૩૫૦ રખાઈ છે. ખેડૂતોને તેમની ઉપજના પૂરતા ભાવો મેળવવામાં પણ મુશ્કલી નડી રહી છે, તેવામાં આ રાહત તેમની ચિંતામાં ઘટાડો કરશે. હાલે પશ્ચિમ એશિયામાં ચાલતા સંઘર્ષ અને રશિયા યુક્રેન વચ્ચેનાં જંગને લીધે આંતરરાષ્ટ્રીય પુરવઠા વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. આના લીધે ખાતરનાં ઉત્પાદન પર મોટી અસર પડી છે. પરિણામે ભાવો સતત વધી રહ્યા છે. ગયા વર્ષની રવીની મૌસમની સરખામણીએ ખાતરમાં અપાતી સબસિડીમાં રૂા.૨૪,૪૧૮ કરોડનો જંગી વધારો સરકારને ખેડૂતોની ચિંતા હોવાની પ્રતીતિ કરાવે છે. આ સબસિડીને અવળી રીતે મૂલવવાને બદલે તેને કૃષિ ઉત્પાદન અને ખાદ્ય સલામતી માટે ચાવીરૂપ હોવાની દૃષ્ટિએ જોવાની ખાસ જરૂરત છે. ખાતરના ભાવો વધુ હોય તો તેની ખેતપેદાશો પર સીધી અસર વર્તાય છે. આવામાં ખેતપેદાશોના ભાવો વધે તો મોંઘવારી વધી જાય છે. એટલે ખેતપેદાશોને આવી સબસિડીની મદદથી કિફાયતી રાખવાનો સરકારનો ઈરાદો સ્પષ્ટ રીતે સમજી શકાય તેમ છે, પણ આ આર્થિક રાહતનો લાભ કિસાનો સુધી પહોંચે તે માટે સરકારે ખાસ ધ્યાન આપતાં રહેવું પડશે. એવા કિસ્સા વધી રહ્યા છે, જ્યાં ખેતીની મોસમ દરમ્યાન ખાતરની અછત સર્જાય છે અને કિસાનોને તે મેળવવા લાંબી કતારોમાં રાહ જોવી પડે છે. માલની અછત કાળાબજારને પ્રત્સાહન આપે છે. અવામાં સરકારે ખાતરનાં વિતરણ, ઉપલબ્ધિ અને વેચાણ પર સતત નજર રાખવાની તાતી જરૂરત હવે લાંબા સમયથી વર્તાઈ રહી છે. ખરેખર તો સરકાર જ્યારે ખેડૂતોને રાહત માટે આટલી જંગી રકમ ખર્ચ કરતી હોય ત્યારે તેનો લાભ વચેટિયાઓ અને કાળાબજારિયાઓ ઉઠાવી જાય તે કોઈપણ હિસાબે ચલાવી લેવાય નહીં. સરકારે ખાતરની સબસિડી ચાલુ રાખવાની સાથોસાથ નાના વેપારી અને કારીગરોને મુદ્રા યોજના તળે અપાતી ધિરાણ ગેરન્ટી યોજનાને પાંચ વર્ષ માટે લંબાવવાનો નિર્ણય લીધો છે. આ ગેરન્ટી યોજના તળે પાંચ હજાર કરોડના ભંડોળની મદદથી પાંચ વર્ષમાં ૧૨.૬ લાખ કરોડનું ધિરાણ ઉપલબ્ધ કરાવવાની સરકારની નેમ છે. સરકારના ખાતર સબસિડી અને મુદ્રા યોજનાના નિર્ણય દેશના પાયાના સ્તરના ખેડૂતો અને વ્યાસાયિકો માટે આશીર્વાદ સમાન બની રહેશે.

તુલસી વિવાહઃ વૃંદાના પતિ વ્રતથી તુલસીના માહાત્મ્ય સુધી

ભગવાન વિષ્ણુના શાલિગ્રામ સ્વરૂપ સાથે તુલસીજીના વિવાહ અને વૃંદા જાલંધરની પૌરાણિક કથા

કારતક સુદ એકાદશી જેને દેવઉઠી એકાદશી, પ્રબોધિની એકાદશી કે તુલસી વિવાહની એકાદશી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે હિંદુ ધર્મમાં અત્યંત પવિત્ર અને મહત્તવપૂર્ણ દિવસ છે. ચાતુર્માસ દરમિયાન યોગનિદ્રામાં રહેલા ભગવાન શ્રીવિષ્ણુ આ દિવસે જાગૃત થાય છે એવી ધાર્મિક માન્યતા છે. આ દિવસથી શુભ અને માંગલિક કાર્યોની શરૂઆત થાય છે, અનેક ઘરોમાં તુલસીજીના વિવાહ ભગવાન વિષ્ણુના શાલિગ્રામ સ્વરૂપ સાથે કરવામાં આવે છે. તુલસી વિવાહ માત્ર એક ધાર્મિક વિધિ નથી પરંતુ ભક્તિ, પવિત્રતા, પતિપત્નીના અખંડ વિશ્વાસ, ત્યાગ, સત્યનિષ્ઠા અને ભગવાનની લીલાના ગૂઢ સંદેશ સાથે જોડાયેલું પર્વ છે, તેની સાથે વૃંદા અને જાલંધરની કથા પણ જોડાયેલી છે જે શિવપુરાણ સહિતની પૌરાણિક પરંપરાઓમાં વર્ણવવામાં આવે છે.

શિવજીની નેત્રાગ્નિમાંથી જાલંધરનું પ્રાગટ્યઃ શિવપુરાણની રૂદ્રસંહિતા, યુદ્ધખંડમાં જાલંધરના જન્મ અને તેના વિવાહનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. કથા અનુસાર એક વખત દેવરાજ ઈન્દ્ર અને દેવતાઓ ભગવાન શિવના દર્શનાર્થે ગયા, ત્યાં તેમને એક રહસ્યમય અને ભયંકર તેજસ્વી પુરૂષ મળ્યો, ઈન્દ્રએ તેની ઓળખ જાણવા પ્રયત્ન કર્યો પરંતુ તેણે કોઈ જવાબ આપ્યો નહીં. ઈન્દ્ર ક્રોધિત થઈને તેના પર વજ્રનો પ્રહાર કર્યો આથી ભગવાન શિવ અત્યંત ક્રોધિત થયા અને તેમના કપાળમાંથી ભયંકર અગ્નિ તથા તેજ પ્રગટ થયું. ભગવાન શિવના નેત્રમાંથી ઉત્પન્ન થયેલી આ અગ્નિ એટલી પ્રચંડ હતી કે તેનો વિનાશક પ્રભાવ સમગ્ર સૃષ્ટિ પર પડી શકે તેમ હતો. દેવતાઓના હિત અને સૃષ્ટિના રક્ષણ માટે ભગવાન શિવે આ અગ્નિતેજને ક્ષારસમુદ્રમાં ફેંકી દીધું. સમુદ્રના જળમાં એ દિવ્ય તેજ એક બાળકના સ્વરૂપમાં પ્રગટ થયું.

આ બાળકના રૂદનથી પૃથ્વી સ્વર્ગ અને અન્ય લોકમાં હાહાકાર મચી ગયો, તેના રૂદનનો અવાજ એટલો પ્રચંડ હતો કે દેવતાઓ પણ ભયભીત થઈ ગયા, આ અદ્‌ભુત ઘટના જોઈ બ્રહ્માજી બાળકને જોવા આવ્યા. બાળક બ્રહ્માજીના ખોળામાં આવ્યું અને તેમની દાઢી પકડીને જોરથી ખેંચવા લાગ્યું. બ્રહ્માજીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં ત્યારબાદ બ્રહ્માજીએ આ બાળકનું નામ જાલંધર રાખ્યું. જાલંધરને ભગવાન શિવના નેત્રાગ્નિમાંથી જન્મેલો હોવાથી અત્યંત શક્તિશાળી પરાક્રમી અને અજેય બનવાનું વરદાન મળ્યું. બ્રહ્માજીએ જણાવ્યું કે આ બાળકનો વધ ભગવાન રૂદ્ર સિવાય અન્ય કોઈ કરી શકશે નહીં. સમુદ્રે તેને પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યો અને પ્રેમથી તેનો ઉછેર કર્યો. જાલંધર મોટો થઈને અસુરોનો મહાન રાજા બન્યો.

જાલંધર અને વૃંદાના લગ્નઃ જાલંધર યુવાન થયો ત્યારે સમુદ્રદેવે તેના લગ્ન માટે યોગ્ય કન્યા શોધવાનું નક્કી કર્યું, તેમણે મહાન અસુર કાલનેમિને બોલાવી તેની પુત્રી વૃંદાનો હાથ જાલંધર માટે માંગ્યો, કાલનેમિએ સમુદ્રદેવના પ્રસ્તાવને સ્વીકાર્યો અને પોતાની પુત્રી વૃંદાના લગ્ન જાલંધર સાથે કરાવ્યાં. વૃંદા અત્યંત સુંદર ગુણવાન, ધર્મનિષ્ઠા અને પતિવ્રતામાં અડગ એવી સ્ત્રી હતી, તે પોતાના પતિ પ્રત્યે નિષ્ઠાવાન અને પ્રેમાળ હતી. જાલંધર પણ વૃંદાને ખૂબ પ્રેમ કરતો હતો. તેમના લગ્ન પ્રસંગે અસુરો નદીઓ અને સમુદ્રમાં આનંદની લાગણી પ્રસરી હતી. જાલંધર પોતાની પત્ની વૃંદા સાથે સુખપૂર્વક જીવન જીવવા લાગ્યો અને શુક્રાચાર્યના માર્ગદર્શન હેઠળ રાજ્ય ચલાવવા લાગ્યા.

વૃંદાનું પતિવ્રત અને જાલંધરની શક્તિઃ વૃંદાનું પતિવ્રત તેના જીવનની સૌથી મોટી શક્તિ હતી. પૌરાણિક માન્યતા અનુસાર વૃંદાની પવિત્રતા અને અખંડ પતિવ્રતના પ્રભાવથી જાલંધર અતિશય શક્તિશાળી બનીગયો હતો. દેવતાઓ સાથેના યુદ્ધમાં તેને હરાવવો મુશ્કેલ બન્યો. જાલંધરે પોતાના પરાક્રમ અને શક્તિથી દેવતાઓને પડકાર્યા. ધીમે ધીમે તેના મનમાં અહંકાર સત્તાની લાલસા અને વિજયની ભાવના વધવા લાગી. શક્તિ જ્યારે વિવેકથી અલગ થઈ જાય ત્યારે તે વિનાશનું



કારણ બની શકે છે. જાલંધર પાસે બળ પરાક્રમ અને વરદાન હતાં પરંતુ તેના મનમાં વધતા અહંકારને કારણે તે ધર્મની મર્યાદાઓથી દૂર જવા લાગ્યો, આ જ તેના જીવનના પતનનું કારણ બન્યું.

જાલંધરનો અહંકાર અને ભગવાન શિવ સાથેનું યુદ્ધઃ જાલંધર જ્યારે દેવતાઓ પર વિજય મેળવવા લાગ્યો ત્યારે તેના મનમાં અહંકાર વધતો ગયો. દેવર્ષિ નારદે



જાલંધરને ભગવાન શિવ અને માતા પાર્વતીના દિવ્ય સ્વરૂપ તથા મહિમા વિશે જણાવ્યું. આ વાત સાંભળીને જાલંધરના મનમાં માતા પાર્વતીને પ્રાપ્ત કરવાની અયોગ્ય ઈચ્છા જાગી, તેણે ભગવાન શિવને પડકાર્યા અને યુદ્ધ માટે તૈયાર થયો. ભગવાન શિવ અને જાલંધર વચ્ચે ભયંકર યુદ્ધ થયું. જાલંધર પાસે શિવજીના જ તેજમાંથી ઉત્પન્ન થયેલી શક્તિ હતી પરંતુ તેના મનમાં અધર્મ અને અહંકારનો પ્રવેશ થઈ ગયો હતો. જાલંધરની શક્તિનું રહસ્ય વૃંદાના અખંડ પતિવ્રત ધર્મમાં રહેલું હતું. જ્યાં સુધી વૃંદાનું પતિવ્રત અખંડ રહે ત્યાં સુધી જાલંધરને પરાજિત કરવો અશક્ય હતો. દેવતાઓ આ સંકટમાંથી મુક્તિ મેળવવા માટે ભગવાન વિષ્ણુની શરણમાં ગયા.

ભગવાન વિષ્ણુની લીલા અને વૃંદાનો શાપઃ પૌરાણિક કથાના પ્રચલિત વર્ણન મુજબ ભગવાન વિષ્ણુએ દેવતાઓના રક્ષણ અને ધર્મની સ્થાપના માટે એક યુક્તિ કરી, તેઓ જાલંધરનું રૂપ ધારણ કરીને વૃંદાની સમક્ષ ગયા, વૃંદાએ પોતાના પતિ સમજીને ભગવાન વિષ્ણુનું સ્વાગત કર્યું, જ્યારે વૃંદાને સત્યનો બોધ થયો કે તેમની સાથે છેતરપિંડી થઈ છે અને સામે આવેલા પતિ જાલંધર નથી ત્યારે તે અત્યંત દુઃખી અને ક્રોધિત થઈ ગઈ. પોતાના પતિવ્રત ધર્મ સાથે થયેલા આ કપટથી આઘાત પામેલી વૃંદાએ ભગવાન વિષ્ણુને શાપ આપ્યો કે તમે પણ પથ્થર બની જશો. વૃંદાના શાપને ભગવાન વિષ્ણુએ સ્વીકાર્યો અને તેઓ શાલિગ્રામ શિલાના સ્વરૂપે પૂજાવા લાગ્યા એવી લોકપ્રચલિત માન્યતા છે. વૃંદાના પતિવ્રતના ભંગથી જાલંધરની શક્તિ ક્ષીણ થઈ અને ભગવાન શિવે યુદ્ધમાં જાલંધરનો સંહાર કર્યો. આમ, જાલંધરનો અંત થયો અને દેવતાઓને તેના આતંકમાંથી મુક્તિ મળી.

વૃંદામાંથી તુલસીનો પ્રાગટ્ય અને શાલિગ્રામ સાથે વિવાહની પરંપરા..

વૃંદાના ત્યાગ પવિત્રતા અને ભગવાન પ્રત્યેના અખંડ ભાવથી પ્રસન્ન થઈ ભગવાન વિષ્ણુએ તેને દિવ્ય મહિમા આપ્યો. પ્રચલિત કથામુજબ વૃંદા તુલસીના પવિત્ર છોડના સ્વરૂપમાં પ્રગટ થઈ. ભગવાન વિષ્ણુએ વૃંદાને આશીર્વાદ આપ્યો કે તુલસી સમગ્ર જગતમાં પવિત્ર માનવામાં આવશે અને તેમની પૂજામાં તુલસી વિના ભક્તિ અધૂરી ગણાશે. ભગવાન વિષ્ણુએ શાલિગ્રામ સ્વરૂપ ધારણ કર્યું અને તુલસી સાથેનો તેમનો સંબંધ ભક્તિ તથા પવિત્રતાના પ્રતીક તરીકે સ્થાપિત થયો ત્યારથી કારતક માસના શુક્લ પક્ષમાં તુલસી વિવાહની પરંપરા પ્રચલિત બની. અનેક પરિવારો કારતક સુદ અગિયારસથી કારતક સુદ પૂનમ સુધી શુભ મુહૂર્તમાં તુલસી વિવાહ કરે છે, કેટલીક પરંપરાઓમાં દ્વાદશીનો દિવસ વિશેષ માનવામાં આવે છે.

તુલસી વિવાહનો આધ્યાત્મિક સંદેશઃ તુલસી વિવાહની કથા આપણને જીવનનાં અનેક ઊંડાં સત્યો સમજાવે છે.

પતિવ્રત અને નિષ્ઠાવૃંદાનું જીવન પતિ પ્રત્યેની અખંડ નિષ્ઠાનું પ્રતીક છે,

કોઈપણ સંબંધનો પાયો વિશ્વાસ સત્ય અને સમર્પણ છે,

શક્તિ સાથે વિવેક જરૂરીજાલંધર પાસે અસીમ શક્તિ હતી પરંતુ અહંકાર અને અધર્મે તેને પતન તરફ દોરી ગયો, શક્તિનો ઉપયોગ લોકકલ્યાણ માટે થવો જોઈએ,

પ્રકૃતિ પ્રત્યે આદર તુલસી માત્ર એક છોડ નથી પરંતુ ભારતીય સંસ્કૃતિમાં ઔષધીય ગુણો, શુદ્ધતા, પર્યાવરણ અને જીવનદાયી પ્રકૃતિનું પ્રતીક છે,

ભક્તિ અને સમર્પણ તુલસી અનેશાલિગ્રામનું પૂજન આપણને પરમાત્મા સાથે પ્રેમ શ્રદ્ધા અને નિર્મળ ભાવથી જોડાવાની પ્રેરણા આપે છે.

અહંકારનો ત્યાગ જાલંધરની કથા સમજાવે છે કે કોઈપણ વ્યક્તિ ગમે તેટલી શક્તિશાળી હોય પરંતુ અહંકાર અન્યાય અને અનૈતિકતા અંતે તેના પતનનું કારણ બને છે.

તુલસી વિવાહ એ ભક્તિ, પવિત્રતા, પ્રેમ, પ્રકૃતિ અને પરમાત્મા સાથેના સંબંધનું પવિત્ર પર્વ છે. વૃંદા અને જાલંધરની કથા આપણને શીખવે છે કે જીવનમાં શક્તિ કરતાં સદાચાર, વિજય કરતાં વિનમ્રતા અને ભૌતિક સંપત્તિ કરતાં આત્માની પવિત્રતા વધારે મહત્ત્વ ધરાવે છે. ભગવાન વિષ્ણુના શાલિગ્રામ સ્વરૂપ અને તુલસીજીના વિવાહ દ્વારા ભક્તો પોતાના ઘરમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને ભક્તિનું વાતાવરણ સર્જે છે. તુલસીના પાન ભગવાનને અર્પણ કરતાં આપણે માત્ર એક પત્ર અર્પણ કરતા નથી પરંતુ આપણા હૃદયની શ્રદ્ધા, પ્રેમ, નિર્મળતા અને સમર્પણ પણ પરમાત્માના ચરણોમાં મૂકીએ છીએ. તુલસી વિવાહનો સાચો ભાવ એ છે કે જીવનમાં ભક્તિ ખીલે, હૃદયમાં પવિત્રતા રહે, સંબંધોમાં વિશ્વાસ જળવાય અને દરેક કાર્યમાં પરમાત્માની સ્મૃતિ બની રહે.

કારતક સુદ ૧૨ ભાગવત દ્વાદશીનું માહાત્મ્યઃ ભક્તિ, ધર્મ, દાન, સંયમ અને ભગવાનના સ્મરણનો પવિત્ર દિવસ

કારતક સુદ ૧૨ને કેટલીક પ્રાદેશિક પંચાંગ પરંપરાઓમાં તુલસી વિવાહ દ્વાદશી, પ્રબોધિની દ્વાદશી કે યોગેશ્વર દ્વાદશી તરીકે ઓળખવામાં આવે છે. મહારાષ્ટ્રની વારકરી પરંપરામાં કાર્તિકી યાત્રા અને ભાગવત એકાદશીના નામનો પણ વિશેષ સંદર્ભ જોવા મળે છે. તિથિની ગણતરી અને વ્રતની પરંપરા પ્રદેશ તથા સંપ્રદાય પ્રમાણે અલગ હોઈ શકે છે. ભારતીય સનાતન ધર્મ અને સંસ્કૃતિમાં કારતક માસનું વિશેષ મહત્ત્વ રહેલું છે. આ માસ ભક્તિ, પવિત્રતા, સ્નાન, દાન, તપ, જપ, પૂજન અને આત્મચિંતનનો માસ ગણાય છે. કારતક માસ દરમિયાન ભગવાન વિષ્ણુની આરાધના, તુલસી પૂજન, દીપદાન, સત્સંગ અને ધાર્મિક અનુષ્ઠાનો દ્વારા મનુષ્ય પોતાના જીવનને સાત્વિક અને આધ્યાત્મિક બનાવવાનો પ્રયત્ન કરે છે.

કારતક સુદ ૧૨ એટલે કારતક શુક્લ દ્વાદશીનો દિવસ પણ ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. પ્રબોધિની એકાદશી પછી આવતી આ દ્વાદશી ચાતુર્માસની પૂર્ણાહુતિ, ભગવાન વિષ્ણુની જાગૃતિ, તુલસી વિવાહની પરંપરા, એકાદશી વ્રતના પારણાં અને ભક્તિભાવના સાથે જોડાયેલી છે. કેટલીક પરંપરાઓમાં આ દિવસને તુલસી વિવાહ દ્વાદશી અથવા યોગેશ્વર દ્વાદશી તરીકે ઓળખવામાં આવે છે. દ્વાદશીનું મહત્ત્વ આપણને ભગવાન પ્રત્યે શ્રદ્ધા રાખવા, જીવનમાં સંયમ અપનાવવા, દાનસેવા કરવા અને મનના દોષો દૂર કરવાનો સંદેશ આપે છે.

ચાતુર્માસ પૂર્ણ થવાની પવિત્ર ભાવનાઃ- આષાઢ સુદ એકાદશીથી શરૂ થતો ચાતુર્માસ ધાર્મિક પરંપરા મુજબ ભગવાન વિષ્ણુના યોગનિદ્રા કાળ તરીકે માનવામાં આવે છે. આ સમય દરમિયાન ભક્તો વિશેષ વ્રત, નિયમ, જપ, તપ, પૂજા, સત્સંગ અને સાત્વિક જીવનનું પાલન કરે છે. કારતક સુદ એકાદશીને દેવઉઠી એકાદશી કે પ્રબોધિની એકાદશી કહેવામાં આવે છે જે ભગવાન વિષ્ણુના જાગરણ સાથે જોડાયેલી છે. ભગવાનનું જાગરણ એ ચાતુર્માસના અંત અને ભક્તિની નવી શરૂઆતનું પ્રતીક છે. દ્વાદશી આ જ ભક્તિ પરંપરાની આગળની કડી છે. ચાતુર્માસ દરમિયાન કરેલા નિયમો સંયમ અને સાધનાનો જીવનમાં સતત અમલ કરવાનો સંકલ્પ આ દિવસનું આંતરિક મહત્ત્વ છે. મનુષ્યના જીવનમાં પણ ઘણીવાર અજ્ઞાન, મોહ, માયા, સ્વાર્થ અને અહંકારનું આવરણ છવાઈ જાય છે, તે બાહ્ય રીતે જાગતો હોવા છતાં અંતરાત્માની જાગૃતિથી દૂર રહે છે. જ્યારે સત્સંગ, જ્ઞાન, ભક્તિ અને આત્મચિંતન દ્વારા અંતરમાં સદ્‌બુદ્ધિનો પ્રકાશ પ્રગટે છે ત્યારે સાચા અર્થમાં આધ્યાત્મિક જાગરણ થાય છે. ભગવાનના જાગરણનો આ પ્રસંગ આપણને પણ જીવનમાં જાગૃત થવાનું આમંત્રણ આપે છે. દુર્ગુણોમાંથી સદ્‌ગુણો તરફ, સ્વાર્થમાંથી પરમાર્થ તરફ, દ્વેષમાંથી પ્રેમ તરફ અને અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ આગળ વધવાનો સંદેશ આપે છે.

તુલસી વિવાહની પૌરાણિક પરંપરા..

કારતક માસમાં તુલસી વિવાહનું વિશેષ મહત્ત્વ રહેલું છે. તુલસીજીને ભગવાન વિષ્ણુ અને શ્રીકૃષ્ણની પ્રિય માનવામાં આવે છે. કારતક સુદ એકાદશીથી કારતક પૂર્ણિમા સુધી વિવિધ પરંપરાઓમાં તુલસી વિવાહ યોજાય છે જેમાં દ્વાદશીનો દિવસ વિશેષ પ્રચલિત છે. તુલસીજીનો શાલિગ્રામ સ્વરૂપ ભગવાન વિષ્ણુ સાથે વિવાહ કરાવવાની પરંપરા અનેક પ્રદેશોમાં જોવા મળે છે. પુરાણોમાં વૃંદા અને જાલંધરની કથા તુલસીના પવિત્ર સ્વરૂપ સાથે જોડાયેલી છે. વૃંદાની પતિવ્રતા અડગ શ્રદ્ધા અને ભગવાન વિષ્ણુ સાથેના પ્રસંગને વિવિધ પુરાણોમાં જુદીજુદી વિગતો સાથે વર્ણવવામાં આવ્યો છે, આ કથાની પરંપરા તુલસીના દિવ્ય મહત્ત્વ અને ભગવાન વિષ્ણુ સાથેના સંબંધને સમજાવે છે. તુલસી વિવાહ માત્ર એક ધાર્મિક વિધિ નથી પરંતુ પ્રકૃતિ અને પરમાત્મા વચ્ચેના પવિત્ર સંબંધનું પ્રતીક છે. તુલસીના છોડનું જતન, તેને પાણી આપવું, પર્યાવરણને શુદ્ધ રાખવું અને વૃક્ષો વનસ્પતિ પ્રત્યે આદર રાખવો એ પણ પ્રકૃતિની સેવા છે. આ પર્વ આપણને સમજાવે છે કે ધર્મ માત્ર મંદિરો અને પૂજાવિધિઓમાં સીમિત નથી. પ્રકૃતિની રક્ષા કરવી, જીવમાત્ર પ્રત્યે દયા રાખવી અને જીવનને પવિત્ર ભાવથી જીવવું એ પણ ધર્મનું જ સ્વરૂપ છે.

એકાદશી વ્રત અને દ્વાદશી પારણાંનું મહત્ત્વઃ એકાદશીનું વ્રત હિંદુ ધર્મમાં અત્યંત પવિત્ર માનવામાં આવે છે, અનેક ભક્તો આ દિવસે અનાજનો ત્યાગ, ફળાહાર, જપ, ધ્યાન, ભગવાનનું સ્મરણ અને સત્સંગ કરે છે. વ્રતની પરંપરા વ્યક્તિને ઇન્દ્રિય સંયમ શિસ્ત અને આત્મનિયંત્રણ શીખવે છે. દ્વાદશી દિવસે યોગ્ય



સંકલન

સુમિત્રાબેન દાદુભાઈ નિરંકારી
છક્કડીયા (ધાણીત્રા)
તા. ગોધરા જી. પંચમહાલ

સમય અને પરંપરા અનુસાર વ્રતનું પારણું કરવામાં આવે છે, પારણું માત્ર ઉપવાસ પૂર્ણ કરવાનો પ્રસંગ નથી પરંતુ સંયમ અને ભક્તિની સાધનાને જીવનમાં ઉતારવાનો સંકલ્પ પણ છે. જો વ્યક્તિ એક દિવસ ઉપવાસ કરીને બીજા દિવસે ફરી ક્રોધ, ઈર્ષ્યા, લોભ, નિંદા અને અહંકારમાં જ જીવન વિતાવે તો વ્રતનો આંતરિક હેતુ અધૂરો રહે છે. સાચો ઉપવાસ એ છે કે આપણે મનના દુર્ગુણોથી દૂર રહેવાનો પ્રયાસ કરીએ, કોઈની નિંદા ન કરીએ, કોઈનું અપમાન ન કરીએ, કોઈની પ્રગતિ જોઈને ઈર્ષ્યા ન કરીએ અને આપણા સ્વભાવમાં નમ્રતા તથા સહનશીલતા વિકસાવીએ. ભોજનનો ઉપવાસ શરીરને સંયમ શીખવે છે જ્યારે દુર્ગુણોનો ઉપવાસ આત્માને શુદ્ધ કરે છે.

ભગવદ્ ગીતાઃ૧૭/૨૦માં ભગવાન શ્રીકૃષ્ણ દાનના ત્રણ પ્રકાર સમજાવે છે. યોગ્ય સમયે, યોગ્ય સ્થળે, યોગ્ય વ્યક્તિને કોઈ અપેક્ષા વિના કરેલું દાન સાત્વિક દાન કહેવાય છે. દાન કરવું એ કર્તવ્ય છે એવા ભાવથી, કોઈ વળતરની અપેક્ષા રાખ્યા વગર, યોગ્ય સ્થળે, યોગ્ય સમયે અને યોગ્ય પાત્રને જે દાન આપવામાં આવે છે તે સાત્વિક દાન કહેવાય છે. આ શ્લોક દ્વાદશીના ભાવ સાથે ખૂબ સુંદર રીતે જોડાય છે. આ દિવસે અન્નદાન, જરૂરિયાતમંદોને કપડાં આપવાં, ગરીબોની મદદ કરવી, બીમાર વ્યક્તિની સેવા કરવી, વૃદ્ધોને સહાય કરવી અને નિરાધાર વ્યક્તિને આશ્રય આપવો એ પુણ્યકાર્ય છે. દાન કરતી વખતે દાતાની મોટાઈ નહીં પરંતુ દાન પાછળની નિઃસ્વાર્થ ભાવના મહત્ત્વ ધરાવે છે. કોઈના દુઃખમાં સહભાગી થવું, કોઈ નિરાશ વ્યક્તિને આશા આપવી, કોઈ ભૂખ્યા જીવને અન્ન આપવું અને કોઈ એકલવાયી વ્યક્તિને પ્રેમ આપવો એ પણ દાનનાં સુંદર સ્વરૂપોછે.

સત્સંગ ભાગવત શ્રવણ અને નામસ્મરણઃ કારતક માસમાં ભગવાનની કથા, ભાગવત શ્રવણ, ભગવદ્ ગીતા વાંચન, ભજન, કીર્તન અને સત્સંગનું વિશેષ મહત્ત્વ રહેલું છે. શ્રીમદ્ ભાગવત મહાપુરાણ ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને પરમાત્મા પ્રત્યેના પ્રેમનું અમૃતમય ગ્રંથ છે. ભગવાનના ભક્તોના જીવનપ્રસંગો આપણને સમજાવે છે કે સાચી શ્રદ્ધા વ્યક્તિના જીવનમાં શાંતિ, નિર્ભયતા, સમર્પણ અને સદાચારનું નિર્માણ કરે છે. સત્સંગનો સાચો લાભ ત્યારે મળે છે જ્યારે સાંભળેલી વાતો આપણા જીવનમાં ઉતરે. ક્ષમાની વાત સાંભળીને ક્ષમા અપનાવીએ, સેવાની વાત સાંભળીને નિઃસ્વાર્થ સેવા કરીએ, સત્યની વાત સાંભળીને પ્રામાણિક જીવન જીવીએ અને ભક્તિની વાત સાંભળીને પરમાત્માનું સ્મરણ કરીએ. આ રીતે સત્સંગ માત્ર શ્રવણનો વિષય ન રહે પરંતુ જીવન પરિવર્તનનું સાધન બની જાય છે.

જીવનમાં અપનાવવા જેવા દ્વાદશીના સંકલ્પઃ- આ પવિત્ર દિવસે આપણે થોડું આત્મચિંતન કરીએ અને જીવનમાં સારા સંકલ્પ લઈએ. કોઈની નિંદા કે અપમાન ન કરવું, માતા-પિતા અને વડીલોનું સન્માન કરવું, જરૂરિયાતમંદ વ્યક્તિની નિઃ સ્વાર્થ સેવા કરવી, સત્ય અને પ્રામાણિકતાનો માર્ગ અપનાવવો, ક્રોધ, ઈર્ષ્યા, લોભ અને અહંકાર ઘટાડવાનો પ્રયાસ કરવો, પ્રકૃતિ વૃક્ષો અને જીવમાત્ર પ્રત્યે દયાભાવ રાખવો, રોજ થોડો સમય સત્સંગ પ્રાર્થના અને આત્મચિંતન માટે ફાળવવો, ધાર્મિક નિયમોને માત્ર તિથિ પૂરતા નહીં પરંતુ જીવનનો ભાગ બનાવવો. આ સંકલ્પો કોઈ એક દિવસ પૂરતા મર્યાદિત ન રહે પરંતુ જીવનની દિશા બની જાય તો દ્વાદશીની સાધના સાર્થક બને.

દ્વાદશી આપણને એ સમજાવે છે કે ધાર્મિક જીવનનો હેતુ માત્ર કોઈ વિશેષ તિથિએ પૂજા કરવી, ઉપવાસ રાખવો કે દાન કરવું એટલો જ નથી. ધર્મનો સાચો હેતુ મનુષ્યના સ્વભાવમાં પરિવર્તન લાવવાનો છે. મન શુદ્ધ બને, વાણી મધુર બને, વ્યવહાર સદાચારી બને, હૃદયમાં કરૂણા જાગે અને જીવનમાં પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા દ્રઢ બને ત્યારે જ ધાર્મિક સાધના જીવનમાં ફળદાયી બને છે. ભગવાનને અર્પણ કરેલો દીવો આપણને યાદ કરાવે છે કે આપણા અંતરમાં પણ જ્ઞાનનો દીવો પ્રગટવો જોઈએ. તુલસીની પૂજા આપણને પ્રકૃતિની પવિત્રતા સમજાવે છે. ઉપવાસ આપણને સંયમ શીખવે છે. દાન આપણને નિઃસ્વાર્થતા શીખવે છે અને સત્સંગ આપણને સન્માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે.

કારતક સુદ૧૨ દ્વાદશી એ ભક્તિ, સંયમ, સેવા, દાન, પ્રકૃતિપ્રેમ અને આધ્યાત્મિક જાગૃતિનો પવિત્ર દિવસ છે. ચાતુર્માસની સાધનાની પૂર્ણાહુતિ સાથે આ દિવસ આપણને નવા સદ્‌સંકલ્પો લેવા અને જીવનને વધુ પવિત્ર સાત્વિક તથા માનવતાપૂર્ણ બનાવવાની પ્રેરણા આપે છે. આપણે ભગવાન પાસે માત્ર ભૌતિક સુખસંપત્તિ જ ન માગીએ પરંતુ સદ્‌બુદ્ધિ, નમ્રતા, ક્ષમા, સંતોષ, કરૂણા અને નિઃસ્વાર્થ સેવાની ભાવના પણ માગીએ. આવો... દ્વાદશીના પવિત્ર અવસરે સંકલ્પ કરીએ કે આપણા જીવનમાં ભક્તિ સાથે માનવતા, શ્રદ્ધા સાથે સદાચાર અને પૂજા સાથે સેવા પણ સતત જળવાઈ રહે. પરમાત્માનું નામ સુમિરણ આપણા અંતરને પ્રકાશિત કરે, સત્સંગ આપણા વિચારોને શુદ્ધ કરે, સેવા આપણા જીવનને સાર્થક બનાવે અને પ્રેમ તથા કરૂણાથી સમગ્ર માનવસમાજમાં સુખશાંતિનો પ્રકાશ પ્રસરે એ જ આ પવિત્ર દ્વાદશીનો સાચો સંદેશ છે.

સ્પોર્ટ્સ ન્યુઝ

યુઝવેન્દ્ર ચહલે રચ્યો ઈતિહાસ

ચહલ T20 ક્રિકેટમાં ૪૦૦ વિકેટ લેનાર પ્રથમ ભારતીય બોલર બન્યો

તમિલનાડુ સામે ત્રણ વિકેટ ઝડપીને ચહલે મેળવી સિદ્ધિ; ભુવનેશ્વર કુમાર ૩૯૯ વિકેટ સાથે બીજા ક્રમે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૦ : ભારતીય ક્રિકેટના અનુભવી લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલે T20 ક્રિકેટમાં ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. T20 ફોર્મેટમાં ૪૦૦ વિકેટનો આંકડો પાર કરનાર તે પ્રથમ ભારતીય બોલર બન્યો છે.

૨૦૨૬ની સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં હરિયાણા તરફથી રમતા ચહલે તમિલનાડુ સામેની મેચમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી.

૧૮ નવેમ્બરે રમાયેલી આ મેચ પહેલાં ચહલને ૪૦૦ વિકેટ પૂરી કરવા માટે માત્ર એક વિકેટની જરૂર હતી. તેણે પોતાની ચાર ઓવરમાં ૧૬ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. આ સાથે તેની કુલ T20 વિકેટની સંખ્યા ૪૦૨ થઈ ગઈ છે.

T20 ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારા ભારતીય બોલરોની યાદીમાં ચહલ પ્રથમ સ્થાને છે. ભુવનેશ્વર કુમાર ૩૯૯ વિકેટ સાથે બીજા, જસપ્રીત બુમરાહ ૩૫૪ વિકેટ સાથે ત્રીજા, પીયૂષ ચાવલા ૩૨૯ વિકેટ સાથે ચોથા અને રવિચંદ્રન અશ્વિન ૩૨૩ વિકેટ સાથે પાંચમા સ્થાને છે.

વિશ્વસ્તરે T20 ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ અફઘાનિસ્તાનના સ્પિનર રાશિદ ખાનના નામે છે. તેણે અત્યાર સુધી ૭૪૩ વિકેટ ઝડપી છે. આ યાદીમાં સુનીલ નારાયણ ૬૫૮ વિકેટ સાથે બીજા, ડ્વેન બ્રાવો ૬૩૧ વિકેટ સાથે ત્રીજા, ઇમરાન તાહિર ૫૯૩ વિકેટ સાથે ચોથા અને આન્દ્રે રસેલ ૫૪૫ વિકેટ સાથે પાંચમા ક્રમે છે. ચહલે અત્યાર સુધી ૩૪૬ T20 મેચ રમી છે. તેણે ૩૪૦ ઇનિંગ્સમાં બોલિંગ કરતાં ૨૩.૬૮ની સરેરાશથી ૪૦૨ વિકેટ મેળવી છે. તેનો સર્વશ્રેષ્ઠ બોલિંગ દેખાવ ૬ વિકેટે ૨૫ રનનો રહ્યો છે, જ્યારે તેનો ઇકોનોમી રેટ ૭.૭૭ છે. બેટિંગમાં તેણે ૪૬ ઇનિંગ્સમાં કુલ ૮૧ રન બનાવ્યા છે.

ઘરેલુ ક્રિકેટ અને વિવિધ T20 લીગમાં સતત પ્રદર્શન કરી રહેલા ચહલની ભારતીય ટીમમાં વાપસી અંગે પણ ચર્ચા થઈ રહી છે. જોકે, તેને લાંબા સમયથી ટીમ ઇન્ડિયામાં સ્થાન મળ્યું નથી. હવે ૪૦૦ વિકેટની ઐતિહાસિક સિદ્ધિ બાદ પસંદગીકારોનું ધ્યાન તેના પ્રદર્શન તરફ જાય છે કે નહીં તે જોવું રસપ્રદ રહેશે.

રાહુલ-જયસ્વાલની અડધી સદી

ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતની સ્થિતિ મજબૂત

ન્યૂઝીલેન્ડનો પ્રથમ દાવ ૩૬૮ રનમાં સમેટાયો; બીજા દિવસના અંતે ભારતનો સ્કોર ૧૫૯/૧, હજુ ૨૦૯ રન પાછળ

(સંપૂર્ણ સમાચાર સેવા)

વેલિંગ્ટન, તા.૨૦ : ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના બીજા દિવસે ભારતીય ટીમે શાનદાર બેટિંગ કરીને મેચમાં પોતાની સ્થિતિ મજબૂત બનાવી છે.

ન્યૂઝીલેન્ડનો પ્રથમ દાવ ૩૬૮ રનમાં સમેટાયા બાદ ભારતીય બેટરોએ જવાબી ઇનિંગમાં મક્કમ શરૂઆત કરી હતી. બીજા દિવસની રમતના અંતે ભારતે એક વિકેટ ગુમાવીને ૧૫૯ રન બનાવી લીધા હતા. આ સાથે ભારતીય ટીમ ન્યૂઝીલેન્ડના પ્રથમ દાવના સ્કોરથી હજુ ૨૦૯ રન પાછળ છે.

ભારત તરફથી યશસ્વી જયસ્વાલે શાનદાર બેટિંગ કરતાં ૮૫ રનની અડધી સદી ફટકારી હતી. તેણે કેએલ રાહુલ સાથે પ્રથમ વિકેટ માટે ૧૩૦ રનની મહત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી હતી. જોકે, સદીથી માત્ર ૧૫ રન દૂર હતો ત્યારે વિકેટકીપરના હાથે કેચ આઉટ થયો હતો. જયસ્વાલની વિકેટ પડતાં ભારતને પ્રથમ ઝટકો લાગ્યો હતો. જયસ્વાલની વિકેટ બાદ કેએલ રાહુલે જવાબદારી સંભાળી હતી. તેણે ધીરજપૂર્વક બેટિંગ કરતાં ૫૨ રન બનાવ્યા હતા. દિવસની રમત પૂર્ણ થઈ ત્યારે રાહુલ અને દેવદત્ત પડિક્કલ ક્રીઝ પર અણનમ હતા. પડિક્કલે ૧૬ રન બનાવીને રાહુલને સાથ આપ્યો હતો. આમ ભારતે બીજા દિવસના અંતે ૧૫૯ રન બનાવીને મેચમાં વાપસીના સંકેત આપ્યા હતા. ન્યૂઝીલેન્ડે બીજા દિવસની શરૂઆત પાંચ વિકેટે ૨૪૩ રનથી કરી હતી. કિવી ટીમ તરફથી હેનરી નિકોલ્સે અદભૂત બેટિંગ કરતાં ૧૭૫ રનની અણનમ ઇનિંગ રમી હતી. જ્યારે ગ્લેન ફિલિપ્સે ૧૧૮ રન બનાવી પોતાની ટેસ્ટ કારકિર્દીની બીજી સદી નોંધાવી હતી. જોકે, ભારતના બોલરોએ બીજા સત્રમાં વાપસી કરતાં ન્યૂઝીલેન્ડની છેલ્લી પાંચ વિકેટ માત્ર ૮૨ રનમાં ઝડપી લીધી હતી.

ભારત તરફથી જસપ્રીત બુમરાહે શાનદાર બોલિંગ કરતાં ચાર વિકેટ ઝડપી હતી. આકાશદીપે ત્રણ વિકેટ લઈને મહત્વનું યોગદાન આપ્યું હતું. અંશુલ કંબોજને બે અને પ્રસિદ્ધ કૃષ્ણાને એક વિકેટ મળી હતી. આકાશદીપે ગ્લેન ફિલિપ્સને ૧૧૮ રનના વ્યક્તિગત સ્કોરે ક્લીન બોલ્ડ કરીને ભારતને મોટી સફળતા અપાવી હતી. બીજા દિવસની રમતના અંતે ભારતે એક વિકેટ ગુમાવીને ૧૫૯ રન બનાવ્યા છે. હવે ત્રીજા દિવસે કેએલ રાહુલ અને દેવદત્ત પડિક્કલની ભાગીદારી ભારતીય ટીમ માટે નિર્ણાયક સાબિત થઈ શકે છે.

ગાવસ્કર-શાસ્ત્રી બાદ કોંગ્રેસ સાંસદ પણ આવ્યા સમર્થનમાં

મોહમ્મદ સિરાજને પ્લેઇંગ-૧૧માંથી પડતો મૂકતાં વિવાદ

ભારતીય ક્રિકેટના દિગ્ગજ સુનીલ ગાવસ્કરે પણ સિરાજને બહાર રાખવાના નિર્ણય સામે સવાલ ઉઠાવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૦ : ન્યૂઝીલેન્ડ સામે વેલિંગ્ટનમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજને પ્લેઇંગ-૧૧માં સ્થાન ન મળતાં ક્રિકેટ જગતમાં ચર્ચા શરૂ થઈ છે.

સિરાજને બહાર રાખવાના નિર્ણય સામે પૂર્વ ક્રિકેટરો બાદ હવે કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદે પણ પ્રતિક્રિયા આપી છે. તેમણે સિરાજના નામનો ઉલ્લેખ કરીને કટાક્ષ કરતાં કહ્યું હતું કે, 'નામ સિરાજ છે, આટલું શું ઓછું છે?' તેમના આ નિવેદન બાદ પસંદગીના નિર્ણયને લઈને નવી ચર્ચા શરૂ થઈ છે.

મોહમ્મદ સિરાજની પસંદગી અંગે પૂછાયેલા સવાલના જવાબમાં કોંગ્રેસ સાંસદ ઈમરાન મસૂદે કહ્યું હતું કે, જો ખેલાડી સારું પ્રદર્શન કરી રહ્યો હોય અને તેમ છતાં તેને ટીમમાં સ્થાન ન મળતું હોય તો તેની પાછળ બીજું શું કારણ હોઈ શકે? તેમણે સિરાજના નામનો ઉલ્લેખ કરીને પોતાની પ્રતિક્રિયા આપી હતી.

ભારતીય ક્રિકેટના દિગ્ગજ સુનીલ ગાવસ્કરે પણ સિરાજને બહાર રાખવાના નિર્ણય સામે સવાલ ઉઠાવ્યા હતા. તેમના મતે સિરાજે અગાઉ અનેક વખત ભારત માટે સારું પ્રદર્શન કર્યું છે અને તેની બોલિંગમાં એવું કંઈ જોવા મળ્યું નથી કે જેના આધારે તેને ટીમની બહાર રાખવો પડે. ગાવસ્કરે આ નિર્ણયને આશ્ચર્યજનક ગણાવ્યો હતો.

પૂર્વ ભારતીય કોચ રવિ શાસ્ત્રીએ પણ સિરાજના સમર્થનમાં પ્રતિક્રિયા આપી હતી. તેમણે સિરાજના અનુભવ, ઝડપ, સ્વિંગ અને આક્રમક બોલિંગનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે આવા ગુણો ધરાવતા બોલરને ટીમમાં સ્થાન મળવું જોઈએ. તેમના મતે સિરાજ પાસે મેચનું પરિણામ બદલવાની ક્ષમતા છે. પૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફે પણ ટીમ મેનેજમેન્ટની પસંદગી નીતિ અંગે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે સચિન તેંડુલકરનું ઉદાહરણ આપીને કહ્યું હતું કે બે-ત્રણ ખરાબ મેચો કે એક ખરાબ શ્રેણીના આધારે કોઈ ખેલાડીની ક્ષમતા પર સવાલ ઉઠાવવો યોગ્ય નથી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં દરેક ખેલાડીના પ્રદર્શનમાં ઉતાર-ચઢાવ આવતા હોય છે.

સિરાજને બહાર રાખવાના નિર્ણયની ચર્ચા પાછળ તેનું ઈંગ્લેન્ડ પ્રવાસનું પ્રદર્શન પણ મહત્ત્વનું કારણ છે. ૨૦૨૫ની એન્ડરસન-તેંડુલકર ટ્રોફીમાં સિરાજ ભારતનો સૌથી સફળ બોલર રહ્યો હતો. તેણે પાંચ ટેસ્ટ મેચની નવ ઇનિંગ્સમાં કુલ ૨૩ વિકેટ ઝડપી હતી. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની આ શ્રેણી ૨-૨થી ડ્રો રહી હતી.

એક તરફ ટીમ મેનેજમેન્ટ પાસે ખેલાડીઓની પસંદગી માટે પોતાની રણનીતિ અને પરિસ્થિતિને ધ્યાનમાં લેવાના કારણો હોય છે, તો બીજી તરફ સિરાજ જેવા અનુભવી બોલરને બહાર રાખવાના નિર્ણયથી ક્રિકેટ ચાહકો અને પૂર્વ ખેલાડીઓમાં ચર્ચા શરૂ થઈ છે. હવે આગામી ટેસ્ટ મેચોમાં સિરાજને ફરી તક મળે છે કે નહીં તેના પર સૌની નજર રહેશે.

૫૦ ટકાથી વધુ ફ્લાઇટ રદ્ થતાં DGCAએ સ્પાઇસજેટને કારણદર્શક નોટિસ ફટકારી

એરલાઇનનો ઓન-ટાઇમ પરફોર્મન્સ ઘટીને ૨૫ ટકા થયો, નાણાકીય કટોકટી વચ્ચે વિમાનો પણ ગ્રાઉન્ડેડ



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૦

નાણાકીય સંકટનો સામનો કરી રહેલી દેશની બજેટ એરલાઇન સ્પાઇસજેટની મુશ્કેલીઓમાં વધારો થયો છે. ફ્લાઇટ સંચાલનમાં સતત અવરોધો અને ૫૦ ટકાથી વધુ ફ્લાઇટ્સ રદ થવાના અહેવાલો વચ્ચે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA)એ એરલાઇનને કારણદર્શક નોટિસ ફટકારી છે. ૧૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ મોકલવામાં આવેલી આ નોટિસમાં વિમાનન નિયમોના કથિત ઉલ્લંઘન, બાકી લેણાં અને વિમાનોને ગ્રાઉન્ડેડ રાખવા સહિતના મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે. એરલાઇનને સાત દિવસમાં જવાબ રજૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયના ૧૯ નવેમ્બરના આંકડા મુજબ, સ્પાઇસજેટનો ઓન-ટાઇમ પરફોર્મન્સ (OTP) ઘટીને માત્ર ૨૫ ટકા રહ્યો છે. બીજી તરફ, અન્ય મુખ્ય એરલાઇન્સનો સમયસર ફ્લાઇટ સંચાલનનો દર ૮૦ ટકાથી વધુ હોવાનું જણાવાયું છે. છેલ્લા કેટલાક દિવસોમાં એરલાઇનની ૫૦ ટકાથી વધુ ફ્લાઇટ્સ રદ થતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

DGCA દ્વારા મોકલવામાં આવેલી નોટિસમાં એરલાઇન પાસે બાકી લેણાં અને દંડની રકમની ચૂકવણી ન થવા અંગે પણ ખુલાસો માગવામાં આવ્યો છે. મોટાભાગનાં વિમાનોને ગ્રાઉન્ડેડ રાખવા છતાં તેમની કામગીરી ફરી શરૂ કરવા માટે કોઈ નક્કર રિકવરી પ્લાન રજૂ કરાયો હોવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે. નિર્ધારિત સાત દિવસમાં સંતોષકારક જવાબ નહીં મળે તો નિયમનકાર એકતરફી આદેશ જારી કરી શકે છે.

સ્પાઇસજેટની નાણાકીય સ્થિતિ નબળી પડતાં બજારમાં તેનો હિસ્સો પણ સતત ઘટ્યો છે. અહેવાલ મુજબ, વર્ષ ૨૦૧૯માં સ્થાનિક ઉડ્ડયન બજારમાં આશરે ૧૫ ટકા હિસ્સો ધરાવતી એરલાઇનનો બજાર હિસ્સો જાન્યુઆરી ૨૦૨૬માં લગભગ ચાર ટકા હતો, જે ઓક્ટોબરમાં ઘટીને માત્ર ૦.૬ ટકા રહ્યો હતો.

રોકડની અછત, કર્મચારીઓના પગારમાં વિલંબ અને વિમાનોના લીઝર્સને બાકી ચૂકવણી જેવા મુદ્દાઓને કારણે એરલાઇનની કામગીરી પર અસર પડી છે. કંપની પાસે દસથી ઓછાં વિમાનો કાર્યરત હોવાનો પણ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે. અગાઉ કંપનીના બોર્ડે રૂ.૫,૫૦૦ કરોડ એકત્ર કરવાની મંજૂરી આપી હતી, પરંતુ ભંડોળ ક્યારે ઉપલબ્ધ થશે તે અંગે હજુ સ્પષ્ટતા નથી.

સ્પાઇસજેટની મુશ્કેલીઓ માત્ર ભારતમાં જ સીમિત રહી નથી. બાકી રકમની ચૂકવણી ન થવાના કારણે ગયા અઠવાડિયે દુબઈ એરપોર્ટ પર એરલાઇનની ચેક-ઇન સેવાઓ અટકાવવામાં આવી હોવાનો અહેવાલ છે. આ ઉપરાંત ફરજિયાત વીમા કવચના નવીનીકરણ અને આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન માટે જરૂરી ક્ષમતા સંબંધિત નિયમોના પાલન અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

એક તરફ ફ્લાઇટ રદ થવાની ઘટનાઓ વધી રહી છે, તો બીજી તરફ એરલાઇનની નાણાકીય સ્થિતિ પણ ચિંતાજનક બની રહી છે. DGCAની નોટિસ બાદ હવે સ્પાઇસજેટ તરફથી કેવો જવાબ આપવામાં આવે છે અને નિયમનકાર આગળ શું પગલાં ભરે છે તેના પર ઉડ્ડયન ક્ષેત્રની નજર રહેશે. એરલાઇનની કામગીરીમાં સુધારો નહીં આવે તો મુસાફરોની મુશ્કેલીઓ વધુ વધી શકે છે.

સુપ્રીમ કોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરી

નજીકના લોહીના સંબંધીઓમાં લગ્નથી સંતાનોના સ્વાસ્થ્ય સામે ભારે જોખમ

આવા લગ્નથી આવનારી પેઢીના સ્વાસ્થ્ય પર સંભવિત પ્રતિકૂળ અસરો થઈ શકે છે તેમ જણાવતાં કોર્ટે સમાજમાં વૈજ્ઞાનિક જાગૃતિ ફેલાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૦

નજીકના લોહીના સંબંધીઓ વચ્ચે થતાં લગ્નને લઈને સુપ્રીમ કોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. આવા લગ્નથી આવનારી પેઢીના સ્વાસ્થ્ય પર સંભવિત પ્રતિકૂળ અસરો થઈ શકે છે તેમ જણાવતાં કોર્ટે સમાજમાં વૈજ્ઞાનિક જાગૃતિ ફેલાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આ મામલે ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ પણ માગ્યો છે.

બેંગલુરુની પ્રજ્ઞાચક્ષુ કાયદાની વિદ્યાર્થિની ચાર્વી એસ. દ્વારા આ મુદ્દે જનહિત અરજી દાખલ કરવામાં આવી હતી. અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેના માતા-પિતા નજીકના લોહીના સંબંધીઓ હોવાથી તેને જન્મજાત આનુવંશિક સમસ્યાનો સામનો કરવો પડ્યો છે. અરજીમાં આવા લગ્નોથી ઊભા થઈ શકતા સ્વાસ્થ્ય સંબંધિત જોખમો અંગે જાગૃતિ લાવવાની માગ કરવામાં આવી હતી.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, લગ્ન વ્યક્તિની અંગત પસંદગી સાથે જોડાયેલો વિષય છે. આવા લગ્નો પર કાયદાકીય પ્રતિબંધ મૂકવાનો નિર્ણય અદાલતના બદલે સંસદે લેવાનો છે. જોકે, લગ્નના નિર્ણય પહેલાં તેની સંભવિત સ્વાસ્થ્ય સંબંધિત અસરો અંગે લોકોને યોગ્ય જાણકારી મળવી જરૂરી છે. નિષ્ણાતોના મતે નજીકના લોહીના સંબંધીઓમાં લગ્ન થાય ત્યારે બંને માતા-પિતામાં રહેલા સમાન રિસેસિવ જનીન દ્વારા બાળકોમાં કેટલીક વારસાગત બીમારીઓ થવાનું જોખમ વધી શકે છે. તેમાં અમુક જન્મજાત ખામીઓ અને આનુવંશિક રોગોનો સમાવેશ થઈ શકે છે. જોકે, દરેક આવા લગ્નથી જન્મતાં બાળકને બીમારી થાય જ એવું નથી.

અરજદારના વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી કે, દક્ષિણ ભારતના કેટલાક વિસ્તારોમાં નજીકના સંબંધીઓ વચ્ચે લગ્નનું પ્રમાણ આશરે ૨૮ ટકા સુધી હોવાનું જણાવવામાં આવે છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં આવા લગ્નોથી ઊભા થતા આનુવંશિક જોખમો અંગે પૂરતી જાગૃતિનો અભાવ હોવાની પણ રજૂઆત કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ મુદ્દે જાગૃતિ લાવવા માટે જરૂરી પગલાં અંગે વિચારવા જણાવ્યું છે. શાળા-કોલેજના અભ્યાસક્રમમાં આનુવંશિક સ્વાસ્થ્ય સંબંધિત માહિતીનો સમાવેશ કરવા ઉપરાંત આંગણવાડી કાર્યકરો અને ગ્રામ પંચાયતોની મદદથી ગ્રામ્ય વિસ્તારોમાં જાગૃતિ ફેલાવવાનું પણ સૂચન કરવામાં આવ્યું હતું.

હાલના કાયદા મુજબ હિન્દુ મેરેજ એક્ટની કલમ ૫ હેઠળ અમુક નિર્ધારિત નજીકના સંબંધોમાં લગ્ન પર પ્રતિબંધ છે, જોકે માન્ય પરંપરા કે રિવાજના આધારે અપવાદ હોઈ શકે છે. બીજી તરફ મુસ્લિમ પર્સનલ લો હેઠળ કેટલાક નજીકના સંબંધીઓ વચ્ચેના લગ્ન માન્ય છે, જ્યારે નિર્ધારિત પ્રતિબંધિત સંબંધોમાં લગ્નની મંજૂરી નથી.

આમ, સુપ્રીમ કોર્ટની આ સુનાવણીથી નજીકના સંબંધીઓ વચ્ચે થતાં લગ્ન, આનુવંશિક સ્વાસ્થ્ય અને સમાજમાં વૈજ્ઞાનિક જાગૃતિનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. હવે આ મામલે કેન્દ્ર સરકાર શું જવાબ આપે છે અને આગળ કયાં પગલાં સૂચવે છે તેના પર સૌની નજર રહેશે.

સત્તાવાર સૈન્ય યાદીમાં સામેલ કરવાનો દાવો

તૂર્કિયેએ 3 'કિઝિલએલ્મા' માનવરહિત ફાઇટર જેટ સુરક્ષા દળોને સોંપ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

અંકારા/ઈસ્તાંબુલ, તા. ૨૦

તૂર્કિયેની સંરક્ષણ કંપની બાયકરે ગત ૧૯ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ત્રણ 'કિઝિલએલ્મા' માનવરહિત લડાકુ વિમાન દેશના સુરક્ષા દળોને સોંપ્યા છે. તૂર્કિયેના અધિકારીઓ અને કંપનીનો દાવો છે કે દુનિયામાં આ પ્રથમ વખત બન્યું છે જ્યારે કોઈ દેશે પાઇલટ વગરના ફાઇટર જેટને સત્તાવાર સૈન્ય ઈન્વેન્ટરીમાં સામેલ કર્યા હોય. આ પ્રસંગને પ્રમુખ રેચેપ તાય્યિપ એર્દોગને ઐતિહાસિક દિવસ ગણાવ્યો હતો અને જણાવ્યું હતું કે વર્ષોની મહેનત બાદ આ સપનું સાકાર થયું છે. બાયકરના જણાવ્યા મુજબ, વીસ વર્ષ અગાઉ શરૂ થયેલો આ પ્રોજેક્ટ હવે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યો છે.

જેટ એન્જિન આધારિત કિઝિલએલ્માને હવાથી હવા અને હવાથી જમીન એમ બંને પ્રકારના મિશન માટે તૈયાર કરવામાં આવ્યું છે. રડારથી ઓછું દેખાતું લો-ઓબ્ઝર્વેબલ ડિઝાઈન અને આંતરિક વેપન બે (હથિયાર રાખવાની જગ્યા) તેની સ્ટીલ્થ ક્ષમતામાં વધારો કરે છે. આ વિમાન લગભગ ૮.૫ ટન વજન ઉપાડવાની ક્ષમતા ધરાવે છે, જેમાં ૧,૫૦૦ કિલોગ્રામ પેલોડ લઈ જઈ શકાય છે. તેની મહત્તમ ગતિ ૧,૧૧૧.૩૨ કિમી/કલાક સુધી પહોંચી શકે છે અને તે ત્રણ કલાકથી વધુ સમય સુધી હવામાં રહી શકે છે. તેમાં એસેલ્સાનનું મુરાદ એઈએસએ રડાર અને ટોઈગુન ઈલેક્ટ્રો-ઓપ્ટિકલ સિસ્ટમ સહિતની અદ્યતન ટેક્નોલોજી સંકલિત કરાઈ છે. વર્ષ ૨૦૨૨માં પ્રથમ ઉડાન બાદ તેની સેંકડો પરીક્ષણ ઉડાનો થઈ છે અને ૨૦૨૫માં હવામાં લક્ષ્ય પર મિસાઈલ પ્રહારનું સફળ પરીક્ષણ પણ કરાયું હતું.

અગાઉ એમક્યૂ-૯ રીપર જેવા પરંપરાગત સશસ્ત્ર ડ્રોન વિવિધ દેશો પાસે ઉપલબ્ધ છે, પરંતુ કિઝિલએલ્માને ફાઇટર જેટની ભૂમિકા નિભાવવા માટે વિકસાવવામાં આવ્યું છે. અમેરિકા, ચીન અને રશિયા સહયોગી લડાકુ વિમાન કાર્યક્રમો પર કામ કરી રહ્યા છે, પરંતુ સત્તાવાર ઈન્વેન્ટરીમાં સમાવેશનો દાવો તૂર્કિયે દ્વારા કરાયો છે. પોતાના સંસાધનોથી તૈયાર કરાયેલા આ વિમાન માટે ઈન્ડોનેશિયા સહિતના દેશો સાથે નિકાસ સમજૂતી પણ થઈ ચૂકી છે. આ પગલાંથી પાઇલટોનું જોખમ ઘટશે, મિશનની સંખ્યા વધારવામાં મદદ મળશે અને ભવિષ્યના રોબોટિક યુદ્ધયુગ તરફ નવી દિશા ખૂલશે, જોકે પૂર્ણ પરિચાલન ક્ષમતા અને મોટા પાયે ઉત્પાદન હજુ બાકી છે.

યોગી આદિત્યનાથનાં માતા સાવિત્રી દેવીનું નિધન થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)

પૌડી ગઢવાલ, તા.૨૦

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનાં માતા સાવિત્રી દેવીનું ૯૧ વર્ષની વયે નિધન થયું છે. તેમણે ઉત્તરાખંડના પૌડી ગઢવાલ જિલ્લાના પોતાના પૈતૃક ગામ પંચુર સ્થિત નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ લાંબા સમયથી બીમાર હતાં અને તેમની સારવાર ચાલી રહી હતી. તેમના નિધનના સમાચારથી પરિવારજનો અને વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે.

પ્રાપ્ત અહેવાલો અનુસાર, સાવિત્રી દેવીની તબિયત વધુ લથડતાં તેમના નિવાસસ્થાને તબીબોને બોલાવવામાં આવ્યા હતા. જોકે, તબીબી પ્રયાસો છતાં તેમને બચાવી શકાયાં નહોતાં. પૌડીના વરિષ્ઠ પોલીસ અધિક્ષક સર્વેશ કુમાર અને જિલ્લા માહિતી અધિકારી યોગેશ પોખરિયાલે પણ તેમના નિધનને સમર્થન આપ્યું હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.

યોગી આદિત્યનાથને માતાના નિધનના સમાચાર મળ્યા ત્યારે તેઓ ગોરખપુરમાં એક કાર્યક્રમમાં હાજર હતા. આ કાર્યક્રમમાં આશરે ૫૦ હજાર વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરવામાં આવી રહ્યાં હતાં. માતાના નિધનના સમાચાર મળતાં શોકની લાગણી વ્યાપી હતી. મીડિયા અહેવાલો અનુસાર, યોગી આદિત્યનાથ માતાના અંતિમ દર્શન માટે ઉત્તરાખંડના પંચુર ગામે જઈ શકે છે.

સાવિત્રી દેવીના નિધન પર ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ શોક વ્યક્ત કર્યો હતો. તેમણે શોકસંતપ્ત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

ઉલ્લેખનીય છે કે, યોગી આદિત્યનાથના પિતા આનંદ સિંહ બિષ્ટનું ૨૦ એપ્રિલ, ૨૦૨૦ના રોજ ૮૯ વર્ષની વયે નિધન થયું હતું. દિલ્હીની AIIMS હોસ્પિટલમાં મલ્ટિપલ ઓર્ગન ફેલ્યોરને કારણે તેમનું અવસાન થયું હતું. તે સમયે કોરોના મહામારી અને લોકડાઉનના પ્રતિબંધોને કારણે યોગી આદિત્યનાથ પિતાના અંતિમ સંસ્કારમાં હાજર રહી શક્યા નહોતા.

સાવિત્રી દેવી છેલ્લા ઘણા સમયથી પંચુર ગામમાં રહેતાં હતાં. યોગી આદિત્યનાથ અગાઉ પણ અનેક વખત માતાને મળવા પોતાના પૈતૃક ગામે ગયા હતા. તેમના અંતિમ સંસ્કાર અંગેની સત્તાવાર વિગતોની રાહ જોવાઈ રહી છે.

રેલવેમાં ગ્રુપ બુકિંગના નિયમોમાં ફેરફાર: બર્થની મહત્તમ મર્યાદા દૂર

દક્ષિણ પશ્ચિમ રેલવેના નિર્ણયથી ચીફ રિઝર્વેશન સુપરવાઈઝર અને સ્ટેશન મેનેજરને મંજૂરીની સત્તા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૦

લગ્ન, જાન, તીર્થયાત્રા, શૈક્ષણિક પ્રવાસ, ખેલકૂદ ટીમ કે સાંસ્કૃતિક કાર્યક્રમો માટે મોટી સંખ્યામાં સાથે મુસાફરી કરતા લોકો માટે રાહતના સમાચાર છે. દક્ષિણ પશ્ચિમ રેલવેએ બલ્ક અને ગ્રુપ રિઝર્વેશનના નિયમોમાં ફેરફાર કરીને એકસાથે બુક કરાવી શકાતી બર્થની નિશ્ચિત મહત્તમ સંખ્યાની મર્યાદા હટાવી દીધી છે. આ બદલાવથી જરૂરિયાત મુજબ મોટા જૂથો પણ એકસાથે ટિકિટ માટે અરજી કરી શકશે, જોકે તે માટે રેલવેની નિયત પ્રક્રિયા અને શરતોનું પાલન કરવું ફરજિયાત રહેશે. અગાઉ મુસાફરોની સંખ્યાના આધારે અલગ-અલગ અધિકારીઓ પાસે મંજૂરીની સત્તા હતી, પરંતુ હવે ચીફ રિઝર્વેશન સુપરવાઈઝર અને સ્ટેશન મેનેજરને અરજી અને મુસાફરીની જરૂરિયાત ચકાસીને ગ્રુપ બુકિંગ મંજૂર કરવાનો અધિકાર અપાયો છે. આ સુવિધા ટ્રેનના તમામ ક્લાસમાં લાગુ પડશે અને તેમાં કન્ફર્મ, RAC તેમજ વેઈટિંગ લિસ્ટવાળી ટિકિટો માટે પણ પરવાનગી મળી શકે છે. જોકે, મર્યાદા દૂર થવાનો અર્થ એ નથી કે દરેક અરજી આપોઆપ મંજૂર થશે; અધિકારીઓની ચકાસણી બાદ જ નિર્ણય લેવાશે.

રેલવેએ સ્પષ્ટ કર્યું છે કે, આ વ્યવસ્થાનો ઉપયોગ માત્ર ખરેખર ગ્રુપમાં મુસાફરી કરવા ઇચ્છતા લોકોની સુવિધા માટે છે, સીટ કે બર્થ બ્લોક કરવા અથવા અંગત લાભ માટે મોટી સંખ્યામાં ટિકિટ બુક કરવા માટે નહીં. ગ્રુપ બુકિંગની અરજીઓ મુખ્ય રિઝર્વેશન સેન્ટરોમાં સવારે ૯ વાગ્યાથી સ્વીકારાશે, જે સામાન્ય એડવાન્સ રિઝર્વેશન શરૂ થયાના એક કલાક બાદ શરૂ થશે. અરજદારે સંબંધિત અધિકારીને રૂબરૂ અરજી આપવાની રહેશે; સામાન્ય રીતે ટ્રાવેલ એજન્ટ દ્વારા અરજી માન્ય રહેશે નહીં, જોકે વિદેશી પ્રવાસીઓ અને NRI માટે અગાઉના નિયમો મુજબ છૂટછાટ રહેશે. પરત મુસાફરી માટે પણ એ જ કચેરીમાં અરજી કરી શકાશે, પરંતુ તેને અલગ બુકિંગ ગણવામાં આવશે.

AIને લઈને ખળભળાટ : AIએ આપી વિસ્ફોટકો બનાવી હુમલાની યોજનાની માહિતી : અમેરિકી સંશોધકો ચોંક્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૦

અમેરિકામાં કરવામાં આવેલી સરકારી તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. AI ચેટબોટ્સની સુરક્ષા વ્યવસ્થાને ચકમો આપીને મોટા પાયે હિંસક હુમલાઓની યોજના તૈયાર કરી શકાય છે. અમેરિકાના અરકારી જવાબદારી કાર્યાલય (GAO)ના બુધવારે જાહેર થયેલા અહેવાલમાં ChatGPT, Claude, Gemini અને Grko જેવા ચાર અગ્રણી AI મોડલની સુરક્ષામાં ખામીઓ સામે આવી છે. ન્યુયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, ન્યૂ હેમ્પશાયરના ડેમોક્રેટિક સેનેટર મેગી હસનની વિનંતી પર આ અભ્યાસ કરવામાં આવ્યો હતો. તપાસમાં બે AI મોડલે એવી માહિતી આપી હતી, જેનો ઉપયોગ ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) બનાવવા અથવા તેમાં વિસ્ફોટ કરવા માટે થઈ શકે છે. અન્ય બે મોડલે વીજળીના ગ્રીડને ડ્રોન અથવા હથિયારો વડે નિશાન બનાવવાની યોજનામાં મદદરૂપ માહિતી આપી હતી. તેમાં સંભવિત સ્થળો, સમય અને હુમલાની પદ્ધતિઓનો સમાવેશ થતો હતો. સંશોધકોના જણાવ્યા અનુસાર, આવી યોજનાઓ તૈયાર કરવામાં 12 કલાકથી પણ ઓછો સમય લાગ્યો હતો. કેટલાક કિસ્સામાં AIએ હુમલાનો સમય, વધુ નુકસાન પહોંચાડવાની રીતો તેમજ નકશા અને ડાયાગ્રામ જેવી વિગતો પણ આપી હતી. તપાસ દરમિયાન AI પ્લેટફોર્મની સુરક્ષા વ્યવસ્થા સક્રિય થઈ હતી. કેટલાક ચેટબોટ્સે જવાબ આપવાનો ઈનકાર કર્યો હતો, તો કેટલાક કિસ્સામાં એકાઉન્ટ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી પણ થઈ હતી. જોકે, સંશોધકો સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી સુરક્ષા પ્રતિબંધોને ચકમો આપવાની પદ્ધતિઓથી આ અવરોધો પાર કરવામાં સફળ રહ્યા હતા. કઈ કંપનીના મોડલે કયા પરીક્ષણમાં ખામી દર્શાવી તે વિગતો જાહેર કરવામાં આવી નથી, જેથી અન્ય લોકો એ જ પ્રયોગોનું પુનરાવર્તન ન કરી શકે.

સેનેટર મેગી હસને ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે કોઈ આતંકવાદી AI પ્લેટફોર્મ પર લોગિન કરીને 12 કલાકથી ઓછા સમયમાં જીવલેણ હુમલાની નક્કર યોજના મેળવી શકે છે. તેમણે આ જોખમને હવે માત્ર આશંકા નહીં, પરંતુ જાહેર સુરક્ષા સામેના વાસ્તવિક પડકાર તરીકે ગણાવ્યું હતું. આગામી વર્ષે તેઓ સેનેટની હોમલેન્ડ સિક્યોરિટી એન્ડ ગવર્નમેન્ટલ અફેર્સ કમિટીનું નેતૃત્વ કરશે. સમિતિની પ્રારંભિક સુનાવણીમાં AIના સુરક્ષા જોખમો અને મહત્ત્વના માળખાકીય સુવિધાઓ પરના સંભવિત ખતરાઓની તપાસ કરવામાં આવશે.

Anthropic, Google, OpenAI અને SpaceX AIએ અહેવાલના જવાબમાં જણાવ્યું કે, તેઓ AIની સુરક્ષાને ગંભીરતાથી લે છે. કંપનીઓએ સ્વીકાર્યું કે ખોટા ઈરાદા ધરાવતા લોકો સુરક્ષા પ્રતિબંધો પાર કરવાનો પ્રયાસ કરી શકે છે. જોકે, તેમના જણાવ્યા અનુસાર નવા AI મોડલમાં દુરુપયોગ અટકાવવા માટે વધારાના સુરક્ષા સુધારા કરવામાં આવ્યા છે. બીજી તરફ, અમેરિકામાં AIના નિયમનને લઈને રાજકીય મતભેદો પણ છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રિપબ્લિકન નેતાઓ ઉદ્યોગને સ્વનિયંત્રણની છૂટ આપવાના પક્ષમાં રહ્યા છે, જ્યારે ડેમોક્રેટિક નેતાઓ નવા કાયદા અને નિયંત્રણોની તરફેણમાં સક્રિય થવાના સંકેત આપી રહ્યા છે. અમેરિકી સુરક્ષા અધિકારીઓ અગાઉ પણ આતંકવાદી સંગઠનો દ્વારા AIના ઉપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે. આ વર્ષે ન્યૂયોર્ક ટાઈમ્સે બોકો હરામના ભૂતપૂર્વ સભ્યો સાથેના અભ્યાસનો અહેવાલ આપ્યો હતો, જેમાં AI ટૂલ્સ દ્વારા આતંકવાદી સંગઠનોને યુદ્ધક્ષેત્રમાં મદદ મળ્યાનો ઉલ્લેખ હતો. સપ્ટેમ્બરમાં Anthropicના અહેવાલમાં પણ Claudeનો ઉપયોગ બંદૂક, મિસાઈલ, સશસ્ત્ર ડ્રોન અને બોમ્બ જેવા પરંપરાગત હથિયારોના ડિઝાઈન તથા વિકાસ માટે સોફ્ટવેર તૈયાર કરવામાં કરવાનો પ્રયાસ થયો હોવાનું જણાવાયું હતું.

વર્તમાન પ્રવાહ CORPORATE NEWS

ક્રોમા X કાર્ની : હાવ ઈન્ડિયા અપગ્રેડ્સ રિપોર્ટમાં ભારતનું ઈલેક્ટ્રોનિક્સ બજાર ૨૦૨૪માં રૂા.૭ ટ્રિલિયનથી વધીને ૨૦૩૦માં રૂા. ૧૦ ટ્રિલિયનનું થઈ જવાની ધારણા

croma A TATA Enterprise

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

સુરત, તા.૨૦

ટાટા ગ્રૂપની ભારતની અગ્રણી ઓમ્નિચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેલર ક્રોમાએ આંતરરાષ્ટ્રીય મેનેજમેન્ટ કન્સલ્ટિંગ ફર્મ કાર્ની સાથે મુંબઈના જુહુમાં પોતાનો પ્રથમ 'હાઉ ઈન્ડિયા અપગ્રેડ્સ' નામનો એક નવો રિપોર્ટ રજૂ કર્યો છે. આ રિપોર્ટમાં ભારતના ગ્રાહકો અને ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો વચ્ચે બદલાતા સંબંધોનું વિશ્લેષણ કરવાની સાથે દેશના આગામી ઉપભોગ ચક્રને આકાર આપશે એવાં પરિબળોની ઓળખ કરવામાં આવી છે.

રિપોર્ટના મુખ્ય મુદ્દા: ભારતીય ઈલેક્ટ્રોનિક્સની વૃદ્ધિની મેટ્રોથી આગેકૂચ-વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫ વચ્ચે ક્રોમામાં વેચાણ ટિઅર ૩ શહેરોમાં ૪૦ ટકા સીએજીઆર (ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિદર), ટિઅર ૨ શહેરોમાં ૩૦ ટકા, ટિઅર ૧ શહેરોમાં ૩૫ ટકા અને મેટ્રોમાં ૧૩ ટકા વધ્યુ હતું. મેટ્રો સિવાયના બજારોમાં ક્રોમાના વેચાણનો હિસ્સો વર્ષ ૨૦૨૨માં ૩૨ ટકાથી વધીને વર્ષ ૨૦૨૫માં ૪૪ ટકા થયો હતો.

ભારતીય ઉપભોક્તાઓની ખરીદક્ષિમતમાં વધારો-ક્રોમામાં વર્ષ ૨૦૨૧થી ૨૦૨૫ વચ્ચે સ્માર્ટફોનની સરેરાશ વેચાણક્ષિમત ૩૪ ટકા વધી હતી. ક્રોમામાં વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫ વચ્ચે રૂા. ૫૦,૦૦૦થી વધારે ક્ષિમત ધરાવતા સ્માર્ટફોનનાં મૂલ્યમાં ૨૬ ટકાના સીએજીઆરથી વધારો થયો હતો. એ જ રીતે એસી કેટેગરીમાં ઈન્વર્ટર એસીનો હિસ્સો વર્ષ ૨૦૧૫માં ૯ ટકાથી વધીને ૨૦૨૫માં ૯૧ ટકા થયો હતો. ક્રોમામાં ૨૦૨૧થી ૨૦૨૫ વચ્ચે ડિશવોશર અને ડ્રાયરનાં વોલ્યુમમાં સયુક્તપણે ૨૯ ટકા સીએજીઆરની વૃદ્ધિ રેકોર્ડ થઈ હતી.

કેનેડાના ૨૫ મોસ્ટ વોન્ટેડની યાદીમાં ગોલ્ડી બરાર પ્રથમ ક્રમે

(સંપૂર્ણ સમાચાર સેવા)

ટોરન્ટો, તા.૨૦

પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલા હત્યા કેસમાં આરોપી તરીકે ચર્ચામાં રહેલો ગેંગસ્ટર ગોલ્ડી બરાર હવે કેનેડાના મોસ્ટ વોન્ટેડ ભાગેડુઓની યાદીમાં પ્રથમ ક્રમે આવ્યો છે. કેનેડાના બોલો પ્રોગ્રામ (BOLO Program) દ્વારા જાહેર કરવામાં આવેલી ૨૫ મોસ્ટ વોન્ટેડ આરોપીઓની નવી યાદીમાં ગોલ્ડી બરારનું નામ ટોચ પર મૂકવામાં આવ્યું છે. તેની ધરપકડમાં મદદરૂપ થાય તેવી વિશ્વસનીય માહિતી આપનાર વ્યક્તિને ૨.૫૦ લાખ કેનેડિયન ડોલર સુધીનું ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી છે. ભારતીય ચલણમાં આ રકમ આશરે રૂ.૧.૬૩ કરોડ થાય છે.

ગોલ્ડી બરારનું અસલી નામ સતિન્દરજીત સિંહ છે. કેનેડાની વિનિપેગ પોલીસ તેને ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ૩૯ વર્ષીય સુખદૂલ સિંહ ગિલની હત્યાના કેસમાં શોધી રહી છે. આ હત્યા વિનિપેગના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં આવેલા રહેણાક મકાન નજીક ગોળીબાર કરીને કરવામાં આવી હતી. આ કેસમાં ગોલ્ડી બરાર સામે ફર્સ્ટ-ડિગ્રી મર્ડર અને હત્યાનું કાવતરું ઘડવાના આરોપો હેઠળ વોરંટ જારી કરવામાં આવ્યું છે.

બોલો પ્રોગ્રામ દ્વારા જાહેર કરાયેલા નિયમો અનુસાર ગોલ્ડી બરારની ધરપકડ કેનેડા અથવા અમેરિકામાં થાય અને તેની ધરપકડ તરફ દોરી જાય તેવી માહિતી મળે તો રૂ.૧.૬૩ કરોડના અંદાજિત મૂલ્ય જેટલું ૨.૫૦ લાખ કેનેડિયન ડોલર સુધીનું ઈનામ મળી શકે છે. આ ઈનામની સમયમર્યાદા ૨ નવેમ્બર, ૨૦૨૭ સુધી નક્કી કરવામાં આવી છે. આ કાર્યક્રમનો હેતુ નાગરિકોની મદદથી ફરાર આરોપીઓ અંગે પોલીસને માહિતી પહોંચાડવાનો છે. ગોલ્ડી બરારનું નામ અમેરિકાની ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (FBI)ની ટોપ-૧૦ મોસ્ટ વોન્ટેડ ભાગેડુઓની યાદીમાં પણ સામેલ છે. અમેરિકામાં તેની ધરપકડ અંગે માહિતી આપનારને ૧૦ લાખ અમેરિકન ડોલર સુધીના ઈનામની જાહેરાત કરવામાં આવી છે. ભારતની તપાસ એજન્સીઓ પણ તેને વિવિધ ગંભીર ગુનાના કેસોમાં શોધી રહી છે.

પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની ૨૯ મે, ૨૦૨૨ના રોજ પંજાબના માનસા જિલ્લાના જવાહરકે ગામ નજીક ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં ગોલ્ડી બરારનું નામ આરોપી તરીકે સામે આવ્યું છે. જોકે, દરેક કેસમાં આરોપો અને કાનૂની સ્થિતિ અલગ છે અને આરોપ સાબિત થાય ત્યાં સુધી કોર્ટ દ્વારા દોષિત ઠરાવાયેલો માનવો નહીં.

કેનેડાના અધિકારીઓએ ગોલ્ડી બરારને અત્યંત જોખમી અને સશસ્ત્ર હોઈ શકે તેવી વ્યક્તિ ગણાવી છે. તેથી જો કોઈને તેના વિશે માહિતી મળે તો જાતે સંપર્ક કરવાનો કે નજીક જવાનો પ્રયાસ કરવાને બદલે તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરવામાં આવી છે. બોલો પ્રોગ્રામની નવી યાદીમાં હત્યા, હત્યાના પ્રયાસ સહિતના ગંભીર ગુનાઓમાં વોન્ટેડ ૨૫ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગામમાં રહસ્યમય ઘટનાથી લોકોમાં ભારે કુતૂહલ

બુલંદશહરમાં આકાશમાંથી પડ્યો ૫૦ કિલોનો બરફનો ટુકડો

(સંપૂર્ણ સમાચાર સેવા)

બુલંદશહર, તા.૨૦

બુલંદશહર જિલ્લામાં એક અજીબોગરીબ ઘટના સામે આવી છે. અહીં ઉંચાગાંવ વિસ્તારના રોસલા ગામમાં મંગળવારે સવારે અચાનક આકાશમાંથી આશરે ૫૦ કિલો વજનનો બરફનો મોટો ટુકડો પડતાં લોકોમાં આશ્ચર્ય અને ભયનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, મંગળવારે સવારે લગભગ ૧૧:૪૫ વાગ્યે રામસિંહ નામના વ્યક્તિના પુત્રના ઘરની પાછળ ખીલે પશુઓ બાંધવામાં આવ્યા હતા. તે દરમિયાન અચાનક આકાશમાંથી બરફનો વિશાળ ટુકડો આવીને પશુઓની વચ્ચે પડ્યો હતો. બરફનો ટુકડો જમીન પર પડતાં જ જોરદાર અવાજ થયો હતો. અવાજ એટલો ભયાનક હતો કે આસપાસના લોકો ગભરાઈ ગયા હતા અને પોતપોતાના ઘરો તરફ દોડી ગયા હતા. ઘટનાસ્થળે પડેલા બરફના ટુકડાનું વજન આશરે ૫૦ કિલો હોવાનું જણાવવામાં આવ્યું છે. આટલો મોટો બરફનો ટુકડો આકાશમાંથી કેવી રીતે પડ્યો તે અંગે ગ્રામજનોમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે.

હાલમાં આટલો મોટો બરફનો ટુકડો ક્યાંથી આવ્યો અને આકાશમાંથી પડવા પાછળનું ચોક્કસ કારણ શું છે તે અંગે કોઈ સ્પષ્ટતા થઈ નથી. આ અસામાન્ય ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં કુતૂહલ અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.



પતિ જશે સાસરે, લગ્નજીવનની નવી અનોખી કહાની

આયુષ્માન ખુરાનાની યે પ્રેમ મોલ લિયાનું ટ્રેલર રિલીઝ



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલિવૂડ અભિનેતા આયુષ્માન ખુરાના અને શર્વરી વાઘની આગામી ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. જાણીતા ફિલ્મ નિર્દેશક સૂરજ આર. બડજાત્યાના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ લગ્ન અને પારિવારિક સંબંધોની એક અલગ જ કહાની રજૂ કરે છે. ફિલ્મમાં આયુષ્માન એક એવા યુવકની ભૂમિકામાં છે, જે લગ્ન બાદ પત્નીના ઘરે રહેવાનો નિર્ણય લે છે. પરંતુ આ નિર્ણય માત્ર બે વ્યક્તિઓ જ નહીં, બે પરિવારોની જિંદગીમાં પણ મોટો બદલાવ લાવે છે.

સૂરજ આર. બડજાત્યાની ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા'નું ટ્રેલર ૧૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ મુંબઈમાં એક ભવ્ય કાર્યક્રમ દરમિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફિલ્મના મુખ્ય કલાકારો આયુષ્માન ખુરાના અને શર્વરી વાઘ સહિત ફિલ્મની ટીમના સભ્યો હાજર રહ્યા હતા. રાજશ્રી પ્રોડક્શનના બેનર હેઠળ બનેલી આ ફિલ્મમાં પ્રેમ, પરિવાર અને બદલાતા સંબંધોની વાતને નવા અંદાજમાં રજૂ કરવામાં આવી છે. ફિલ્મની કહાની પ્રેમ મિશ્રા અને પૂર્વા સોલંકીની આસપાસ ફરે છે. પ્રેમ અને પૂર્વા એકબીજાને પ્રેમ કરે છે અને લગ્ન કરવા માગે છે. પરંતુ લગ્ન પછી ક્યાં રહેવું તે બંને માટે મોટો સવાલ બની જાય છે. પૂર્વા પોતાના પરિવારની પાંચ મહિલાઓની જવાબદારી સંભાળે છે. તે પોતાના પરિવારને છોડીને પતિના ઘરે જવા માગતી નથી. પૂર્વાની આ પરિસ્થિતિને સમજતા પ્રેમ એક એવો નિર્ણય લે છે, જે સામાન્ય લગ્ન પરંપરાથી તદ્દન અલગ છે.

ટ્રેલરમાં આયુષ્માન ખુરાના પ્રેમ મિશ્રા અને શર્વરી વાઘ પૂર્વા સોલંકીના પાત્રમાં જોવા મળે છે. પ્રેમ લગ્ન પછી પત્નીના ઘરે રહેવા જવા તૈયાર થાય છે અને એટલું જ નહીં, પોતાના પરિવારને પણ સાથે લઈ જાય છે. આ રીતે એક જ ઘરમાં બંને પરિવાર રહેવા લાગે છે. બંને પરિવારો ઘરની આર્થિક જવાબદારી પણ ૫૦-૫૦ વહેંચવાનું નક્કી કરે છે. જોકે, સાથે રહેવાની શરૂઆતમાં દેખાતી ખુશીઓ ધીમે ધીમે મતભેદ અને નાની-મોટી તકરારમાં બદલાવા લાગે છે. ટ્રેલરમાં કોમેડી અને ઈમોશન્સની સાથે પતિ-પત્ની વચ્ચે સમાન જવાબદારીનો સંદેશ પણ જોવા મળે છે.

'યે પ્રેમ મોલ લિયા' ૨૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. સૂરજ આર. બડજાત્યાના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મમાં આયુષ્માન ખુરાના અને શર્વરી વાઘ મુખ્ય ભૂમિકામાં છે. લગ્ન પછી પતિ પત્નીના ઘરે રહેવા જાય તો શું પરિસ્થિતિ સર્જાય અને બે પરિવારો એકસાથે કેવી રીતે રહે છે, તે ફિલ્મમાં રસપ્રદ રીતે જોવા મળશે. હવે ટ્રેલર સામે આવ્યા બાદ દર્શકો ફિલ્મની રિલીઝની રાહ જોઈ રહ્યા છે.

તબુની કારકિર્દીમાં પ્રથમવાર નવો ડિજિટલ અધ્યાય

ઉત્તરાખંડ ટનલ રેસ્ક્યુ પર આધારિત ટનલ મેનમાં અભિનેત્રી તબુની એન્ટ્રી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

અભિનેત્રી તબુ યશરાજ ફિલ્મ્સ એન્ટરટેઈનમેન્ટની નેટફ્લિક્સ સિરીઝ 'ટનલ મેન'માં જોવા મળશે. ૨૦૨૩માં ઉત્તરાખંડની ટનલમાં ફસાયેલા કામદારોને બચાવવા હાથ ધરાયેલા અભિયાનની ભાવનાથી પ્રેરિત આ કાલ્પનિક ડ્રામા તબુની પ્રથમ હિન્દી સિરીઝ છે.

નવેમ્બર ૨૦૨૩માં ઉત્તરાખંડની એક ટનલ ધરાશાયી થતાં અનેક કામદારો અંદર ફસાઈ ગયા હતા. તેમને બહાર કાઢવા લાંબું અને મુશ્કેલ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું હતું. આ ઘટનામાં જોવા મળેલી હિંમત, ટીમવર્ક અને આશાની ભાવનાને સિરીઝમાં કાલ્પનિક વાર્તા દ્વારા રજૂ કરવામાં આવશે.

'ધ રેલવે મેન' માટે પ્રશંસા મેળવનારા શિવ રાવેલ આ સિરીઝના ડિરેક્ટર તરીકે જોડાયા છે. ત્રણ દાયકાથી વધુની કારકિર્દીમાં તબુએ મેઈનસ્ટ્રીમ તેમજ પ્રયોગાત્મક ફિલ્મો ઉપરાંત હિન્દી તથા પ્રાદેશિક ભાષાની ફિલ્મોમાં વિવિધ ભૂમિકાઓ ભજવી છે. 'માચીસ' અને 'ચાંદની બાર' માટે તેને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો હતો. 'મકબૂલ', 'હૈદર' અને 'અંધાધૂન'માં પણ તેમના અભિનયની પ્રશંસા થઈ હતી. તબુનાં આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં મીરા નાયરની 'ધ નેમસેક', આંગ લીની 'લાઈફ ઑફ પાઈ' અને સિરીઝ 'ડ્યુનઃ પ્રોફેસી' પણ સામેલ છે. 'ટનલ મેન' સિરીઝ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે. યશરાજ ફિલ્મ્સ એન્ટરટેઈનમેન્ટ અને નેટફ્લિક્સ વચ્ચેની સર્જનાત્મક ભાગીદારીની શરૂઆત ૨૦૨૩માં 'ધ રોમેન્ટિક્સ'થી થઈ હતી.

સૈફ અલી ખાનને ફરી મળી જાનથી મારી નાખવાની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સૈફ અલી ખાનને મળી જાનથી મારી નાખવાની ધમકી, બાબા સિદ્દીકી હત્યા કેસના મુખ્ય આરોપી સાથે તેના સંબંધો. હિન્દી સિનેમાના સ્ટાર્સ સામે ધમકીઓનો સિલસિલો સતત ચાલુ છે. અવારનવાર, સેલિબ્રિટીઝ સામે જાનથી મારી નાખવાની ધમકીઓનો કિસ્સો સામે આવે છે. હવે, આ યાદીમાં નવાબ અને સુપરસ્ટાર સૈફ અલી ખાનનું નામ પણ જોડાયું છે.

હિન્દી સિનેમાના સ્ટાર્સ સામે ધમકીઓનો સિલસિલો સતત ચાલુ છે. અવારનવાર, સેલિબ્રિટીઝ સામે જાનથી મારી નાખવાની ધમકીઓનો કિસ્સો સામે આવે છે. હવે, આ યાદીમાં નવાબ અને સુપરસ્ટાર સૈફ અલી ખાનનું નામ પણ જોડાયું છે. સૈફને જાનથી મારી નાખવાની ધમકી મળી છે, જેનાથી ફિલ્મ ઉદ્યોગમાં ખળભળાટ મચી ગયો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અભિનેતાને ધમકી આપનાર વ્યક્તિ બાબા સિદ્દીકી હત્યા કેસનો મુખ્ય આરોપી છે. સૈફ અલી ખાનને મળી જાનથી મારી નાખવાની ધમકીએક સત્તાવાર ટ્વિટ શેર કરી, જેમાં કહેવામાં આવ્યું છે કે, "બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાનને બાબા સિદ્દીકી હત્યા કેસના વોન્ટેડ આરોપી ઝીશાન અખ્તર તરફથી ધમકી મળી છે. મુંબઈ પોલીસ આ ધમકીની તપાસ કરી રહી છે અને એ નક્કી કરવાનો પ્રયાસ કરી રહી છે કે શું તે ખરેખર અખ્તર તરફથી આવી હતી કે કોઈ અન્ય તેના નામનો ઉપયોગ કરી રહ્યું છે."

એક અધિકારીએ જણાવ્યું હતું કે, અભિનેતા તુષાર કપૂર અને આયુષ્માન ખુરાનાને પણ ભૂતકાળમાં ધમકીઓ મળી છે. તે કેસમાં, પોલીસે બેંગલુરુના 30 વર્ષીય IIT ગ્રેજ્યુએટ વૈભવ મિશ્રાની ધરપકડ કરી હતી, જેણે ધમકીઓ આપવા માટે કૃત્રિમ બુદ્ધિ (AI) નો ઉપયોગ કર્યો હોવાનો આરોપ છે. અધિકારીએ જણાવ્યું હતું કે મિશ્રાનો કોઈ ગેંગ સાથે કોઈ સંબંધ નથી. સૈફ અલી ખાન સામેની ધમકીએ ફરી એકવાર મુંબઈ પોલીસ માટે ચિંતા વધારી દીધી છે, કારણ કે અભિનેતા ટાઈગર શ્રોફ પર અગાઉ થયેલા જીવલેણ હુમલાએ ફિલ્મ ઉદ્યોગ અને વહીવટીતંત્રને હચમચાવી નાખ્યું હતું. આ પહેલી વાર નથી જ્યારે સૈફ અલી ખાનનું નામ આવી જ ઘટના માટે ચર્ચામાં આવ્યું હોય. અગાઉ, સૈફ પર મોડી રાત્રે એક અજાણ્યા વ્યક્તિએ તેના ઘરે છરીથી હુમલો કર્યો હતો, પરંતુ અભિનેતા મોતથી બચી ગયો હતો.

એવેન્જર્સ ડૂમ્સડેની એક ટિકિટનો ભારતમાં ભાવ ૪,૩૦૦ રૂપિયા પહોંચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ક્રિસમસ નજીક આવે એટલે માર્વેલની ફિલ્મની રાહ જોવાતી હોય છે. ત્યારે આ વર્ષે રિલીઝ થનારી 'એવેન્જર્સઃ ડૂમ્સડે'એ રિલીઝ પહેલાં જ નવો રેકોર્ડ બનાવ્યો છે. ભારતમાં ફિલ્મની રિલીઝના એક મહિના કરતાં વધુ સમય પહેલાં મધરાતના શોનું એડવાન્સ બુકિંગ શરૂ થયું છે. નાવી મુંબઈના સિનેપોલિસ સીવુડ્સ મલ્ટિપ્લેક્સમાં 17 ડિસેમ્બરની રાત્રે 12:01 વાગ્યાના 4DX શો માટે એક ટિકિટનો ભાવ 4,300 રાખવામાં આવ્યો છે.

ભારતમાં એક ફિલ્મની ટિકિટનો ભાવ પ્રથમવાર 4,000ને પાર પહોંચ્યો હોવાનું કહેવાય છે.અગાઉ 'રામાયણ' માટે મુંબઈના પીવીઆર લોઅર પરેલમાં ટિકિટનો ભાવ 3,170 નોંધાયો હતો. સામાન્ય રીતે આટલા ઊંચા દર આઈમેક્સ સ્ક્રીનિંગમાં જોવા મળે છે, પરંતુ 'એવેન્જર્સઃ ડૂમ્સડે'ના 4DX શોએ આ રેકોર્ડ પણ વટાવ્યો છે. મહત્વની વાત એ છે કે આટલી મોંઘી ટિકિટ હોવા છતાં બૂકિંગ ઝડપથી થઈ રહ્યું છે.ફિલ્મ 17 ડિસેમ્બરે રિલીઝ થવાની છે, પરંતુ 16 નવેમ્બરની રાતથી જ એડવાન્સ બૂકિંગ શરૂ કરી દેવાયું હતું. સામાન્ય રીતે મધરાતના શોનું બૂકિંગ રિલીઝની નજીક શરૂ થાય છે. 'ઓપનહાઈમર' માટે પણ આવા શોનું બૂકિંગ રિલીઝના માત્ર 2-3 દિવસ પહેલાં શરૂ થયું હતું. તેની સરખામણીએ 'એવેન્જર્સઃ ડૂમ્સડે' માટે એક મહિના કરતાં વધુ સમય અગાઉ જ મધરાતના શો જાહેર કરાયા છે.



મુંબઈમાં પાવીઆર લોઅર પરેલ અને મિરાજ વડાલામાં રાત્રે 12:05 અને 3:05 વાગ્યાના શો રાખવામાં આવ્યા છે. થાણેના સિનેપોલિસ વિવિયાના મોલમાં 12:01 વાગ્યાનો શો યોજાશે. દિલ્હી-NCRમાં પણ ગુરુગ્રામના સિનેપોલિસ મલ્ટિપ્લેક્સમાં મધરાતના શોનું બૂકિંગ શરૂ થયું છે.

ગુજરાતમાં અમદાવાદના સિનેપોલિસ નેક્સસમાં 16 ડિસેમ્બરે સવારે 11:59 વાગ્યાના શો માટે બૂકિંગ ખુલ્યું છે, જ્યારે સિનેપોલિસ વસ્ત્રાલમાં 12:10 વાગ્યાનો નિયમિત 2D શો રાખવામાં આવ્યો છે. સુરતના પીવીઆર રાહુલ રાજમાં રાત્રે 2:15 વાગ્યાનો હિન્દી ઈન્ફિનિટી વિઝન 3D શો પણ જાહેર થયો છે. વડોદરા અને કોલકાતામાં પણ વહેલી સવારના શોનું આયોજન કરાયું છે.

ફિલ્મને ભારતમાં આઈમેક્સમાં રિલીઝ નહીં મળે, કારણ કે તેના જ સપ્તાહે 18 ડિસેમ્બરે આવનારી 'ડ્યુનઃ પાર્ટ થ્રી'એ મોટા બજારોમાં આઈમેક્સ સ્ક્રીનિંગ માટે સ્થાન મેળવ્યું છે. આ દરમિયાન 'જુમાનજી: ઓપન વર્લ્ડ' અને શાહરુખ ખાનની 'કિંગ' પણ ડિસેમ્બરના બીજા ભાગમાં રિલીઝ થવાની છે. આમ, વર્ષના અંતે બોક્સ ઓફિસ પર મોટી ટક્કર જોવા મળશે.

માણાવદરના ભાજપના ધારાસભ્ય અરવિંદ લાડાણી વિવાદમાં ઘેરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

જૂનાગઢ,તા.૨૦

ગુજરાતમાં રાજકીય નેતાઓના વિવાદાસ્પદ નિવેદનો અને વર્તનને લઈને ચર્ચાઓ વચ્ચે જૂનાગઢ જિલ્લાના માણાવદરના ભાજપના ધારાસભ્ય અરવિંદ લાડાણી વિવાદમાં સપડાયા છે.



જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો ગંભીર આરોપ: યુવાનને માર મારવા, ધંધો બંધ કરવા અને ગામ છોડી દેવાની ધમકી આપ્યાનો આક્ષેપ, પોલીસે અરજી સ્વીકારી તપાસ હાથ ધરી

ધારાસભ્યનો એક યુવક સાથે ગાળાગાળી અને ઉગ્ર બોલાચાલી કરતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ હવે સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. મનીષ ઝાલાવાડિયા નામના વ્યક્તિએ ધારાસભ્ય અરવિંદ લાડાણી વિરુદ્ધ વંથલી પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી છે.

ફરિયાદી મનીષ ઝાલાવાડિયાએ પોતાની લેખિત અરજીમાં આક્ષેપ કર્યો છે કે ધારાસભ્ય અરવિંદ લાડાણીએ તેમની સાથે મારામારી કરી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, તેમને ગામ છોડી દેવા તેમજ પોતાનો ધંધો બંધ કરી દેવા માટે પણ દબાણ કરવામાં આવ્યું હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. વંથલી પોલીસે ફરિયાદીની લેખિત અરજી સ્વીકારી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, આ સમગ્ર ઘટના ત્યારે બની હતી જ્યારે યુવક વંથલીથી માણાવદર તરફ જઈ રહ્યો હતો. રસ્તામાં ધારાસભ્ય અરવિંદ લાડાણી સાથે તેનો સામનો થતાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ દરમિયાન ધારાસભ્ય ગુસ્સામાં જોવા મળ્યા હતા. વાયરલ વીડિયોમાં યુવકને અપશબ્દો બોલવામાં આવતા હોવાનું પણ જોવા મળે છે. ધારાસભ્ય દ્વારા યુવક સાથે મારામારી અને ધમકી આપવામાં આવી હોવાના આક્ષેપો પણ થયા છે.

વાયરલ વીડિયોમાં ધારાસભ્ય દ્વારા યુવક સામે અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત યુવકને માણાવદર છોડી દેવાની ધમકી અપાઈ હોવાનો પણ આરોપ છે. આ ઘટનાથી યુવક અને તેનો પરિવાર ચિંતામાં મુકાયો હોવાનું સામે આવ્યું છે. પરિવાર દ્વારા ઘરવખરીનો સામાન પેક કરવાની તૈયારી કરવામાં આવી હોવાનો પણ અહેવાલ છે.

હાલમાં આ મામલે પોલીસ સમક્ષ લેખિત અરજી કરવામાં આવી છે. હવે પોલીસ તપાસમાં સમગ્ર ઘટનાની હકીકત શું બહાર આવે છે અને ધારાસભ્ય સામે આગળ શું કાર્યવાહી થાય છે તેના પર સૌની નજર છે. નોંધનીય છે કે આ તમામ બાબતો હાલ ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો છે, જેની સ્વતંત્ર પુષ્ટિ તપાસ બાદ જ થઈ શકશે.

ઠંડીના અભાવે આંબા પર મોર ઓછો આવવાની ભીતિ

અમરેલી જિલ્લામાં ૮ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં આંબાની ખેતી, સાવરકુંડલા, ધારી, ખાંભા અને રાજુલાના બાગાયતકારોની ચિંતા વધી

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમરેલી,તા.૨૦

ગુજરાતમાં કેસર કેરીના ઉત્પાદન માટે જાણીતા અમરેલી જિલ્લામાં આ વર્ષે ખેડૂતોને વાતાવરણની ચિંતા સતાવી રહી છે. દિવાળીના તહેવારો વીતી ગયા હોવા છતાં ઠંડીનું પ્રમાણ અપેક્ષા મુજબ જોવા મળતું નથી. જેના કારણે આંબાના ઝાડ પર ફ્લાવરિંગ એટલે કે મોર ઓછો આવવાની ભીતિ ખેડૂતોમાં સેવાઈ રહી છે. જો આંબા પર પૂરતા પ્રમાણમાં મોર નહીં આવે તો તેની સીધી અસર કેરીના ઉત્પાદન પર પડી શકે છે. પરિણામે આ વર્ષે બજારમાં કેસર કેરીની આવક ઘટવાની અને ભાવ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

અમરેલી જિલ્લો કેસર કેરીના ઉત્પાદન માટે વિશેષ ઓળખ ધરાવે છે. જિલ્લામાં ૮ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં આંબાની ખેતી કરવામાં આવે છે. ખાસ કરીને સાવરકુંડલા, ધારી, ખાંભા અને રાજુલા પંથકમાં મોટા પ્રમાણમાં કેરીના બગીચાઓ આવેલા છે. અહીં ખેડૂતો કેસર ઉપરાંત બારમાસી, લંગડો, હાફૂસ અને જમાદાર જેવી વિવિધ જાતની કેરીનું ઉત્પાદન કરે છે. બાગાયતકારો આખું વર્ષ આંબાના બગીચાની માવજત, પાણી અને જરૂરી ખેતીકાર્ય પાછળ મહેનત કરતા હોય છે. એટલું જ નહીં, અહીં તૈયાર થતી આંબાની કલમોનું રાજ્યના અન્ય વિસ્તારો તેમજ દેશભરમાં વેચાણ પણ કરવામાં આવે છે. સામાન્ય રીતે નવરાત્રિ બાદ અમરેલી જિલ્લામાં ધીમે ધીમે ઠંડીની શરૂઆત થતી હોય છે. ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં આંબા પર મોર આવવાની પ્રક્રિયા શરૂ થાય છે. જોકે આ વર્ષે દિવાળી બાદ પણ ઠંડીનો ખાસ ચમકારો જોવા મળતો નથી. જેના કારણે ખેડૂતોને આંબા પર પૂરતું ફ્લાવરિંગ નહીં આવે તેવી ચિંતા સતાવી રહી છે.

ખેડૂતોના મતે આંબાના ઝાડ પર સારા પ્રમાણમાં મોર આવવા માટે ઠંડું વાતાવરણ અનુકૂળ હોય છે. જો આગામી સમયમાં પણ ઠંડીનું પ્રમાણ ઓછું રહેશે તો ફ્લાવરિંગ પર તેની અસર જોવા મળી શકે છે. બાગાયત વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આંબામાં ફ્લાવરિંગનો સમયગાળો સામાન્ય રીતે ડિસેમ્બરથી ફેબ્રુઆરી અને માર્ચ સુધીનો હોય છે. એટલે હજુ આગામી ત્રણ મહિના દરમિયાન ફ્લાવરિંગની પ્રક્રિયા થવાની શક્યતા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ ફ્લાવરિંગ માટે માત્ર ઠંડી જ જવાબદાર નથી. આંબાની જૂની ડાળીઓ, છોડને મળતો પૂરતો આરામ, પાણીની ખેંચ અને અન્ય ખેતીલક્ષી પરિબળો પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ફ્લાવરિંગને પ્રોત્સાહન આપવા માટે યોગ્ય માર્ગદર્શન હેઠળ પોષક તત્ત્વો અને જરૂરી છંટકાવ પણ ઉપયોગી બની શકે છે.

હાલમાં ખેડૂતોની નજર આગામી ત્રણ મહિનાના વાતાવરણ પર મંડાયેલી છે. જો આંબા પર પૂરતા પ્રમાણમાં ફ્લાવરિંગ નહીં આવે તો કેરીના ઉત્પાદન પર તેની અસર થઈ શકે છે. ઉત્પાદન ઘટવાથી બજારમાં કેસર કેરીની આવક ઓછી રહેવાની અને તેના ભાવમાં વધારો થવાની શક્યતા છે. જોકે, આંબા પર કેટલું ફ્લાવરિંગ આવશે અને આ વર્ષે કેરીનું કુલ ઉત્પાદન કેટલું રહેશે તે અંગે હાલ ચોક્કસ અનુમાન લગાવવું વહેલું છે. આગામી દિવસોમાં ઠંડી સહિતનાં કુદરતી પરિબળો કેવો પ્રભાવ પાડે છે તેના પર અમરેલીના કેસર કેરીના ખેડૂતોનું આખા વર્ષની મહેનતનું પરિણામ નિર્ભર રહેશે.

રાષ્ટ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થા
બાબા ગંગનાથ માર્ગ, મુનિરકા, નવી દિલ્હી - ૧૧૦ ૦૬૭

એફ.નં. એ-૧૨૦૪૩/૬/૨૦૨૬-એડમિન ૧

ખાલી જગ્યાની સૂચના

રાષ્ટ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થા, ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતી એક સ્વાયત્ત સંસ્થા. NIHFW એ શિક્ષણ અને તાલીમ, સંશોધન અને મૂલ્યાંકન, સલાહ, સલાહકાર અને વિશેષ સેવાઓ દ્વારા દેશમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ કાર્યક્રમોને પ્રોત્સાહન આપવા માટે એક ટોચની તકનીકી સંસ્થા છે.

NIHFWમાં સીધી ભરતીના ધોરણે નિયમિત જગ્યાઓ ભરવા માટે ભારતના નાગરિકો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે:

ક્રમ નં.	પદનું નામ	વેતન મેટ્રિક્સ સ્તર	પદોની સંખ્યા
૧.	પ્રોફેસર (સમાજ વિજ્ઞાન)	શૈક્ષણિક પગાર સ્તર-૧૪	૦૧
૨.	રીડર (ઓપરેશન રિસર્ચ)	શૈક્ષણિક પગાર સ્તર-૧૨	૦૧
૩.	સહાયક પ્રોફેસર (શિક્ષણ અને તાલીમ)[નોન-મેડિકલ]	શૈક્ષણિક પગાર સ્તર-૧૦	૦૧
૪.	સહાયક પ્રોફેસર (RBM - ક્લિનિક)[મેડિકલ]	શૈક્ષણિક પગાર સ્તર-૧૦	૦૧

આ જાહેરાતની વધુ વિગતો અને હિન્દી સંસ્કરણ માટે, કૃપા કરીને અમારી સંસ્થાની વેબસાઇટ www.nihfw.ac.in જુઓ. અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ રોજગાર સમાચારમાં જાહેરાત પ્રકાશિત થયાની તારીખથી ચાર (૦૪) અઠવાડિયા હશે.

ડાયરેક્ટર, NIHFW

CBC 17153/11/0008/2627

રાષ્ટ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થા
બાબા ગંગનાથ માર્ગ, મુનિરકા, નવી દિલ્હી - ૧૧૦ ૦૬૭

એફ.નં. એ-૧૨૦૩૭/૩/૨૦૨૫-એડમિન ૧

ખાલી જગ્યાની સૂચના

રાષ્ટ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થા, ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતી એક સ્વાયત્ત સંસ્થા. NIHFW એ શિક્ષણ અને તાલીમ, સંશોધન અને મૂલ્યાંકન, સલાહ, સલાહકાર અને વિશેષ સેવાઓ દ્વારા દેશમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ કાર્યક્રમોને પ્રોત્સાહન આપવા માટે એક ટોચની તકનીકી સંસ્થા છે.

NIHFWના ડિરેક્ટર દ્વારા **NIHFW**માં નીચેની પ્રતિનિયુક્તિની જગ્યાઓ માટે ભારતના નાગરિકો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે:

ક્રમ નં.	પદનું નામ	વેતન મેટ્રિક્સ સ્તર	પદોની સંખ્યા	શ્રેણી	ભરતી પદ્ધતિ	અરજી કરવાની રીત
૧.	એકાઉન્ટ ઓફિસર	પે મેટ્રિક્સ લેવલ -૦૭	૦૨	યુઆર	પ્રતિનિયુક્તિ	પરિશિષ્ટ-૧
૨.	એકાઉન્ટન્ટ	પે મેટ્રિક્સ લેવલ -૦૬	૦૫	યુઆર	પ્રતિનિયુક્તિ	પરિશિષ્ટ-૧
૩.	પ્રોગ્રામર	પે મેટ્રિક્સ લેવલ -૦૭	૦૨	યુઆર	પ્રતિનિયુક્તિ/ નિષ્ફળ ન થવા પર સીધી ભરતી	પ્રતિનિયુક્તિ માટે પરિશિષ્ટ-૧ સીધી ભરતી માટે પરિશિષ્ટ-૨

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ રોજગાર સમાચારમાં જાહેરાત પ્રકાશિત થયાની તારીખથી ૪૫ દિવસ છે.

વિગતો સંસ્થાની વેબસાઇટ **www.nihfw.ac.in** પર ઉપલબ્ધ છે.

CBC 17153/11/0006/2627 ડાયરેક્ટર, NIHFW

TORRENT POWER | DNHDD

વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઇનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

તારીખ અને વાર	સબસ્ટેશન	ફીડર	વિસ્તાર
૨૭/૧૧/૨૦૨૬ શુક્રવાર	દાદરા	૧૧ કેવી દાદરા ઈન્ડ -૬	વિઝન વાયર ઈન્ડ, ચંદ્રલોક ઈન્ડ વિસ્તાર, સીએમસી ગલી, સનફાર્મા ગલી, ગ્રેઅર એન્ડ વેઈલ ઈન્ડ રોડ, કેનાલ રોડ

અસુવિધા બદલ દિલગીર છીએ.

વીજ ચોરી !! જેલની સજા. (ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.

આપની સેવા માં હરહંમેશ હાજર

Helpline 9099991912, 18002339500, 19126, 18002705551

connect.torrentpower.com

connect.dnhdd@torrentpower.com

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

જાહેર બાંધકામ વિભાગ - દમણ

ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના

નાની દમણની TPS 4A માટે ટાઉન પ્લાનિંગ સ્કીમ અંતર્ગત રસ્તાના કામો અને અન્ય માળખાકીય સુવિધાઓનો વિકાસ. (EPC મોડ) (લંબાઈ = 1.15 કિમી)

ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_5054_1

પ્રીબીડ મીટિંગ તારીખ : 20/11/2026

ડાઉનલોડની છેલ્લી તારીખ : 03/12/2026

હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 03/12/2026

બિડ ખોલવાની તારીખ : 03/12/2026

For details please scan https://ddtenders.gov.in

કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ

NO. IP/DMN/2/5/2026-27/655 dtd:20/11/2026

U.T ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

દમણ મ્યુનિસિપલ કાઉન્સિલ, દમણ

હરાજીની સૂચના

દમણ જિલ્લાની તમામ સામાન્ય જનતાને આથી જાણ કરવામાં આવે છે કે ચાર રસ્તા, નાની દમણ અને પીડબલ્યુડી ઓફિસ મોટી દમણ પાસે આવેલા શોપિંગ કોમ્પ્લેક્સમાં દુકાનો ભાડે આપવા માટેની હરાજી તા. 20/11/2026 થી 15/12/2026 સુધી ઓનલાઈન પોર્ટલ એટલે કે https://sampark.dmcdaman.in/#/auction/login જરૂરી દસ્તાવેજો 20/11/2026 થી 15/12/2026 સુધી DMC ઓફિસમાં ભૌતિક રીતે સબમિટ કરવાના રહેશે.

Notice No. 2/9-7/(part)DMC/2026-27/1492
Notice date: 18/11/2026.

For details please scan https://sampark.dmcdaman.in/#/auction/login

The Chief Officer, Daman Municipal Council, (Dr. Sanjam Singh)

NO. IP/DMN/2/5/2026-27/654 dtd:20/11/2026

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન

પર્યટન વિભાગ, ડી.એન.એચ. અને દમણ અને દીવ

ટેન્ડર સૂચના

દીવમાં પોથિયાદાદા, ડાયનોસોર પાર્ક નજીક પ્રીમિયમ હોટેલ/રિસોર્ટના વિકાસ, સંચાલન અને જાળવણી માટે સરકારી જમીનના આઉટસોર્સિંગ આપવા માટે આરએફપી (2nd Call)

Visit https://ddtenders.gov.in/ or, visit https://ddd.gov.in/ dnhddtourism@gmail.com Phone No. 0260-2250002

ટેન્ડર ID: 2026_DAMAN_5068_1

ટેન્ડર નં. : 3/152/DT/DNH&DD/Hotel/DP/Diu/2026-27/455

હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 07/12/2026

બિડ ખોલવાની તારીખ : 08/12/2026

નિર્દેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ - 396215

NO. IP/DMN/2/5/2026-27/659 dtd:20/11/2026

સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન

જાહેર બાંધકામ વિભાગ – દીવ

ટેન્ડર આમંત્રિત કરવાની સૂચના

દીવમાં એફસીઆઇ ગોડાઉન અને સાઇટ ડેવલપમેન્ટનું બાંધકામ (2ND CALL).

For details please scan https://ddtenders.gov.in eepwd-diu-dd@nic.in 02875-252294

ટેન્ડર સૂચના ન. તથા ઓળખ ન. : 53/2026-2027 (2026_DIUDT_5071_1)

પ્રી-બીડ મીટીંગ ની તારીખ : 25/11/2026

ડાઉનલોડ ની છેલ્લી તારીખ : 02/12/2026

ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ : 02/12/2026

બીડ ખોલવાની તારીખ : 02/12/2026

કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.

NO. IP/DMN/2/5/2026-27/658 dtd:20/11/2026

સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન

જાહેર બાંધકામ વિભાગ દીવ

ટેન્ડર આમંત્રિત કરવાની સૂચના

દીવના નાગોઆ બીચ પર આઉટડોર જિમના સાધનો અને અન્ય આનુષંગિક મનોરંજન સુવિધાઓ સ્થાપિત કરવા સહિત બાળકોના રમત-ગમતના વિસ્તારનો વિકાસ.

For details please scan https://ddtenders.gov.in cepwd-diu-dd@nic.in 02875-252294

ટેન્ડર સૂચના નં. તથા ઓળખ ન. : 52/2026-2027 (2026_DIUDT_5069_1)

પ્રી બીડ મીટીંગ ની તારીખ : 24/11/2026

ડાઉનલોડ ની છેલ્લી તારીખ : 02/12/2026

ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ : 02/12/2026

બીડ ખોલવાની તારીખ : 02/12/2026

કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.

NO. IP/DMN/2/5/2026-27/657 dtd:20/11/2026

CHANGE

OLD NAME: DINESH CHANDRA SHANTARAM RAUT
NEW NAME: DINESH SHANTARAM
Address:- H/No:208/6, Mangelwad, Moti Daman, Daman (U.T)

CHANGE OF NAME

I have changed my name from (old name) Rajani Pardhi / Rajani Bhagat to **(new name) Roshni Bhagat.** I will be known by my new name Roshni Bhagat for all official purposes as per my documents.

CHANGE OF NAME

I Hiteshkumar Parmar (Old Name) Residing at House No. 143/1, Opp. Blue Star Hotel, Haveli Faliya, Naroli, Dadra Nagar Haveli, 396230 hereby declare that I have changed my name as **Hitesh Parmar (New Name).**

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી
મુ.પો. કપરાડા તા. કપરાડા જી. વલસાડ
Email-mam-kaprada@gujarat.gov.in
ફોન નં.૦૨૬૩૩-૨૨૦૧૨૦, ૨૨૦૦૩૦

નં.એમએજી/મરણ/કેસ નં. 476/2025 તા.૦૬/૧૦/૨૦૨૬

જાહેર નોટીસ

વાદી: શ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવાર, રહે. વડોલી, તા.કપરાડા, જી. વલસાડ

-: વિરૂદ્ધ :-

પ્રતિવાદી: તલાટી કમ મંત્રીશ્રી, વડોલી

વિષય: જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.

આથી જાહેર નોટીસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવારના દાદા મકનભાઈ પાંડ્યાભાઈ પવારનું મરણ તા.01-11-1998નાં રોજ વડોલી, તા.કપરાડા ખાતે થયેલ છે,** અને તેમના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬-૧૦-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહી/સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કપરાડા

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી
મુ.પો. કપરાડા તા. કપરાડા જી. વલસાડ
Email-mam-kaprada@gujarat.gov.in
ફોન નં.૦૨૬૩૩-૨૨૦૧૨૦, ૨૨૦૦૩૦

નં.એમએજી/મરણ/કેસ નં. 477/2025 તા.૦૬/૧૦/૨૦૨૬

જાહેર નોટીસ

વાદી: શ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવાર, રહે. વડોલી, તા.કપરાડા, જી. વલસાડ

-: વિરૂદ્ધ :-

પ્રતિવાદી: તલાટી કમ મંત્રીશ્રી, વડોલી

વિષય: જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.

આથી જાહેર નોટીસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવારના દાદા લાહન્યાભાઈ પાંડ્યાભાઈ પવારનું મરણ તા.09-03-1986નાં રોજ વડોલી, તા. કપરાડા ખાતે થયેલ છે,** અને તેમના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬-૧૦-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહી/સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કપરાડા

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી
મુ.પો. કપરાડા તા. કપરાડા જી. વલસાડ
Email-mam-kaprada@gujarat.gov.in
ફોન નં.૦૨૬૩૩-૨૨૦૧૨૦, ૨૨૦૦૩૦

નં.એમએજી/જન્મ/કેસ નં. 478/2025 તા.૦૬/૧૦/૨૦૨૬

જાહેર નોટીસ

વાદી: શ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવાર, રહે. વડોલી, તા.કપરાડા, જી. વલસાડ

-: વિરૂદ્ધ :-

પ્રતિવાદી: તલાટી કમ મંત્રીશ્રી, વડોલી

વિષય: જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.

આથી જાહેર નોટીસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવારના પુત્રી નેહાબેન પુંડલીકભાઈ પવારનો જન્મ તા.05-01-2011નાં રોજ વડોલી, તા. કપરાડા ખાતે થયેલ છે,** અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬-૧૦-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહી/સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કપરાડા

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી
મુ.પો. કપરાડા તા. કપરાડા જી. વલસાડ
Email-mam-kaprada@gujarat.gov.in
ફોન નં.૦૨૬૩૩-૨૨૦૧૨૦, ૨૨૦૦૩૦

નં.એમએજી/મરણ/કેસ નં. 479/2025 તા.૦૬/૧૦/૨૦૨૬

જાહેર નોટીસ

વાદી: શ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવાર, રહે. વડોલી, તા.કપરાડા, જી. વલસાડ

-: વિરૂદ્ધ :-

પ્રતિવાદી: તલાટી કમ મંત્રીશ્રી, વડોલી

વિષય: જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.

આથી જાહેર નોટીસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવારના દાદા ધાકલેભાઈ પાંડ્યાભાઈ પવારનું મરણ તા.06-09-1992નાં રોજ વડોલી, તા.કપરાડા ખાતે થયેલ છે,** અને તેમના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬-૧૦-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહી/સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કપરાડા

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી
મુ.પો. કપરાડા તા. કપરાડા જી. વલસાડ
Email-mam-kaprada@gujarat.gov.in
ફોન નં.૦૨૬૩૩-૨૨૦૧૨૦, ૨૨૦૦૩૦

નં.એમએજી/મરણ/કેસ નં. 480/2025 તા.૦૬/૧૦/૨૦૨૬

જાહેર નોટીસ

વાદી: શ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવાર, રહે. વડોલી, તા.કપરાડા, જી. વલસાડ

-: વિરૂદ્ધ :-

પ્રતિવાદી: તલાટી કમ મંત્રીશ્રી, વડોલી

વિષય: જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.

આથી જાહેર નોટીસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવારના દાદી ઠેમીબેન પાંડ્યાભાઈ પવારનું મરણ તા.02-05-1962નાં રોજ વડોલી, તા.કપરાડા ખાતે થયેલ છે,** અને તેમના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬-૧૦-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહી/સિક્કો
એક્ઝ




તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

મોબાઈલથી દૂર, પુસ્તકોની દુનિયામાં મસ્ત યુવાધન

મોબાઈલના યુગમાં જ્ઞાનનું મંદિર બની ધરમપુરની ૧૪૦ વર્ષ જૂની લાઈબ્રેરી

૧૦૧ યુવક-યુવતીના સરકારી નોકરીના સપના થયા સાકાર, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે રોજ ૧૦૦થી વધુ ઉમેદવારો વાંચનમાં લીન, ૧૯ હજાર પુસ્તકોથી સમૃદ્ધ છે લાઈબ્રેરી, બપોરે જમવા માટે ઘરે જવામાં સમય બગડે એટલે ટિફિન લઈ આવી અહીં જ જમીને ફરી વાંચનમાં પરોવાઈ જાય છે, વર્ષ ૨૦૧૧થી અત્યાર સુધીમાં વર્ગ-૧થી વર્ગ-૩ સુધીની વિવિધ સરકારી જગ્યાએ ૧૦૧ યુવક-યુવતીઓને મળી સરકારી નોકરીની ભેટ, ગરીબ અને આદિવાસી યુવાધનના ઉજ્જવળ ભવિષ્ય માટે પરીક્ષાના સમયે સવારે ૮થી સાંજે ૦૬ સુધી ખુલ્લી રહે છે લાઈબ્રેરી

















(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૦

આજના ડિજિટલ યુગમાં યુવાધન મોબાઈલમાં રચ્યુંપચ્યું રહેતું હોવાથી વાંચનનું પ્રમાણ ઘટી રહ્યું છે. ત્યારે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાની એક એવી લાઈબ્રેરી કે, જ્યાં વાંચન માટે યુવાધનની સવારથી જ લાઈન લાગે છે. અહીંનું દ્રશ્ય જોઈ એવુ લાગે કે, સોશિયલ મીડિયાની દુનિયા ભૂલીને યુવાધન વાંચનમાં મસ્ત બન્યું છે. સરકારી નોકરી મેળવવાની ઈચ્છા ધરાવતા યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં લાઈબ્રેરી મહત્તવની ભૂમિકા ભજવે છે.

ધરમપુર નગરપાલિકા સંચાલિત ૧૪૦ વર્ષ જુની શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરીએ યુવાધનને સફળતાનાં શિખરો સર કરવા પાંખો આપી છે. આ લાઈબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરીને અત્યાર સુધીમાં ૧૦૧ યુવક-યુવતીઓએ સરકારી નોકરી મેળવી પોતાનાં સપનાં સાકાર કર્યાં છે અને અન્ય યુવાનોને પ્રેરણા આપી છે, સાથે જિલ્લાનું ગૌરવ પણ વધાર્યું છે.

ધરમપુર નગરી એટલે રજવાડી નગરી. અહીંની મોટાભાગની પ્રજા આદિવાસી હતી. જેથી આ વિસ્તારમાં નિરક્ષરતા દૂર કરવાના હેતુથી રાજવી માહારાણા શ્રી નારણદેવજીએ ૧૪૦ વર્ષ પહેલા એટલે કે, તા.૦૧/૧૦/૧૮૮૬ના રોજ આ લાઈબ્રેરીની સ્થાપના કરી હતી. દેશ આઝાદ થયા બાદ ધરમપુર રાજ્યનું વિલીનીકરણ થયું અને વર્ષ ૧૯૫૨થી આજદિન સુધી આ લાઈબ્રેરીનો વહીવટ ધરમપુર નગરપાલિકા દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવી રહ્યો છે. ૧૪૦ વર્ષ જૂની આ લાઈબ્રેરી આજે વલસાડ જિલ્લાની ધરોહર સમાન બની છે. તેની ઝળહળતી સફળતાથી સમગ્ર જિલ્લો ગૌરવ અનુભવી રહ્યો છે.

આ લાઈબ્રેરીના ગ્રંથપાલ શ્રી નિમેષભાઈ ભટ્ટ જણાવે છે કે, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવક-યુવતીઓ માટે ધરમપુરની આ લાઈબ્રેરી આશીર્વાદ સમાન છે. અહીં મળતી સુવિધાઓને કારણે વલસાડ જિલ્લા ઉપરાંત નવસારી જિલ્લાના ખેરગામ અને વાંસદા તાલુકાના સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો પણ વાંચન માટે આવે છે. દરરોજ ૧૦૦થી વધુ ઉમેદવારોની અવરજવરને કારણે લાઈબ્રેરી સતત ધમધમતી રહે છે. વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ પરીક્ષાલક્ષી પુસ્તકો-ન્યૂઝ પેપરો પણ મંગાવી આપવામાં આવે છે. કુલ ૧૯ હજાર પુસ્તકોના સમૃદ્ધ સંગ્રહ સાથે આ લાઈબ્રેરી વાચકો માટે જ્ઞાનનો ભંડાર બની છે.

ખાસ લેખ
- જિજ્ઞેશ સોલંકી

ધરમપુર નગરપાલિકાના પ્રમુખ શ્રી મયંકભાઈ મોદીએ જણાવ્યું કે, લાઈબ્રેરીનો નિયમિત સમય સરકારી સમય મુજબ હોય છે. જોકે, ગરીબ અને આદિવાસી યુવાધનનું ભવિષ્ય ઉજ્જવળ બને, તેમનાં સપનાં સાકાર થાય અને તેઓ સરકારી નોકરી મેળવી શકે તે હેતુથી પરીક્ષાના સમયે વાચકોની માંગ અનુસાર રજાના દિવસોમાં ખુલ્લી રાખવામાં આવે છે. આ લાઈબ્રેરીમાં વાંચન કરીને વર્ષ ૨૦૧૧થી અત્યાર સુધીમાં કુલ ૧૦૧ યુવક-યુવતીઓ સરકારના વિવિધ વિભાગોમાં વર્ગ-૧થી લઈને વર્ગ-૩ સુધીની વિવિધ જગ્યાઓ પર સરકારી નોકરી મેળવી છે, જે સમગ્ર ધરમપુર માટે ગૌરવની વાત છે.

ધરમપુરમાં સાહિત્યિક પ્રવૃત્તિઓને વેગ મળે તે હેતુથી લાઈબ્રેરીના વાચકો દ્વારા 'સાહિત્ય પ્રભાત'ની રચના કરવામાં આવી છે. આ સંસ્થા દર વર્ષે સાહિત્યના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે. આમ, સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોની સાથે સાહિત્યરસિકો માટે પણ આ લાઈબ્રેરી લોકપ્રિય બની છે.

સિવિલ સર્વિસની પ્રિલિમ્સ અને મેઇન્સ પાસ કરી પાંચ વખત ઇન્ટરવ્યૂ સુધી પહોંચ્યો : પ્રમોદ યાદવ



ધરમપુરના હાથીખાનાના રહીશ અને સિવિલ સર્વિસિસની તૈયારી કરતા ૩૦ વર્ષીય પ્રમોદ યાદવે જણાવ્યું કે, હું લાઈબ્રેરીમાં સવારથી મોડી સાંજ સુધી વાંચન કરૂ છું. આ લાઈબ્રેરીમાં મેં સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી આશરે ૨૦૦ પુસ્તકોનું વાંચન કર્યું છે. અગાઉ લાઈબ્રેરીમાં 'ધ હિન્દુ' અને 'ઇન્ડિયન એક્સપ્રેસ' અખબારો આવતાં ન હતાં. આ અંગે લાઈબ્રેરિયન શ્રી નિમેષભાઈને રજૂઆત કરતાં હવે બંને અખબારો નિયમિત આવે છે. અગાઉ મને ક્લાર્ક તરીકે સરકારી નોકરી મળી હતી, પરંતુ યુપીએસસી અને જીપીએસસીની તૈયારીમાં ખલેલ પડતા મેં નોકરીમાંથી રાજીનામું આપી દીધું હતું. અત્યાર સુધીમાં સિવિલ સર્વિસિસની પ્રિલિમ્સ અને મેઇન્સ પરીક્ષા પાસ કરીને પાંચ વખત ઇન્ટરવ્યૂ આપવા માટે દિલ્હી સુધી પહોંચ્યો છું. મારાં સપનાં સાકાર કરવા માટે હજુ પણ પ્રયત્નો સતત ચાલુ છે.

રજાના દિવસે પણ અમારા માટે લાઈબ્રેરી ચાલુ રહે છે: નિરાલી ગાંવિત



ધરમપુર તાલુકાના ખટાણા ગામની ૨૭ વર્ષીય નિરાલી ગાંવિતે જણાવ્યું કે, હું સ્ટાફ નર્સની નોકરી મેળવવા માટે પરીક્ષાની તૈયારી કરી રહી છું. અમારા ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને આ લાઈબ્રેરી રજાના દિવસે પણ ચાલુ રાખવામાં આવે છે. અહીં શૌચાલય અને ગાર્ડન જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. અમે ઘરેથી ટિફિન લઈને આવીએ છીએ અને સવારથી સાંજ સુધી અહીં જ બેસીને વાંચન કરી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરીએ છીએ.

અહીં વાંચન કરીને વીજ કંપનીમાં ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડન્ટની નોકરી મળી:મેહુલ પટેલ



ધરમપુરની લાઈબ્રેરીમાં વાંચન કરીને આજે ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ તરીકે ખેડા ખાતે ફરજ બજાવતા વલસાડના ફલધરા ગામના મેહુલ પટેલ અને ગુજરાત સરકારના ગૃહ વિભાગ હેઠળ કાકરાપાર અણુમથકમાં જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા ધરમપુરના ઓઝરપાડાના વિમલ પટેલ જણાવે છે કે, ઘર નજીક હોવા છતાં બપોરે જમવા જવા માટે સમય બગડે નહીં તે માટે અમે સાથે ટિફિન લઈને આવીએ છીએ. આ લાઈબ્રેરીમાં સતત એક વર્ષ સુધી તૈયારી કરીને અમે અમારાં સપનાં સાકાર કર્યાં છે. રજાના દિવસે પણ લાઈબ્રેરી ચાલુ રહેતી હોવાથી અમને પરીક્ષાની તૈયારીમાં ઘણો લાભ મળ્યો હતો.


આ લાઈબ્રેરીમાં વાંચન કરીને કોન્સ્ટેબલ બન્યો, હવે પીઆઈ માટે તૈયારી ચાલુ : રાજેશ પવાર



ધરમપુરના ખટાણા ગામના રાજેશ પવાર જણાવે છે કે, આ લાઈબ્રેરીમાં વાંચન કરીને મને પોલીસ કોન્સ્ટેબલની નોકરી મળી છે. જોકે, મારૂં લક્ષ્ય પીઆઈ અથવા પીએસઆઈ બનવાનું હોવાથી હજુ પણ મારી તૈયારી ચાલુ છે. મારૂ સપનુ સાકાર કરવામાં ધરમપુરની આ લાઈબ્રેરી સતત મદદરૂપ થઈ રહી છે. હું દરરોજ સવારે ૮ વાગ્યે લાઈબ્રેરીમાં આવી જાઉં છું અને સાંજે ૬ વાગ્યા સુધી વાંચન કરૂં છું. અહીં દરેક વાચક માટે અલગ ડેસ્કની વ્યવસ્થા હોવાથી શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષાની તૈયારી કરી શકાય છે.

વલસાડી હાફૂસ અને મહારાષ્ટ્ર કોંકણની હાફૂસ કેરીનો વિવાદ ચેન્નાઈ જીઆઈ કોર્ટમાં ચાલ્યો: કોર્ટે ચૂકાદો સુરક્ષિત રાખ્યો

બન્ને પક્ષોને સમાધાન કરવાનું કોર્ટે જણાવ્યું, હવે આગામી સમયે શું ચૂકાદો આવે છે તેની ઉપર ખેડૂતોની નજર





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૦

વલસાડની જગપ્રસિદ્ધ હાફૂસ કેરીના જીઆઈ ટેગનો મામલો ચેન્નાઈ જી આઈ ટેગ કોર્ટમાં ચાલ્યો હતો. સામે પક્ષે મહારાષ્ટ્ર કોંકણની હાફૂસ કેરીનો દાવો પણ જીઆઈ ટેગનો હતો તેથી કોર્ટે મામલો હાલ પુરતો ચૂકાદો પેન્ડિંગ સુરક્ષિત રાખવામાં આવ્યો છે.

ચેન્નાઈ જીઆઈ ટેગ અદાલતમાં બે પક્ષકાર સામ સામે હાફૂસ જી.આઈ.ટેગનો દાવો કર્યો હતો. જેમાં કોંકણ પક્ષે જણાવ્યું હતું કે, અમે ૨૦૧૮માં હાફૂસ કેરીનો જીઆઈ ટેગ મેળવ્યો છે, તો બીજી તરફ ૨૦૨૩માં નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા વલસાડી હાફૂસ કેરીના જીઆઈ ટેગની માંગણી જીઆઈ અદાલતમાં કરી હતી. તેથી અદાલતે આજે તેની સુનાવણી હાથ ધરી હતી. ચૂકાદો સુરક્ષિત રાખ્યો હતો. બન્ને પક્ષકારોને સમાધાનકારી વલણ જાહેર હીત માટે રાખવાનું અદાલતે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે, મે મહિનામાં કોંકણ હાફૂસની કેરીની સિઝન પૂરી થાય છે તો બીજી તરફ વલસાડ હાફૂસની સિઝનમાં શરૂ થાય છે. તેથી ઠગાઈની સંભાવનાઓ વધી જવાની શક્યતા રહે છે. તેથી હાલ મામલો પેચીદો બન્યો છે. અગામી સમયે જી આઈ ટેગનો શું ચૂકાદો આવે છે તેની ઉપર ખેડૂતોની નજર રહી છે.

વલસાડ જિલ્લામાં દિપડાઓનો ત્રાસ વધ્યો

વલસાડ ઠક્કરવાડામાં બીજીવાર દિપડાને પાંજરામાં પુરવામાં આવ્યો





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૦

વલસાડ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં હિંસક દિપડાઓનો ત્રાસ બેફામ વધી રહ્યો છે. દર સપ્તાહે કોઈના કોઈ ગામમાં દિપડો આવી જતો રહ્યો છે. વલસાડના ઠક્કરવાડા ગામમાં ઉપરાઉપરી બીજીવાર દિપડો પાંજરામાં પુરાયો હતો. ગામમાં વારંવાર દિપડો આવતો હતો. તેથી ગ્રામજનોની માંગણી બાદ પાંજરૂ ગોઠવવામાં આવ્યું હતું. તેથી દિપડો બે બે વાર પાંજરામાં પુરાયો હતો તેથી ગ્રામજનોએ ભારે રાહતની લાગણી અનુભવી હતી.

દિપડાની હેરાનગતિનો બનાવ કપરાડાના દિક્ષલ ગામે બન્યો છે. ગામના રણવહાલી ફળીયામાં ગત રાત્રે દિપડો આવ્યો હતો. મોહલ્લામાં ફરતા શ્વાનનો શિકાર કરી દિપડો નાસી ગયો હતો. શ્વાનના શિકારની ઘટનાને લઈ ગામમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. તેથી ગ્રામજનોએ વનવિભાગ પાસે પાંજરૂ મુકાવાની પ્રબળ માંગણી કરી છે. જિલ્લાના અનેક ગામોના રહેઠાણ વિસ્તારમાં વારંવાર દીપડા આવી રહ્યા હોવાની ઘટનાઓ લગાતાર બની રહી છે.


વાપીના વિવિધ વિસ્તારમાંથી પાંચ મહિનામાં ૨૬ મહિલાઓ ગુમ થયાના ચિંતાજનક બનાવ બન્યા : મહિલા સુરક્ષા સામે પ્રશ્નાર્થ

છરવાડા, ગીતાનગર, જીઆઈડીસી તથા સરસ્વતિનગરમાં મોટા ભાગના બનાવ બન્યા









(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૦

વાપીના વિવિધ વિસ્તારોમાંથી છેલ્લા પાંચ મહિનાથી ૨૬ જેટલી મહિલા-યુવતિઓના રહસ્યમય રીતે ગુમ થયાના ચિંતાજનક બનાવો બની રહ્યા છે. એકાદ બનાવમાં તો યુવતિનો મૃતદેહ પણ મળી આવેલ છે. તેથી વાપીમાં મહિલા સુરક્ષા માટે પ્રશ્નાર્થ ઉભો થયો છે.

વાપીના ખાસ કરીને છરવાડા, ગીતાનગર, જીઆઈડીસી તથા સરસ્વતિનગર જેવા વિસ્તારોમાં મહિલા-યુવતિઓ ગુમ થવાના બનાવ બન્યા છે. ૧૮થી ૨૪ વર્ષની યુવતિઓ વધુ પ્રમાણમાં ગુમ થઈ છે. જ્યારે એક ૩૬ વર્ષિય પરણિતા ગુમ થવાનો બનાવ બન્યો છે. વાપી ચાર રસ્તા હિના આર્કેડમાં એક હોટલના બેઝમેન્ટ મૃત હાલતમાં યુવતિ મળી આવી હતી, જેનું રહસ્યમય વણ ઉકેલ્યું રહ્યું છે. મહિલાઓની સુરક્ષા વધારવા માટે સીસીટીવી કેમેરા અને પોલીસ પેટ્રોલીંગ વધારવા જેવા પગલાં લેવા જરૂરી બની રહ્યા છે. એવરેજ પ્રતિ સપ્તાહે એક યુવતિ ગુમ થઈ રહી છે. જે વાપી માટે ગંભીર અને ચિંતાજનક બાબત જરૂર લેખાવી શકાય એમ છે.

સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલનાં માતૃશ્રીનું દુ:ખદ અવસાન

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ઓલપાડ, તા.૨૦

સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ અને ઓલપાડ તાલુકાનાં કરંજનાં સી.આર.સી. કો-ઓર્ડિનેટર વિજય પટેલનાં માતૃશ્રી નર્મદાબેન બાલુભાઈ પટેલ (ગામ:હાંસોટ)નું ૮૦ વર્ષની વયે ઓલપાડ ખાતે દુ:ખદ અવસાન થયેલ છે.



સ્વ.નર્મદાબેન એટલે સાદાઈ, માયા, મમતા, માનવતા અને માણસાઈની મૂર્તિ. ગ્રામીણ સંસ્કારનાં સાચા પ્રતિક સમા માજીએ આખું જીવન કુટુંબ અને સમાજ માટે સમર્પિત કર્યું હતું. મહેમાનગતિ એ એમનો સ્વભાવ હતો અને મીઠાશ એ એમની ઓળખ હતી. એમનાં દિવ્ય આત્માની શાંતિ અર્થે સમસ્ત ઝાંપા ફળિયાનાં રહીશો, ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ, સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, ઓલ ઈન્ડિયા એડવેન્ચર ગ્રુપ, વિવિધ સમાજનાં આગેવાનો, પત્રકાર મિત્રો સહિત શુભેચ્છક મિત્રોએ હાર્દિક શ્રદ્ધાંજલિ પાઠવી હતી.